
# રત્ન સંચય

ભાગ-૧



: સંપાદક :

પ.પૂ.આચાર્યશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય

મુનિ રત્નત્રય વિજય

# રત્ન સંચય

## ભાગ-૧

આશીર્વાદ દાતા

**પં.પૂ. કલિકુંડ તીર્થોદ્ધારક**
**આચાર્ય વિજય શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મ.સા.**


● સંપાદક - સંગ્રાહક ●

સ્વ. આચાર્ય વિજય શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.ના
શિષ્યરત્ન આચાર્ય વિજય રત્નાકર સૂરીશ્વરજી મ.સા.ના
શિષ્ય મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.



● પ્રકાશક ●

**શ્રી રંજન વિજયજી જૈન પુસ્તકાલય**
મુ. માલવાડા જિ. જાલોર (રાજ) પિ-૩૪૩૦૩૯

આ પુસ્તક જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈપણ લખાયું હોય

તો મિચ્છામિ દુક્કડમ્

# રત્નસંચય ભાગ-૧

સંપાદક :

પ.પૂ. આચાર્યદેવશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ના

શિષ્ય મુનિ રત્નત્રય વિજયજી

કિંમત : રૂા. ૪૦ (ચાલીસ રૂપિયા)



| આવૃત્તિ | સંવત | નકલ |
|---|---|---|
| પ્રથમ | ૨૦૪૮ | ૧,૦૦૦ |
| દ્વિતિય | ૨૦૪૯ | ૧,૫૦૦ |
| તૃતિય | ૨૦૪૯ | ૧,૦૦૦ |
| ચતુર્થ | ૨૦૫૦ | ૫૦૦ |
| પાંચમી | ૨૦૫૧ | ૧,૫૦૦ |
| છઠ્ઠી | ૨૦૫૧ | ૧,૦૦૦ |
| સાતમી | ૨૦૫૩ | ૩,૦૦૦ |
| આઠમી | ૨૦૫૫ | ૩,૦૦૦ |
| નવમી | ૨૦૫૮ | ૨,૦૦૦ |
| દસમી | ૨૦૬૨ | ૨,૦૦૦ |
| અગ્યારમી | ૨૦૬૪ | ૨,૦૦૦ |
| બારમી | ૨૦૬૬ | ૪,૦૦૦ |

## પ્રાપ્તિસ્થાન

**(રત્નસંચયનાં ચારે ભાગ ગુજરાતી-હિન્દી નીચેનાં સ્થાનેથી મળશે)**

મુંબઈ : **શ્રી મણીલાલ યુ. શાહ**

ડી. 1/203, સ્ટાર ગેલેક્સી, લોકમાન્ય તિલક રોડ,

બોરીવલી (વે.), મુંબઈ-400 092

● ફોન (ઘ) : 28911469 (મો.) 98202 85353

અમદાવાદ : **શ્રી પારસગંગા જ્ઞાન મંદિર**

બી-104, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પીટલ સામે,

શાહીબાગ, અમદાવાદ-380 004.

● ફોન (ઘર) 22860247 (મો.) 94265 39076 (રાજેન્દ્રભાઈ)

**શ્રી જૈન પ્રકાશન મંદિર**

દોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ-380001

● ફોન : 25356806

**રાજેન્દ્રભાઈ એન. શાહ**

બી/3, રત્નધરા એપાર્ટમેન્ટ, ગીરધરનગર બ્રીજ પાસે,

શાહીબાગ, અમદાવાદ-380 004

● ફોન (ઘ) : 22860247 (મો.) 94265 39076

પાલીતાણા : **શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર**

ફુવારાની પાસે, તલેટી રોડ, પાલીતાણા-384270 (સૌરાષ્ટ્ર).

● ફોન : 02848 - 253323

---

*મુદ્રક* :

**નવનીત પ્રિન્ટર્સ**, (નિકુંજ શાહ) 2733, કુવાવાળી પોળ, શાહપુર,

અમદાવાદ-1. મોબાઈલ : 98252 61177 ● 94273 26041

# "યત્કિંચિત્"

મહાસાગરના પેટાળમાં રહેલ રત્નોને પ્રાપ્ત કરવા વર્તમાન યુગમાં માનવી તેણે જીવનની સાર્થકતા માની, સાર્થકતા સિદ્ધિ કરવા પુરૂષાર્થ કરી રહ્યો છે.

કાલક્રમે પુરૂષાર્થનું પરિણામ વિપત્તિની વૃષ્ટિ કરનારૂ સન્મતિ પ્રત્યે દુર્લક્ષ સેવાઇ રહ્યું છે તે વિચાર કરવાનો સમય ન હોવા સાથે ઉપેક્ષા અતિપ્રમાણમાં થઈ રહી છે.

સન્મતિ અને સુસંસ્કારોની જાગૃતિ કરવામાં જિનવાણીનું શ્રવણ અને સત્સાહિત્યનું વાંચન આ ઉભય સામગ્રીજ સહાયક નિવડે.

જિનવાણીનું શ્રવણ તો ગુરૂ ભગવંત વિના પ્રાપ્ત ન થાય પરંતુ સત્સાહિત્ય તો આપણને જ્યારે જરૂર લાગે ત્યારે ઉપલબ્ધ થઈ શકે.

શાસ્ત્રરૂપી સાગરમાં અનેક રત્નો સંગ્રહિત છે તેણે પ્રાપ્ત કરવાં આગમ-ગ્રન્થો, મહાપુરૂષોના જીવન ચરિત્રાદિ પુસ્તકોનો આશ્રય લેવો પડે તે સર્વે ઉપયોગી એક પુસ્તકમાં પ્રાપ્ત થાય તે હેતુથી મુનિશ્રીએ અથાગ પરિશ્રમ કરીને અમૂલ્ય રત્નોનો સંચય કરેલ.

શાસ્ત્રરૂપી અમૂલ્ય રત્નો જિજ્ઞાસુઓના જ્ઞાન વિકાસમાં અને સુસંસ્કારોના ઘડતરમાં સહાયક થાય એજ નમ્રતા.

આ.વિ. રત્નાકરસૂરિ

# અનુક્રમણિકા


| | નામ | પેજ નં. |
|---|---|---|
| | **પહેલો ખંડ** | |
| ૧. | નવકાર ઉતારે ભવપાર | ૧ |
| ૨. | જિનદર્શન તથા પૂજાના રહસ્યો | ૨ |
| ૩. | જિનભક્તિમાં વસેલાં આપણાં પૂર્વજો | ૬ |
| ૪. | ઓળખો અને આદરો | ૭ |
| | **બીજો ખંડ** | |
| ૫. | નવાંગી પૂજાના હેતુઓ | ૯ |
| ૬ | વિરતિના વખાણ | ૧૦ |
| ૭ | કાઉસગ્ગનું ફળ | ૧૨ |
| ૮. | પ્રતિક્રમણનો ઉપદેશ ઉપકરણનું ફળ | ૧૨ |
| ૯. | જૈનધર્મના રહસ્યોનો પ્રાદુર્ભાવ | ૧૫ |
| ૧૦. | કર્મ અને કાળની ઓળખાણ | ૨૫ |
| ૧૧. | નવતત્ત્વનો નીચોડ | ૩૪ |
| ૧૨. | વિવિધ પ્રકારના પ્રશ્નો | ૩૮ |
| | **ત્રીજો ખંડ** | |
| ૧૩. | સંક્ષિપ્ત પ્રશ્નોત્તરી | ૫૦ |
| ૧૪. | બત્રીશ અનંતકાયના નામ | ૫૫ |
| ૧૫. | જૈનશાસનમાં ગુણવાનોનાં ગુણો | ૫૬ |
| ૧૬. | પ્રથમ ભાવોનું પ્રગટીકરણ | ૫૬ |
| ૧૭. | છેલ્લા ભાવોની શોધ | ૫૭ |
| ૧૮. | કોણ ક્યાં છે. | ૫૭ |
| ૧૯. | અતીત ચોવીશીના નામો | ૫૮ |
| ૨૦. | વાસુદેવ બળદેવના નામો | ૫૮ |
| ૨૧. | આઠ પ્રકારના મદ | ૫૯ |
| ૨૨. | શત્રુંજયના એકવીસ નામ | ૫૯ |
| ૨૩. | સોળ સતીના નામ | ૬૦ |
| | **ચોથો ખંડ** | |
| ૨૪. | વીરપ્રભુના ૧૧ ગણધર તથા શિષ્યો | ૬૦ |
| ૨૫. | વીશ સ્થાનકના પદે પદે પદવી | ૬૧ |

૨૬. ચૌદ પૂર્વના નામ ........ ૬૨
૨૭. સાત વ્યસન, આઠ અભવ્ય ........ ૬૨
૨૮. પિસ્તાલીસ આગમના નામ ........ ૬૩
૨૯. નવટુંકની નોંધ ........ ૬૪
૩૦. કૃષ્ણરાજાના પાંચ ભવ ........ ૬૪
૩૧. છ આરાનું સ્વરૂપ ........ ૬૪
૩૨. પૌષધના અઢાર દોષ ........ ૬૫
૩૩. શ્રાવકના ૧૨૪ અતિચાર ........ ૬૫
૩૪. બારવ્રતના નામ ........ ૬૬
૩૫. વીરપ્રભુના કુલ ચાતુર્માસ ........ ૬૬
૩૬. દશ અચ્છેરા ........ ૬૬
૩૭. ઊપવાસ મેળવવાનો કિમીયો ........ ૬૭
૩૮. શ્રાવક સંઘ, ઊપકારી શ્રેણીક રાજા ........ ૬૭
૩૯. રાજગૃહીની જાહોજલાલી ........ ૬૮
૪૦. ન બોલવામાં નવગુણ ........ ૬૯
૪૧. પ્રભુના વર્ષીદાનના અતિશયો ........ ૬૯
૪૨. જ્ઞાનની આશાતનાથી બચો ........ ૭૦

**પાંચમો મંડ**

૪૩. કોણ કેવી રીતે ડુબ્યા, નવ નિન્હવો ........ ૭૦
૪૪. જિન પૂજાથી આઠ કર્મનો નાશ ........ ૭૨
૪૫. સૂત્રના અપરનામ ........ ૭૨
૪૬. બાર પર્ષદા ........ ૭૩
૪૭. ક્યાં રહી સગાઈ ........ ૭૩
૪૮. વીરપ્રભુની ગતિ તથા ઉપાસક રાજાઓ ........ ૭૪
૪૯. ૬૪,૦૦૦ કળશોની નોંધ ........ ૭૪
૫૦. ચોવીશ તીર્થંકરોનો સંઘ પરિવાર ........ ૭૪
૫૧. જિનધર્મથી જોડાયેલા પશુઓ ........ ૭૫
૫૨. સૂત્રોનો ઉપયોગ શું ........ ૭૭
૫૩. સૂત્ર તથા મુદ્રા ........ ૭૭
૫૪. છ આવશ્યક ........ ૭૮
૫૫. આ છે પેથડમંત્રી ........ ૭૮

૫૬. વીશ વિહરમાનના માત-પિતા ........................ ૮૦
૫૭. વીરપ્રભુના દશ સ્વપ્નો ........................ ૮૧
૫૮. સાધ્વી તથા શ્રાવિકાનો ઉપકાર ........................ ૮૧
૫૯. ઉગ્ર તપસ્વીઓ ........................ ૮૨
૬૦. વિક્રમરાજાનો સંઘ ........................ ૮૨
૬૧. ફટાકડા ફોડવાથી બંધાતા કર્મ ........................ ૮૩
૬૨. ચક્રવર્તીના નવ નિધાન ........................ ૮૩
૬૩. રૂપના કારણે સર્જાયેલા નાટકો ........................ ૮૩
૬૪. સાધુના દર્શનથી પુણ્ય ........................ ૮૪

છઠ્ઠો ખંડ

૬૫. કોણ કેવી રીતે વૈરાગ્ય પામ્યા ........................ ૮૫
૬૭. આઠ પ્રભાવક ........................ ૮૫
૬૮. છદ્મસ્થને અદ્રશ્ય ........................ ૮૬
૬૯. વીરપ્રભુના કુટુંબીઓનુ આયુષ્ય ........................ ૮૬
૭૦. દેવો કોંનું અપહરણ ન કરે ........................ ૮૬
૭૧. મોતીની ઉત્પત્તિ ક્યાં ? ........................ ૮૭
૭૨. અનંતી દશ વસ્તુ ........................ ૮૭
૭૩. પુજાથી થયેલા લાભો ........................ ૮૭
૭૪. સ્ત્રીને અપ્રાપ્ય ભાવો ........................ ૮૮
૭૫. કયી ભાવનાથી કોણ વૈરાગ્ય પામ્યા ........................ ૮૮
૭૬. ચક્રવર્તીની ઋદ્ધિ ........................ ૮૮
૭૭. સાતભય ........................ ૮૯
૭૮. પ્રભાવક આચાર્યો સાધુઓની સંખ્યા ........................ ૮૯
૭૯. તેર કાઠીયાની સમજ ........................ ૯૦
૮૦. ભાવ શ્રાવકના છ લક્ષણ ........................ ૯૦
૮૧. કોણ કેવી રીતે કેવળી બન્યા ........................ ૯૧
૮૨. ચોવીશજિનના પુત્ર-પુત્રી ગણધરોની સંખ્યા ........................ ૯૨
૮૩. સિદ્ધિગિરિએ સિદ્ધ થયેલા આત્માઓ ........................ ૯૩
૮૪. કોના સમયમાં કેટલા સંઘપતિઓ ........................ ૯૪
૮૫. આમરાજાનો એક પ્રસંગ ........................ ૯૪
૮૬. સિદ્ધગિરીની વિશેષતા ........................ ૯૪

૮૭. ગિરનાર તીર્થનો મહિમા ............................ ૯૪
૮૮. ભાવિ તીર્થંકરોની યાદી ............................ ૯૫
૮૯. વસ્તુપાળ તેજપાળના સુકૃતો ............................ ૯૬
૯૦. દશપ્રાણ-પર્વદિવસોના નામો ............................ ૯૪
૯૧. ચૌદસ્વપ્નો-ચૌદગુણઠાણા-૧૨
ચક્રવર્તી - ૭ પર્યાપ્તિ - ૭ લેશ્યાના નામો ............................ ૯૭
૯૨. ૨૨ અભક્ષ્ય - ૧૦ કલ્પવૃક્ષ - ૧૨ દેવલોકના નામો ............................ ૯૮
૯૩. શરીર, મહાવ્રત, વિગઇ જ્ઞાન, ચારિત્ર વિ ના નામો ............................ ૯૯
૯૪. પાંચ પ્રકારના પાત્ર ............................ ૧૦૦
૯૫. સત્સંગે સદ્‌યોગની પ્રાપ્તિ ............................ ૧૦૦
૯૬. સત્સંગથી થતાં ૭ લાભો ............................ ૧૦૧
૯૭. ગિરિરાજની ગરિમા ............................ ૧૦૧

## સાતમો ખંડ

૯૮. ગૌરવશાળીઓની ગૌરવગાથાઓ ............................ ૧૦૨
૯૯. પાંચમા આરામાં પ્રગટ થતા ત્રીસ બોલ ............................ ૧૦૭
૧૦૦. અયોધ્યાનગરીનું વર્ણન ............................ ૧૦૮
૧૦૧. વસ્તુપાળ તેજપાળના ભવો ............................ ૧૦૯
૧૦૨. ચોવીશ જિનના પાંચે કલ્યાણકો ............................ ૧૦૯
૧૦૩. આમરાજાની પૌષધશાળા ............................ ૧૧૦
૧૦૪. પ્રભુની વધામણી લાવી આપનારને દાન ............................ ૧૧૧
૧૦૫. પ્રભુનો પ્રમાદકાળ ............................ ૧૧૧
૧૦૬. હરિવંશની ઉત્પત્તિ ............................ ૧૧૨
૧૦૭ વીતરાગની વિશિષ્ટતા ............................ ૧૧૨
૧૦૮. ભાવિ તીર્થંકરો ............................ ૧૧૩
૧૦૯. હોળીનું પ્રાયશ્ચિત ............................ ૧૧૩
૧૧૦. શ્રેણિક રાજાનો પરિવાર ............................ ૧૧૪
૧૧૧ આવતી ચૌવીશીના તીર્થંકરોહાલ ક્યાં છે ............................ ૧૧૫
૧૧૨ નિગોદ જીવોના ભવો ............................ ૧૧૫
૧૧૩ જાણવા જેવું ............................ ૧૧૬
૧૧૪ બાળ બન્યા સૂરીપુરંદર ............................ ૧૧૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।

## પહેલો ખંડ

# નવકાર ઉતારે ભવપાર

- મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે ભાવપૂર્વક નવકાર મંત્રનું ચિંતવન કર્યું હોય તો ચોર, જંગલી પ્રાણી, સર્પ, અગ્નિ, બંધન, રાક્ષસ, સંગ્રામ અને રાજા વગેરેના ભયનાશ પામે.
- બાળકને જન્મતાં નવકાર સંભળાવવામાં આવે તો માનવનું જીવન પીડા રહિત બને અને મરણ સમયે સંભળાવવાથી આત્માની સદ્‌ગતિ થાય છે. જેમ સમળીનો જીવ રાજપુત્રી. અને ચોરનો જીવ યક્ષ થયો. (ઉપદેશ પ્રાસાદ)
- નવકાર મંત્રના જાપનું ફળ ક્રોડ સ્તોત્ર સમાન છે અને એક સ્તોત્ર ક્રોડ પૂજા સમાન છે.

  ક્રોડો સ્તોત્રસમાન એક જાપ

  ક્રોડો જાપ સમાન એક ધ્યાન

  ક્રોડો ધ્યાન સમાન એક લય (લય એટલે ચિત્તની એકાગ્રતા)
- નવકારના એક જ અક્ષરનો જાપ સાત સાગરોપમનું પાપ હણે છે.
- નવકારના એકજ પદનો જાપ પચાસ સાગરોપમનું પાપ હણે છે.
- સંપૂર્ણ નવકારનો જાપ પાંચસો સાગરોપમનું પાપ હણે છે.
- વિધિપૂર્વક પૂજા કરતાં એક લાખ નવકારનો જાપ નિઃસંદેહ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરાવે છે.
- ૮૦૮૦૮૮૦૮ નવકાર મંત્ર ગણનાર પ્રાણી ત્રીજે ભવે ચોક્કસ શાશ્વત સુખનો ભોક્તા થાય છે.
- કમળબંધથી ૧૦૮ નવકારનો જાપ કરનાર પ્રાણી ભલે ભોજન કરતો હોય છતાં નિરંતર ઉપવાસના ફળને મેળવે છે.
- 'અરિહંત-સિદ્ધ-આચાર્ય ઉવજ્ઝાય સાહુ' એ ૧૪ અક્ષરનો જાપ બસો વાર કરવાથી એક ઊપવાસનું ફળ મળે છે.

- 'અરિહંત સિદ્ધ' એ છ અક્ષરનો ૪૦૦ વાર જાપ કરવાથી અને માત્ર 'અ' એકજ અક્ષરનો નિરંતર જાપ કરવાથી એક ઉપવાસનું ફળ મળે છે.
- તર્જની આંગળી વડે નવકારવાળી ગણવાથી મુક્તિ સુખનો ભોગી બને છે. મધ્યમા આંગળી વડે ગણનાર દ્રવ્યાદિકનો ભોગી બને છે અનામિકા આંગળી વડે ગણનાર ગૃહશાંતિનો ભોગી બને છે. કનિષ્ઠા આંગળી વડે ગણનાર શત્રુને નમાવનાર બને છે ! સૂચના - નવકારવાળી અંગુઠા પર રાખી હાથની બીજી આંગળી વડે ગણી શકાય છે. નવકારવાળી ગણતાં મેરુનું ઉલ્લંઘન કરવું નહિ તથા મણકાને નખ ન લગાડવો.

(ધર્મસંગ્રહ)

## જિનદર્શન તથા પૂજા ના રહસ્યો

**૧. જિન કોને કહેવાય ?**

જ. ચારે પ્રકારના કર્મોને જીતેલા હોય તે જિન.

**૨. જિન દર્શન શા માટે ?**

જ. પોતાના આત્માની શુદ્ધિ કરવા માટે.

**૩. જિન પૂજા કેટલા પ્રકારની તથા તેના નામ કહો ?**

જ. જિન પૂજા અષ્ટપ્રકારની છે. જળ, ચંદન અને ફુલ એ અંગપૂજા તથા ધૂપ, દીપક, અક્ષત, નૈવેદ્ય તથા ફળ પૂજા એ અગ્ર પૂજા.

**૪. પૂજા કરવામાં વસ્ત્રો કેવા વાપરવા ?**

જ. પુરુષોને ઉત્તમ પ્રકારનાં સારામાં સારા ગણાતા એવા શુદ્ધ બે વસ્ત્રો (સીવેલાં વગરના) વાપરવા જોઈએ. (નિશીથ સૂત્ર)

**૫. આપણા મસ્તક ઉપર ચાંદલો કેવો તથા શા માટે ?**

જ. પ્રભુની આજ્ઞા પાળી મોક્ષે જવા માટે દીપ શિખા આકારવાળો ચાંદલો કરાય.

**૬. દેરાસર જતાં નિસિહી શબ્દ ક્યાં તથા શા માટે બોલાય ?**

જ. **પ્રથમ નિસીહિ** દેરાસરનાં મુખ્ય બારણે પ્રવેશ કરતા ત્રણવાર બોલવાની, સંસારી કાર્યોના નિષેધ માટે **બીજી નિસીહિ**, ગભારામાં પ્રવેશતાં દેરાસર સંબંધી કાર્યનો ત્યાગ કરવા માટે, **ત્રીજી નિસીહિ**-અષ્ટપ્રકારી પૂજા કર્યા પછી ચૈત્યવંદન કરતા પહેલાં દ્રવ્ય પૂજાના ત્યાગ માટે. તેથી ચૈત્યવંદન કર્યા પછી દ્રવ્ય પૂજા ન થાય.

**૭. પૂજા કરતાં પહેલા કેટલા પ્રકારની શુદ્ધિ તથા તેના નામ કયા ?**

જ. સાત પ્રકારની શુદ્ધિ જોઈએ. અંગ, વસ્ત્ર, મન, ભૂમિ, ઉપકરણ, દ્રવ્ય તથા વિધિશુદ્ધિ.

**૮. પ્રભુને કેટલા અંગે પૂજા તથા કેટલા તિલક કરવાના અને અંગના નામ કયા ?**

જ. નવઅંગે પૂજા થાય. (૧) જમણો અંગુઠો/ડાબો અંગુઠો. ૨) જમણો ઢીંચણ/ડાબો ઢીંચણ. ૩) જમણા કાંડે/ડાબા કાંડે ૪) જમણા ખભે/ડાબા ખભે. ૫) મસ્તક શીખાએ. ૬) લલાટે. ૭) કંઠે. ૮) હૃદયે. ૯) નાભિએ. કુલ તેર તિલક થાય.

**૯. દ્રવ્ય પૂજા કોને કહેવાય ?**

જ. ઉત્તમ દ્રવ્યોથી કરવામાં આવતી પરમાત્માની પૂજા તથા સમર્પણ

**૧૦. ભાવપૂજા કોને કહેવાય ?**

જ. પરમાત્મા સામે કરાતાં સ્તુતિ ચૈત્યવંદન, સ્તવન, ગીત-ગાન ભાવપૂજા કહેવાય.

**૧૧. સાથીયો અક્ષતનો કેમ ?**

જ. ચોખા વાવ્યાથી ફરી ઉગતા નથી. આપણે પણ ફરી જન્મ લેવો ન પડે માટે. અક્ષત પૂજાથી અક્ષયસુખ પ્રાપ્ત થાય.

**૧૨. સાથીયો શા માટે કરવાનો ?**

જ. સંસાર ભ્રમણની ચારે ગતિને દૂર કરવા માટે.

**૧૩. નૈવેદ્ય પૂજા શા માટે ?**

જ. અણહારી પદ મેળવવા માટે. તથા આહાર સંજ્ઞા ઊપર કાબુ રાખવા માટે.

**૧૪. ફલ પૂજા શા માટે ?**

જ. પૂજાનું અંતિમ ફલ મોક્ષ છે. તેને પ્રાપ્ત કરવા માટે.

**૧૫. દર્પણ પૂજા શા માટે ?**

જ. પ્રભુનું મુખ જોઈને પ્રભુ જેવા વીતરાગી બનવા માટે.

**૧૬. ચામર પૂજા શા માટે ?**

જ. પ્રભુની સમક્ષ ભક્તિ-બહુમાન પ્રગટ કરવા માટે.

**૧૭. દેરાસર જવાથી શું લાભ થાય ?**

જ. માત્ર ઈચ્છા કરવાથી-એક ઉપવાસનું ફળ મળે.
જવા માટે ઉભા થવાથી - બે ઉપવાસનું ફળ મળે.
માત્ર પગ ઉપાડવાથી - ત્રણ ઉપવાસનું ફળ મળે.
જિનાલય તરફ ચાલવાથી - ચાર ઉપવાસનું ફળ મળે.
જિનાલય જવા અડધુ ચાલવાથી - પંદર ઉપવાસનું ફળ મળે.
જિનાલય દેખાય ત્યાં - એક માસના ઉપવાસનું
જિનાલય પહોંચે ત્યાં - છ માસના ઉપવાસનું
જિનાલયના દ્વાર પાસે આવતા - એક વર્ષના ઉપવાસનું
પ્રદક્ષિણાં દેતા - સો વર્ષના ઉપવાસનું
પૂજા કરતાં - હજાર વર્ષના ઉપવાસનું
સ્તુતિ - સ્તવન કરતા - અનંતગણું ફળ મળે
(પદ્મ ચરિત્રમાં)

**૧૮. અષ્ટમંગલના નામ જણાવો ?**

જ. ૧. દર્પણ. ૨. ભદ્રાસન. ૩. વર્ધમાન. ૪. શ્રીવત્સ. ૫. મીનયુગલ. ૬. કળશ. ૭. સ્વસ્તિક. ૮. નંદાવર્ત.

**૧૯. વચ્ચે જિનાલય આવતા 'નમોજિણાણં' ન કહીયે તો શાનું પ્રાયશ્ચિત આવે ?**

જ. છઠ તપનું.

**૨૦. પ્રભુ આગળ સ્તુતિ સ્તવન કેવા બોલાય ?**

જ. જેમાં પ્રભુના કલ્યાણકોનું વર્ણન આવતું હોય. પૂર્વાચાર્યોએ બનાવેલા હોય. પરમાત્મા ના ગુણોનું વર્ણન હોય અને જેમાં ભક્તના દુઃખ

અને દુર્ગુણોનું પણ વર્ણન આવતું હોય.

**૨૧. ત્રિકાલ જિનપૂજા ક્યા ક્યા સમયે થાય ?**

જ. ૧) સવારે સૂર્યોદય પછી. ૨) બપોરે દિવસના મધ્યભાગે. ૩) સાંજે સૂર્યાસ્ત પહેલાં.

**૨૨. પુષ્પ પૂજા શા માટે ?**

જ. હે પ્રભુ ! આપના અંગે ચઢતા પુષ્પને જેમ ભવ્યત્વની છાપ મળે છે. તેમ મને સમ્યક્ત્વની છાપ મળો.

**૨૩. ધૂપ પૂજા શા માટે ?**

જ. જેમ ધૂપની ઘટાઓ ઊંચે જાય છે તેમ મારે પણ ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરવી છે.

**૨૪. દીપક પૂજા શા માટે ?**

જ. હે પ્રભુ ! આપની પાસે દ્રવ્યદીપકનો પ્રકાશ ધરીને મારા અંતરમાં કૈવલ્ય જ્ઞાનરૂપી દીપક પ્રગટે એવી યાચના કરૂં છું.

**૨૫. મુખકોષ કેવો બાંધવો ?**

જ. આપણા શ્વાસોશ્વાસ પ્રભુ ઉપર લાગી ન જાય તેવી રીતે ખેસના આઠ પડ કરીને મોં તથા નાક બરાબર બંધ કરવા. બહેનોએ રેશમી રૂમાલ બાંધવો.

**૨૬. પૂજાના કપડા સામાયિક પ્રતિક્રમણમાં વપરાય કે નહિ ?**

જ. સામાયિક પ્રતિક્રમણમાં વપરાય નહીં. ફક્ત પ્રભુની પૂજા તથા ચૈત્યવંદનાદિ વિધિ ચાલે ત્યાં સુધી જ રખાય.

| | સુખડીનો કાળ | પાણીનો કાળ | કાંબળીકાળ |
|---|---|---|---|
| કા.સુ.૧૫ થી ફા. સુ.૧૪ સુધી | ૧ માસ | ૪ પ્રહર (અંદાજ-૧૨ કલાક) | ૪ ઘડી |
| ફા.સુ.૧૫ થી અ.સુ. ૧૪ સુધી | ૨૦ દિવસ | ૫ પ્રહર (અંદાજ૧૫ કલાક) | ૨ ઘડી |
| અ.સુ.૧૫ થી કા.સુ. ૧૪ સુધી | ૧૫ દિવસ | ૩ પ્રહર (અંદાજ ૯ કલાક) | ૬ ઘડી |

# જિનભક્તિમાં વસેલા આપણાં પૂર્વજો

- પાલનપુર નગરમાં રોજ ૫૬ મણ ચોખા અને ૧૫ મણ સોપારી જિનાલયમાં આવતી તથા જિનાલયને જુહારવા રોજ ૮૪ શેઠીયાઓ પાલખીમાં બેસીને આવતા.

## કુમારપાલ રાજાની અપૂર્વ જિનભક્તિ

- કુમારપાલ રાજા ત્રિભુવનપાલ વિહારમાં દરરોજ ૭૨ સામન્તો તથા ૧૮૦૦ કોટયાધિપતિઓ સાથે અષ્ટપ્રકારી પૂજા કરતા હતા. કુમારપાલ રાજા દરરોજ પોતે બનાવેલા ૩૨ જિનાલયમાં ચૈત્ય પરિપાટી કર્યા પછી ભોજન કરતા. કુમારપાલરાજાએ ૧૪૪૪ નવા જિનબિંબો ભરાવ્યા. ત્રિભુવનપાલ વિહારમાં ૨૪ પ્રતિમાજી ચાંદીના તથા ૧૨૫ ઇંચની મૂળ નાયક શ્રી નેમનાથ પ્રભુની પ્રતિમા રીષ્ટ રત્નોમાંથી ભરાવી. એકજ જિનાલયમાં છન્નુક્રોડ સોના મહોરો વાપરી.
- લંકેશ્વર રાવણને ત્યાં પણ ગૃહ મંદિર હતું. જેમાં નીલરત્નની બનેલી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમા હતી. તેની રોજ ભક્તિ કરતો. રાજા રાવણે અષ્ટાપદ પર્વત ઉપર જિનની ભક્તિ કરતા કરતા તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.
- હંસરાજ ધારુનો દીકરો જગડું. જેને સિદ્ધાચલ તીર્થ ઉપર સવાક્રોડ મૂલ્યવાળું માણિકય આપી તીર્થમાળા પહેરી હતી.
- સૂરીસમ્રાટ બપ્પભટ્ટી સૂરીશ્વરજી મ.સા. દરરોજ આકાશગામિની વિદ્યા વડે, સિદ્ધાચલ, ગિરનાર,મથુરા, ભરુચ તથા ગોપાલગિરીના દર્શન કરીને આહાર પાણી કરતા હતા.
- આબુની પાસે આવેલા ઉવર ગામના રહેવાસી પારસશા ના પુત્ર દેસલ શાહે ૧૪ ક્રોડ સોનામહોરો ખરચી શત્રુંજયાદિ સાત તીર્થોની યાત્રા કરી હતી.
- શ્રેણીક મહારાજ દરરોજ જે દિશામાં પ્રભુ વિચરતાં તે દિશામાં સાત ડગલા આગલ જઇ સોનાનાં જવનો સાથિયો કરતા.

- સંપ્રતિ મહારાજ દરરોજ એક જિનાલયના ખાતમુહૂર્તના સમાચાર સાંભળ્યા પછી જ ભોજન કરતા.

## વસ્તુપાલ તેજપાલે કરેલી જિન ભક્તિ

- વસ્તુપાલ તેજપાલે આબુની ધરતી ઉપર ૧૨,૫300,000 દ્રવ્ય ખર્ચી જિનાલય બંધાવ્યું જેનું નામ 'લુણિગવસહી' છે.
- શત્રુંજય ઉપર ૧૮ કરોડ ૮૬ લાખ દ્રવ્ય વાપર્યું.
- ગીરનાર ઉપર૧૨ કરોડ ૮0 લાખ દ્રવ્ય વાપર્યું સર્વ તીર્થોમાં સોનાના અલંકારો ભેટ આપ્યા.
- પેથડમંત્રીએ ૮૪ જિનમંદિર બનાવ્યા તથા ૫૬ ધડીસોનું ગિરનાર ઉપર અને ૨૧ ધડીસોનું શત્રુંજય ઉપર ચડાવો લઈ પૂજા કરી હતી.
- થરાદના આભુ સંઘવી એ શત્રુંજયના સંઘમાં ૧૨ ક્રોડ સોના મહોરો ખર્ચી હતી. ૬ લાખ 30 હજાર પુસ્તકો લખાવ્યા. તથા 300 સાધર્મિકોને પોતાના સરખા બનાવ્યા.
- જિનાલયમાં વપરાતાં ઉપકરણોના નામ ?
  વિનય, વિવેક પૂર્વક પ્રભુની પૂજા કરવી તે મુખ્ય આભૂષણ છે. તથા કળશ, થાળી વાટકી, અંગલૂછણા કેશર, બરાસ, મોરપીછી, ચામર વગેરે..
- પ્રભુને પ્રદક્ષિણા શા માટે દેવાની ?
  દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ માટે તથા સંસારના ૮૪ લાખ ફેરા ટાળવાં માટે.

## ઓળખો અને આદરો

- સાધર્મિક - આપણા સમાન ધર્મવાળા સર્વ સાધર્મિક કહેવાય. તેને આપણા ઘરે લાવી બહુમાન પૂર્વક ભક્તિ કરવી તેની પરિસ્થિતી સુધરે તથા આપણા ધર્મમાં આગળ વધે.
- સ્નાત્રપૂજા - એટલે પ્રભુના જન્માભિષેકનું વર્ણન જેમાં આવે તેવું વર્ણન કરતા હૃદયથી ઉત્પન્ન થયેલો ભાવ ઉલ્લાસને વધારે છે.તેથી

આપણો મોહનીય કર્મ નાશ પામે છે. વિકારભાવ ઓછો થાય છે. સ્નાત્ર પૂજાના રચયિતા વીરવિજયજી મ.સા. છે.

- ઉપધાનતપ - જૈન શાસનનમાં વિધિપૂર્વક કોઈપણ સૂત્રને ગ્રહણ કરવું તેનું મહત્વ વધારે છે. ઉપધાન તપમાં વિધિપૂર્વક તપ સાથે ગુરુ પાસે સૂત્ર ગ્રહણ કરવામાં આવે છે. માટે ઉપધાન તપ કરવું જોઈએ.
  ઉપધાનતપમાં : ૧ લાખ - નવકાર મંત્રનો જાપ
  ૧૨૦૦ - બૃહદ્ ગુરૂવંદન
  ૮૦૦૦ - લોગસ્સ          ૧૫૦૦ - નાના - મોટા દેવવંદન
  ૯૦૦૦ - ખમાસમણા     ૪૭-દિવસની અખંડ પૌષધની આરાધના
- જૈન પાઠશાળા - એટલે જેમાં સમ્યગ્જ્ઞાનનું પાન થાય તથા ઉત્તમ સંસ્કારોનું સિંચન થાય એનું નામ પાઠશાળા જયાં આગળ જૈન ધર્મનું રહસ્ય સમજી શકાય છે.
- જિના ામ - એટલે પ્રભુએ ભાખેલ તત્ત્વોનો ગણધર ભગવંત દ્વારા કરાયેલ સંગ્રહ જેના આધારે આપણે આજે જિનવાણીને સાંભળીને સ્વ- પરના કલ્યાણ કરી શકીએ છીએ.
- ઉદ્યાપન - એટલે જેમાં જ્ઞાન દર્શન તથા ચારિત્રના ઉપકરણો મૂકવામાં આવે. તથા જેનાથી જ્ઞાન દર્શન ચારિત્રની અપૂર્વ ભક્તિનો લાભ મળે છે. તેનાથી આપણું સમક્તિ નિર્મળ થાય છે.
- મૌન એકાદશી - એ આપણા જૈન ધર્મનો મહાન પર્વનો દિવસ છે. જે દિવસે શ્રી મલ્લિનાથ, અરનાથ, નમિનાથના કલ્યાણક થયા છે. એ દિવસે ઉપવાસથી ૧૫૦ ઉપવાસનો લાભ મળે છે. તથા ૧૫૦ કલ્યાણકની ૧૫૦ નવકારવાળી ગણવાની હોય છે.
- જ્ઞાન પંચમી - એ આપણો એક મહાપર્વનો દિવસ છે. જે જ્ઞાનની આરાધના માટે તથા જ્ઞાન વૃદ્ધિ માટે એ દિવસની ખાસ આરાધના કરવાની હોય છે. એ દિવસે પાંચે જ્ઞાનની આરાધના થાય છે. પાંચ વરસ તથા પાંચ માસ સુધી દર સુદ પાંચમે ઉપવાસ વિગેરે કરવાથી જ્ઞાન પંચમીની આરાધનાનો લાભ થાય છે.
- દીપાલિકા પર્વ - એ દિવસે આપણા આસન્ન ઉપકારી વીર પ્રભુનું

નિર્વાણ કલ્યાણક તથા ગૌતમ સ્વામીનું કેવલજ્ઞાન કલ્યાણક થયેલ છે. એ દિવસે છઠ અઠમ ઉપવાસ કરવાથી લાખકોડી ગણું ફળ પ્રાપ્ત થાય છે.

- ખાસ વાંચોઃ વીર પ્રભુ આપણા આસન્ન ઉપકારી કહેવાય. તથા અત્યારે વીરપ્રભુનુ શાસન ચાલે છે. તો વીર પ્રભુના પાંચે કલ્યાણકના દિવસે છઠ્ઠ - અઠ્ઠમ ઉપવાસ કરવાથી ક્રોડ ગણુ ફળ પ્રાપ્ત થાય છે.

## બીજો ખંડ

# નવાંગી પૂજાના હેતુઓ (કારણો)

**૧. ચરણ અંગુઠે પૂજા શા માટે ?**

ભગવાન કૃતાર્થ થયા પછી પણ ચરણો દ્વારા વિચરી વિચરીને લોકો ઉપર અત્યંત ઉપકાર કર્યો હતો માટે.

**૨. ઢીંચણ ઉપર પૂજા શા માટે ?**

ઢીંચણના બળે સંપૂર્ણ છદ્મસ્થ પર્યાયમાં ઉભા રહી પરિષહ વિગેરને સહન કર્યા હતા માટે.

**૩. કાંડા ઉપર પૂજા શા માટે ?**

તેના દ્વારા પરમાત્માએ દાન આપી જગતનું દ્રવ્ય દારિદ્ર દૂર કર્યું હતું.

**૪. ખભા ઉપર પૂજા શા માટે ?**

લોકને ઉપાડવાની શક્તિ હોવા છતાં સામાન્ય ગોવાળીયા જેવાના પણ ઉપસર્ગના પ્રસંગે ખભા ઊંચા કરી અભિમાન ન કર્યું. અને આપણામાંથી અભિમાન ચાલ્યું જાય માટે.

**૫. મસ્તક ઉપર પૂજા શા માટે ?**

પ્રભુ લોકના ઉચ્ચ સ્થાનને પામ્યા છે તે ઉચ્ચ સ્થાનને પ્રાપ્ત કરવા પ્રભુના મસ્તકે પૂજા કરવી જોઈએ.

**૬. લલાટે પૂજા શા માટે ?**

પ્રભુ ત્રણ ભુવનમાં તિલક સમાન છે. તેમની ભક્તિ કરી આપણે પણ એવા લલાટને પ્રાપ્ત કરવા માટે.

**૭. પ્રભુના કંઠે પૂજા શા માટે ?**

પ્રભુએ કંઠ દ્વારા દેશના આપી ભવ્ય જીવોના દુઃખ દૂર કર્યા હતા માટે.

**૮. પ્રભુના હૃદય ઊપર પૂજા શા માટે ?**

ઊપકારી અને અપકારી ઊપર હૃદયથી સમભાવ રાખ્યો તેવું હૃદય પ્રાપ્ત કરવા માટે.

**૯. નાભિ ઉપર પૂજા શા માટે ?**

નાભિના આઠ પ્રદેશ કર્મથી રહિત છે. તેની પૂજા દ્વારા આપણા સર્વ પ્રદેશો કર્મ રહિત થાય માટે.

## વિરતિના વખાણ

**૧૦. સામાયિકનો અર્થ શું ?**

જેમાં સમતાનો લાભ થાય તે સામાયિક.

**૧૧. સામાયિકના કેટલા પ્રકારના તથા કયા ?**

સામાયિકના ચાર પ્રકાર-શ્રુત સામાયિક, સમકિત સામાયિક, દેશવિરતિ તથા સર્વ વિરતિ.

**૧૨. સામાયિક કઈ કઈ જગ્યાએ કરાય ?**

૧. પૌષધશાળા, ૨. ઘરમાં જયાં એકાંત હોય ત્યાં,
૩. ચૈત્યશાળામાં અને ૪. સાધુ-સાધ્વીજી ઉતર્યા હોય ત્યાં. સામાયિક કરવાનું.

**૧૩. વીર પ્રભુએ કયા શ્રાવકનું સામાયિક વખાણ્યુ હતું ?**

પુણીયા શ્રાવકનું.

**૧૪. ગૌતમસ્વામીએ કેટલા તાપસોને કરેમિ ભંતે ઉચ્ચરાવ્યું હતું ?**

૧૫૦૩ તાપસોને.

**૧૫. સામાયિકના કેટલા દોષ તથા કયા ?**

સામાયિકના ૩૨ દોષ

| દશ મનના... | દશ વચનના |
| --- | --- |
| ૧. શત્રુને જોઈ દ્વેષ કરવો. | ૧. ખરાબ વચન બોલવા. |
| ૨. અવિવેક ચિંતવો. | ૨. હુંકારા કરવા. |
| ૩. તત્વનો વિચાર ન કરવો. | ૩. પાપ કર્મનો આદેશ આપવો. |
| ૪. મનમાં ઉદ્વેગ ધારણ કરવો. | ૪. લવારો કરવો. |
| ૫. યશની ઈચ્છા કરવી. | ૫. કલેશ કરવો. |
| ૬. વિનય ન કરવો. | ૬. આગતા સ્વાગતા કરવી. |
| ૭. ભય ચિંતવવો. | ૭. ગાળ દેવી. |
| ૮. વ્યાપાર ચિંતવવો. | ૮. બાલક ને રમાડવું. |
| ૯. ફલનો સંદેહ રાખવો. | ૯. વિકથા કરવી. |
| ૧૦. ફલની ઈચ્છા રાખી ક્રિયા કરવી. | ૧૦. હાંસી મશ્કરી કરવી. |

## બાર કાયાના

૧. આસન વારંવાર ફેરવવું.
૨. ચારે બાજુ જોયા કરવું.
૩. પાપ કર્મ કરવું.
૪. આળસ મરડવી.
૫. અવિનયથી બેસવું.
૬. ભીંત વિગેરેનો ઓથીંગ દઈ બેસવું.
૭. શરીરનો મેલ ઉતારવો.
૮. ખણઝ ખણવી.
૯. પગ ઉપર પગ ચડાવવો.
૧૦. કામવાસનાથી અંગ ઉઘાડા કરવા.
૧૧. જંતુઓના ઉપદ્રવથી અંગ ઢાકવું.
૧૨. ઊંઘવું.

**૧૬. એક ઈરિયાવહીમાં કેટલા પ્રકારે મિચ્છામિ દુક્કડમ્ અપાય ?**

જ. અઢાર લાખ ચોવીશ હજાર અને એકસો વીસ પ્રકારે

**૧૭. પ્રતિક્રમણ એટલે શું ?**

જ. પાપોથી પાછા હઠવું.

**૧૮. પ્રતિક્રમણ કેટલા પ્રકારના તથા કયા ?**

જ. પ્રતિક્રમણ પાંચ પ્રકારના દેવસી, રાઈ, પક્ખી, ચૌમાસી અને સંવચ્છરી.

**૧૯. ગૃહસ્થના છ કર્તવ્ય કયા ?**

જ. દેવપૂજા, ગુરૂવંદના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન.

**૨૦. પૌષધમાં કેટલા પ્રકારના પચ્ચકખાણ તથા કયા ?**

જ. ચાર પ્રકારના પચ્ચકખાણ હોય છે.
આહાર પૌષધ, શરીર સત્કારપૌષધ,
બ્રહ્મચર્ય પૌષધ, અવ્યાપાર પૌષધ.

**૨૧. મુહપત્તિનું પ્રમાણ કેટલું ?**

જ. પોતાના એક વેંતને ચાર આંગલ પ્રમાણ

## કાઉસગ્ગનું ફળ

૧. શુદ્ધ ભાવે શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કરનાર આત્મા ૨૪૫૦૮ પલ્યોપમથી કંઈક અધિક દેવલોકનું આયુષ્ય બાંધે છે.

૨. આઠ શ્વાસોશ્વાસ એટલે સમગ્ર નવકારના કાઉસગ્ગે કરી ૧૯૬૩૨૬૭ પલ્યોપમનું દેવાયુ બાંધવા જીવ શક્તિ ધરાવે છે.

૩. પચીસ શ્વાસોચ્છવાસ એટલે 'ચંદેસુનિમ્મલયરા' સુધી કાઉસગ્ગ કરનાર આત્મા ૬૧૩૫૨૧૦ પલ્યોપમનું દેવ આયુષ્ય બાંધે છે.

## પ્રતિક્રમણનો ઉપદેશ કે ઉપકરણો આપવાનું ફળ

- દશ હજાર ગાયોનું એક ગોકુલ કહેવાય. આવા દશહજાર ગોકુલની ગાયો દાનમાં આપવાથી જે પુણ્ય થાય તેટલું પુણ્ય કોઈને પ્રતિક્રમણનો ઉપદેશ આપવામાં થાય છે.
- ચોરાશી હજાર દાનશાળાઓ બંધાવતા જે પુણ્ય થાય તેટલું પુણ્ય ગુરુને દ્વાદશાવર્ત વંદન કરવાથી થાય છે.

- ૫,૫૦૦ સોનૈયા ખર્ચીને જીવાભિગમ, પન્નવણા, ભગવતી સૂત્ર આદિ આગમો લખાવવાથી જેટલું પુણ્ય થાય તેટલુ મુહપત્તિ આપવાથી પુણ્ય થાય છે. (અથવા)
- ૫,૫૦૦ ગર્ભવંતી ગાયોને અભયદાન આપતાં જે પુણ્ય થાય. તેટલું પુણ્ય એક મુહપત્તિ આપનાર મેળવી શકે છે.
- ૨૫,૦૦૦ શિખરબંધી જિનાલય બંધાવવાથી જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય બંધ ચરવળો આપનાર બાંધી શકે છે.
- માસખમણની તપસ્યા કરે અથવા જીવરક્ષા માટે ક્રોડ પિંજર (પાંજરા) કરાવે. તેમાં જેટલું પુણ્ય બાંધે તેટલું પુણ્ય જીવ એક કટાસણું આપવામાં બાંધે.
- પાંચસો ધનુષ પ્રમાણવાળી ૨૮ હજાર પ્રતિમા ભરાવતાં જે પુણ્ય થાય છે. તેટલું પુણ્ય એક વખત ઈરિયાવહી કરતાં થાય છે.
  (આવશ્યક સૂત્રની ઋજુગતી સૂત્રમાં)
- એક લાખ યોજન પ્રમાણ જંબુદ્વીપમાં જેટલાં પર્વતો છે તે બધાંય કદાપિ સોનાના થઈ જાય. અને જંબુદ્વીપમાં જેટલી રેતી છે તે રેતીના સર્વ કણીયા કદાપિ રત્નો બની જાય અને એ બધાનું કોઈ દાન કરે. તો પણ એક દિવસમાં લાગેલ પાપની શુદ્ધિ થઈ શકતી નથી.
- મુહપત્તિ કે ચરવળા વિના સામાયિક વગેરે કોઈ પણ ક્રિયા થાય જ નહિ. એવી જિનાજ્ઞા છે. માટે ચરવળો ન રાખવો એ આજ્ઞા ભંગનો મહાન દોષ છે.
- કટાસણું ત્રસકાય જીવોના રક્ષણ માટે ઉનનું રાખવું જોઈએ. તેનું માપ ૨૪×૨૧નું હોય છે.
- સામાયિક પ્રતિક્રમણાદિમાં શ્રાવકને જયણાનું સાધન ચરવળો છે.
- દર્શન, પૂજન, ગુરૂવંદના આદિ ક્રિયાઓમાં જયણાનું સાધન ઉત્તરાસણ (ખેશ)

**૧૪. ચરવલાનું પ્રમાણ કેટલું ?**

જ. પોતાના હાથ પ્રમાણ (૨૪ અંગુલ દાંડી, ૮-અંગુલ દશીઓ)

**૧૬. રાત્રે ગુરુ મહારાજ પાસે જઈએ ત્યારે શું બોલવાનું?**

જ. ઉપાશ્રયમાં જતી વખતે મત્થએણવંદામિ અને નીકળતી વખતે ત્રિકાલવંદના બોલાય.

**૧૭. તપ સાથેનો જ પૌષધ કરવાથી કેટલું ફળ મળે ?**

જ. જે મણિ જડિત સુવર્ણના પગથીયાવાળું, હજાર થાંભલાવાળુ ઊંચુ, સોના ળીયાવાળું શ્રી જિનમંદિર બનાવે. તેનાં કરતા પણ તપ સાથેના પૌષધનું ફળ વધી જાય છે.

**૧૮. એક સામાયિકમાં કેટલો લાભ ?**

જ. લાખ ખાંડી સોનાની લાખ વર્ષ સુધી દાન આપીએ તો પણ એક સામાયિક તોલે ન આવે. (એક ખાંડી = ૨૦ મણ)

**૧૯. કુમારપાલ રાજાએ પૌષધમાં શું સહન કર્યું ?**

જ. કાઉસગ્ગમાં મંકોડો ચોટી જતાં ચામડી ઉખેડીને મંકોડાને અભયદાન આપ્યું.

**૨૦. વીરપ્રભુના નિર્વાણ સમયે કઈ જગ્યાએ કેટલા રાજાએ પૌષધ કર્યા ?**

જ. દીવાળી પર્વમાં પાવાપુરીમાં પ્રભુના નિર્વાણ સમયે નવ લચ્છી નવમલ્લી ગણના રાજાઓ એ આહાર પૌષધ કર્યા હતા.

**૨૧. એક પૌષધમાં કેટલો લાભ થાય ?**

જ. ૧ દિવસના પૌષધમાં ૨૭ અબજ, ૭૭ ક્રોડ, ૭૭ લાખ, ૭૭ હજાર અને ૭૭૭ પલ્યોપમથી અધિક દેવલોકના આયુ:નો બંધ થાય.

**૨૨. સાત ક્ષેત્રના નામ જણાવો ?**

જ. ૧) જિનપ્રતિમા, ૨) જિનાલય, ૩) જિનાગમ, ૪) સાધુ, ૫) સાધ્વીજી, ૬) શ્રાવક, ૭) શ્રાવિકા.

**૨૩. સાધુના ઉપકરણોના નામ ?**

જ. રજોહરણ, મુહપત્તિ, દાંડો, ડંડાસણ, આસન, સંથારીયુ, ઉતરપટ્ટો, પાતરા, ચેતનો, તરપણી, ચોલપટ્ટો, કામળી, કપડા વિગેરે.

**૨૪. શુદ્ધિપૂર્વક એક સામાયિકથી કેટલાં દેવલોકનું આયુઃ બંધાય ?**

જ. એક સામાયિકમાં બાણુંક્રોડ ઓગણસાઠ લાખ પચીસ હજાર અને નવસોપચીસ ઉપર એક તૃતીયાંશ સહિત આઠ નવમાંશ પલ્યોપમનું આયુષ્ય બંધાય. (૯૨, ૫૯, ૨૫, ૯૨૫. ૮/૯+૧/૩) એ એક

સામાયિકનું ફળ છે.

**૨૫. સવારનું રાઈ પ્રતિક્રમણ કેટલા વાગ્યા સુધી થાય ?**

જ. રાઈ પ્રતિક્રમણ આવશ્યક સૂત્રની ચૂલિકાના અભિપ્રાયે સૂર્યોદય પછી પોણા પ્રહર સુધી અને વ્યવહારસૂત્રના અભિપ્રાયે મધ્યાહન સુધી કરી શકાય છે.

# જૈન ધર્મના રહસ્યોનો પ્રાદુર્ભાવ

**૧. શાશ્વતા સૂત્ર કયા ?**

જ. નવકાર મંત્ર, કરેમિભંતે, નમુત્થુણં

**૨. નવકાર મંત્રનું આગમિક નામ શું ?**

જ. પંચ મંગલ મહાશ્રુત સ્કંધ. સર્વ સૂત્રોમાં સમાયેલો હોવાથી (ભગવતી સૂત્ર)

**૩. સવારે ૮ નવકાર તથા સાંજે સાત નવકાર શા માટે ગણવાના ?**

જ. આઠ કર્મના ક્ષય માટે આઠ નવકાર, તથા સાત ભયને દૂર માટે. સાત નવકાર.

**૪. આઠ પ્રાતિહાર્યના નામ જણાવો ?**

જ અશોક વૃક્ષ, સુરપુષ્પ વૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દુંદુભિ, છત્રત્રય.

**૫. દશ શ્રાવકના નામ લખો ?**

જ. ૧. આનંદ ૨. કામદેવ. ૩. ચુલણી પિતા ૪. સુરાદેવ ૫. ચુલ્લક શતક ૬. કુંડ કોળીક ૭. સદ્દાલ પુત્ર ૮. મહા શતક ૯. નંદિની પિતા ૧૦. તેતલી પિતા.

**૬. નિયમ (બાધા) લેવાથી શું લાભ થાય અને ન લઈએ તો શું નુકસાન થાય ?**

જ. નિયમ લેવાથી : મકક્મતા વધે, ત્યાગની તાલીમ મળે. સ્થિરતા આવે, કર્મના દરવાજા બંધ થાય, પરંપરાએ સાચા સુખની પ્રાપ્તિ થાય.

નિયમ ન લેવાથી : તે તે પાપની અનુમોદના ચાલુ રહેવાથી તેના

નિમિત્તનો કર્મ બંધ થાય છે અને છૂટ હોવાના કારણે ક્યારેક આચરણ પણ થઈ જાય. જેમ વ્યાજે પૈસા લાવ્યા પછી તેને ન વાપરીએ છતાં પણ વ્યાજ લાગે છે તેમ પાપ ન કરવા છતાં નિયમના અભાવે તે પાપ આપણને લાગે છે.

**૭. સંસારી જીવના સાત સુખ કયા કયા ?**

જ. ૧. રોગ રહિત હોય.
૨. કોઈનો દેણદાર ન હોય.
૩. યાત્રાદિ સિવાય પરદેશ ન જાય.
૪. ઘરમાં સ્ત્રી સુપાત્ર હોય.
૫. પુત્ર પૌત્ર આદિનું સુખ હોય.
૬. સગા સંબંધી પોતાના પક્ષના હોય.
૭. પંચ મહાજનમાં પ્રતિષ્ઠાવાળો હોય.

**૮. તપ કેટલાં અને કયા ?**

જ. તપ બાર પ્રકારના છે. છ બાહ્ય અને છ અભ્યંતર

| છ બાહ્ય | છ અભ્યંતર |
|---|---|
| ૧. અનસન | ૧. પ્રાયશ્ચિત |
| ૨. વૃત્તિ સંક્ષેપ | ૨. વિનય |
| ૩. કાયા કલેશ | ૩. વૈયાવચ્ચ |
| ૪. ઉણોદરી | ૪. સ્વાધ્યાય |
| ૫. રસત્યાગ | ૫. વ્યુત્સર્ગ |
| ૬. સંલીનતા | ૬. ધ્યાન |

**૯. પ્રભુ મહાવીરે કયા કયા તપ કર્યા હતાં ?**

જ. છ મહિનાના ઉપવાસ એક વખત
૧૭૫ ઉપવાસ એક વખત
૪ મહિનાના ઉપવાસ નવ વખત
૩ મહિનાના ઉપવાસ બે વખત
૨ ૧/૨ મહિનાના ઉપવાસ બે વખત ।
૧ ૧/૨ મહિનાના ઉપવાસ બે વખત ।
૧૨ માસખમણ । ૧૨ અઠમ । • એક ભદ્ર પ્રતિમા
૧૨ પાસખમણ । ૨૨૯ છઠ । • એક મહાભદ્ર પ્રતિમા

એક સર્વતો ભદ્ર પ્રતિમા
બાર વર્ષ ને સાડા છ મહિનામાં ૩૪૯ દિન વાપર્યું !
અને ૪૮ મિનિટ પ્રમાદ કર્યો.

**૧૩. સાત પ્રકારના ગરણાના નામ લખો.**

જ. ૧. પાણી ગાળવાનું, છાસનું, દૂધનું, ઉકાળેલાં પાણીનું, તેલની ગરણી, ઘીની તથા લોટ ચાળવાની ચારણી ।

**૧૪. મોક્ષ ને યોગ્ય અયોગ્ય જીવ કયા ?**

જ. ભવ્ય = મોક્ષ જવાની યોગ્યતાવાળો.
અભવ્ય = મોક્ષ જવાને અયોગ્ય ।
**જાતિભવ્ય** = મોક્ષ જવાની યોગ્યતા હોંવા છતાં સામગ્રીના અભાવે જઈ ન શકે. તથા ભવ્યત્વ = તે તે જીવની વિશેષ પ્રકારની યોગ્યતા.।

**૧૫. વીશ વિહરમાનના નામ ?**

જ.

| | |
|---|---|
| ૧. શ્રી સીમંધર સ્વામી | ૭. શ્રી ઋષભાનન સ્વામી |
| ૨. શ્ર યુગમંધર સ્વામી | ૮. શ્રી અનંતવીર્ય સ્વામી |
| ૩. શ્રાી બાહુ સ્વામી | ૯. શ્રી સુરપ્રભ સ્વામી |
| ૪. શ્રી સુબાહુ સ્વામી | ૧૦. શ્રી ચન્દ્રબાહુ સ્વામી |
| ૫. શ્રી સુજાત સ્વામી | ૧૧. શ્રી વજ્રધર સ્વામી |
| ૬. શ્રી સ્વયંપ્રભ સ્વામી | ૧૨. શ્રી ચન્દ્રાનન સ્વામી |
| ૧૩. શ્રી ચન્દ્રબાહુ સ્વામી | ૧૭. શ્રી વીરસેન સ્વામી |
| ૧૪. શ્રી ભુજંગ સ્વામી | ૧૮. શ્રી મહાભદ્ર સ્વામી |
| ૧૫. શ્રી ઈશ્વર સ્વામી | ૧૯. શ્રી દેવયશા સ્વામી |
| ૧૬. શ્રી નેમિપ્રભ સ્વામી | ૨૦ શ્રી અજીતવીર્ય સ્વામી |

**૧૬. શું પચ્ચક્ખાણ કરવાથી શું લાભ થાય ?**

- નવકારશી કરવાથી - ૧૦૦ વર્ષનું નારકીનું આયુ ટળે.
- પોરસી કરવાથી - ૧૦૦૦ વર્ષ નારકીનું આયુ ટળે
- સાઢપોરિસિ કરવાથી - ૧૦,૦૦૦ વર્ષ નારકીનું આયુ ટળે.
- પુરિમુડ્ઢ કરવાથી. - એક લાખ વર્ષ નારકીનું આયુ ટળે.

- એકાસણું કરવાથી - દશ લાખ વર્ષ નારકીનું આયુ ટળે
- નીવી કરવાથી - એકક્રોડ વર્ષ નારકીનું આયુ ટળે.
- એકલઠાણું કરવાથી - દસ ક્રોડ વર્ષ નારકીનું આયુ ટળે.
- દત્તિ કરવાથી - ૧૦૦ ક્રોડ વર્ષ નારકીનું આયુ ટળે.
- આયંબિલ કરવાથી - ૧૦૦૦ ક્રોડ વર્ષ નારકીનું આયુ ટળે
- ઊપવાસ કરવાથી - દશહજાર ક્રોડ વર્ષ નારકીનું આયુ ટળે.
- છઠ્ઠ તપ કરવાથી લાખ ક્રોડ વર્ષ નારકીનું આયુ ટળે.
- અટ્ઠમ તપ કરવાથી - દસ લાખ ક્રોડ વર્ષ નારકીનું આયુ ટળે.
- સદા ઉકાળેલુ પાણી પીવાથી કોડાકોડી વર્ષનુ નારકીનુ આયુષ્ય ટળે.

**૧૯ જંબુસ્વામીના નિર્વાણ પછી કયી બાર વસ્તુનો વિચ્છેદ થયો ?**

| | |
|---|---|
| ૧. પરમઅવધિજ્ઞાન | ૭. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર |
| ૨. મનઃપર્યવજ્ઞાન | ૮. યથાખ્યાત ચારિત્ર |
| ૩. કેવલજ્ઞાન | ૯. પુલાક લબ્ધિ |
| ૪. ઉપશમશ્રેણી | ૧૦. આહારક લબ્ધિ |
| ૫. ક્ષપક શ્રેણી | ૧૧. સિદ્ધિગમન |
| ૬. પરિહાર વિશુદ્ધિ ચારિત્ર | ૧૨. જિનકલ્પીપણું |
| | (પ્રભાવક + ચરિત્ર) |

**૨૦. ચક્રવર્તીના ચૌદ રત્નના નામ ?**

જ. ૧) ચક્ર, ૨) છત્ર, ૩) દંડ, ૪) મણિ, ૫) કાગિણી, ૬) સેનાપતિ, ૭) ગાથાપતિ, ૮) પુરોહિત, ૯) સુત્રધાર, ૧૦) સ્ત્રી, ૧૧) ઘોડા, ૧૨) હાથી, ૧૩) ચર્મ, ૧૪) તલવાર. આ ૧૪ રત્નો ૧૦૦૦ યક્ષોથી અધિષ્ઠિત હોય છે. એઓનો સ્પર્શ પણ આરોગ્ય આપનાર હોય છે.

**૨૧. વાણીના છ ગુણો લખો ?**

જ. ૧) હિત, ૨) મિત, ૩) મધુર, ૪) અતુચ્છ, ૫) ગર્વરહિત, ૬) સત્ય.

**૨૨. મુંબઈમાં સર્વપ્રથમ જિનાલય ક્યાં બંધાણું ?**

જ. ૧૮૬૩ માં ફોર્ટમાં સર્વ પ્રથમ શાંતિનાથ પરમાત્માનું જિનાલય બંધાણું.

**૨૩. મુંબઈ નામ કેવી રીતે પડ્યું ?**

જ. ૧૩૦૨ ની સાલમાં મુમ્બાદેવીનું મંદિર બંધાણું તે ઊપરથી મુંબઈ નામ પડ્યું.

**૨૪. તુંગીયા નગરની શું વિશેષતા ?**

જ. એ નગરના લોકો રાત-દિવસ દરવાજા ખુલ્લા રાખતા.

**૨૫. સાધુ આધાકર્મી (દોષિત) આહાર વાપરે તો શું થાય ?**

જ. સાધુ દોષિત ગૌચરી કારણ વિના વાપરે તો અનંત સંસારી થાય.

**૨૬. કુમારપાલ રાજાને શું નિયમ હતો ?**

જ. એ રાજાને મનથી પાપ થાય તો ઊપવાસ, વચનથી પાપ થાય તો આયંબિલ, કાયાથી પાપ થાય તો એકાસણું. કારણ કે મનનું પાપ ઘણાં અશુભ કર્મ બંધાવે છે..

**૨૭. શ્રેણીકરાજાના પરિવારમાં કેટલા જણાએ દીક્ષા લીધી ?**

જ. પૌત્ર - ૧૦, પુત્ર - ૨૩, પત્ની - ૨૩. કુલ = ૫૬

**૨૮. જીવોની હત્યા કરનારો હોવા છતા સંયમ લેનાર કોણ ?**

જ. અર્જુન માળી જેણે વીરપ્રભુ પાસે દીક્ષા લીધી.

**૨૯. વાસુદેવ તથા પ્રતિવાસુદેવ મરીને ક્યાં જાય ?**

જ. બંને મરીને નિયમા નરકમાં જ જાય. વાસુદેવના હાથે જ પ્રતિ વાસુદેવનું મરણ થાય.

**૩૦. પૂર્વ એટલે કેટલું પ્રમાણ જાણવું ?**

જ. ૭૦ લાખ ક્રોડ, ૫૬ હજારક્રોડ વર્ષ.

**૩૧. છ'રી પાલકમાં છ નિયમ કયા ?**

જ. એકાસણું, સમકિતધારી, પૃથ્વીશયન, સચિત્તત્યાગ,પદચારી, બ્રહ્મચારી.

**૩૨. પ્રમાદવશે નિગોદમાં ગયેલા ચૌદ પૂર્વી મહાત્માનું શું નામ ?**

જ. ભાનુદત્તમુનિ. એવા અનંતા આત્માઓ છે.

**૩૩. ૧ સોપારી ઉછાલીને નીચે પડે એટલીવારમાં ૬ શ્લોક બનાવનાર કોણ ?**

જ. ઊપાધ્યાય યશો વિજયજી મ.સા.

**૩૪. નીંબુ ઉછાલીને નીચે પડે એટલીવારમાં ૯ શ્લોક બનાવનાર કોણ ?**

જ. આચાર્ય હેમચન્દ્ર સૂરીશ્વરજી મ.સા.

**૩૫. શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા કોણે ભરાવી ?**

જ. ગઈ ચોવીશીના નવમા તીર્થંકર દામોદર સ્વામી પાસે બોધ પામી અષાઢી શ્રાવકે પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવી અને તેમના ગણધર થઈ મોક્ષ પામ્યા.

**૩૬. નેમનાથની પ્રતિમા કોણે ભરાવી ?**

જ. ગઈ ચોવીશીના ત્રીજા સાગર નામના પ્રભુ પાસે બોધ પામી બ્રહ્મેન્દ્ર નેમનાથ પ્રભુની પ્રતિમા ભરાવી. અને તેમના ગણધર થઈ મોક્ષ પામ્યા.

**૩૭. બળદેવ આયુષ્ય પુરું કરી ક્યાં જાય ?**

જ. નિયમા દીક્ષા લે અને કર્મ બાકી હોય તો વૈમાનિકમા નહિતર અવશ્ય મોક્ષ પામે. વાસુદેવના મૃત્યુથી વૈરાગ્ય પામી દીક્ષા લેતાં હોવાથી.

**૩૮. ઝાડ ઊપર બેઠાં બેઠાં જાતિસ્મરણ કોણે થયું ?**

જ. પુરોહિતના બે પુત્રને દેવભદ્ર યશોભદ્ર

**૩૯. કોણ કેવી રીતે વૈરાગ્ય પામ્યા ?**

જ. નમિ = એક કંકણના કારણે અવાજ બંધ થવાથી.

કરકંડુ = વૃદ્ધ વૃષભને જોઈ

દુમુખ = ઇંદ્ર સ્તંભને જોઈ

નગ્ગઈ = વૃક્ષના ઠુંઠાને જોઈ.

**૪૦. પ્રભુ મહાવીરના સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા કેટલા ?**

જ. સાધુ = ૧૪૦૦૦ સાધ્વીજી = ૩૬૦૦૦
શ્રાવકો = ૧,૫૯,૦૦૦ શ્રાવિકા = ૩૧,૮૦૦૦

**૪૧. ફાગણસુદ ૧૩ ના દિવસે છ ગાઉની યાત્રા કેમ ?**

જ. એ દિવસે શાંબ અને પ્રદ્યુમ્ન ૮ાા કરોડ મુનિ સાથે ભાંડવાજીના પહાડ ઊપર મોક્ષે પધાર્યા માટે.

**૪૨. સનત્કુમાર ચક્રીના શરીરમાં કેટલા રોગ તથા કેટલા વર્ષો સુધી વેદના ભોગવી ?**

જ. સોળ રોગ હતા અને ૭૦૦ વર્ષ સુધી વેદના ભોગવી.

**૪૩. ગજસુકુમાલે દીક્ષા લીધી ત્યારે એની માતાએ શું કહ્યું હતું ?**

જ. હે પુત્ર ! મને છોડીને હવે બીજી માતા નાં કરીશ એટલે એજ ભવે મુક્તિ વરજે.

**૪૪. દ્રૌપદીનો પૂર્વે અનંતો સંસાર કેમ ભમી ?**

જ. કારણ કે એને પૂર્વભવમાં સાધુ મ.સા. ને કડવુ તુંબડુ વહોરાવ્યુ હતું.

**૪૫. સંગ્રામ સોનીએ શું સુકૃત કર્યું હતું ?**

જ. જયારે માંડવગઢમાં આચાર્ય સોમસુંદર સૂરી વ્યાખ્યાનમાં ભગવતી સૂત્ર વાંચતા ત્યારે જ્યાં ગોયમા શબ્દ આવે ત્યાં પોતે ૧ સોના મહોર, માતા ૦ા સોના મહોર અને પત્ની ૦ા સોના મહોર મૂકતા.

**૪૬. નરક ના કેટલા દરવાજા તથા કયા ?**

જ. નરકના ૪ દરવાજા છે. ૧. રાત્રિભોજન, ૨. પરસ્ત્રીગમન, ૩. બોળઅથાણુંભક્ષણ, ૪. અનંતકાય

**૪૭. જંબુસ્વામીએ કેટલા સાથે સંયમ લીધો ?**

જ. જંબુસ્વામીએ ૫૦૦ ચોર, ૮ પત્ની, ૮ પત્નીનાં મા બાપ તથા પોતનાં મા-બાપ તથા પોતે કુલ ૫૨૭ સાથે દીક્ષા લીધી.

**૪૮. વીરપ્રભુ પાસે સંયમ લેનારા શેઠિયાના નામ લખો ?**

જ. ગોભદ્રશેઠ શાળીભદ્ર શેઠ, અભયકુમાર મંત્રી, સુદર્શન શેઠ,

ધન્યકુમાર વિગેરે...

**૪૯. વંકચૂલે લીધેલા ચારે નિયમના નામ શું ?**

જ. ૧. અજાણ્યા ફલ ન ખાવા, ૨. કાગનું માંસ ન ખાવું, ૩. પરસ્ત્રીનો ત્યાગ, ૪. સાત ડગલા પાછળ જઈને પછી કોઈનો ઘાત કરવો.

**૫૦. દીપાવળી પર્વમાં કયા રાજાની સભામાં કયું સૂત્ર રચાણું હતું ?**

જ. હસ્તિપાલ રાજાની સભામાં ઉત્તરાધ્યયન સૂત્ર રચાણું હતું.

**૫૧. પર્યુષણનાં પાંચ કર્તવ્ય ના નામ કયા ?**

જ. ૧) અમારિપ્રવર્તન, ૨) સાધર્મિક ભક્તિ, ૩) રથયાત્રા, ૪) અટ્ઠમનો તપ, ૫) પરસ્પરક્ષમાપના.

**૫૨. ચૂલા ઉપર ચન્દરવો બાંધવાથી શું લાભ ?**

જ. દરરોજ પાંચ તીર્થની યાત્રા કરે અથવા ૫ મુનિરાજને ભાવથી વહોરાવે તેટલો લાભ થાય.

**૫૩. વીરપ્રભુની ૧૫મી પાટે થયેલા પ્રદ્યોતન સૂરિના શિષ્ય મુનિચંદ્ર વિજયજીએ શું નિયમ લીધો ?**

જ. જ્યારે એમને આચાર્ય પદવી આપવામાં આવી એ વખતે છ વિગઈનો ત્યાગ અને ભક્તના ઘરની ગૌચરી ન વાપરવી એ નિયમ લીધા પછી પદવી લીધી.

**૫૪. કયા આચાર્ય કાળ કરીને શાના કારણે સાપ થયા ?**

જ. આચાર્ય નયશીલ સૂરી મ.સા. શિષ્ય ઉપર ઈર્ષ્યા કરીને કાળ કરી સાપ બન્યા.

**૫૫. સુખી કોણ ?**

જ. શ્રાદ્ધવિધિમાં લખ્યું છે કે ફાટેલા વગરનું કપડું, ઘસેલી રોટલી અને કરજદારી વગરનો માણસ. તે સુખી માણસ.

**૫૬. ૬૦,૦૦૦ વર્ષ સુધી આયંબિલ કરનાર કોણ ? અને શા માટે ?**

જ. સુંદરી ઋષભદેવની પુત્રી. ભરતનો પોતાના ઉપરનો રાગ ઓછો

કરવા માટે.

**૫૭. અષ્ટપ્રવચન માતા એટલે શું ?**

જ. પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિથી સંયમ ધર્મરૂપી પુત્રની ઉત્પત્તિ અને તેનું પાલન પોષણ થાય છે માટે તે અષ્ટ પ્રવચન માતા કહેવાય.

**૫૮. કયા શેઠે સો પાંખડીવાળા કમળોની માળાથી પરમાત્માની પૂજા કરી ?**

જ. છાડા શેઠે.

**૫૯. કયા શ્રાવકે કેટલા પુષ્પોથી પ્રભુની પૂજા કરી ?**

જ. ધાઈદેવ શ્રાવકે નવલાખ પુષ્પોથી પ્રભુની પૂજા કરી હતી. તથા તેજપાલ શ્રાવકે એક ક્રોડ પુષ્પોથી પ્રભુની પૂજા કરી હતી.

**૬૦. પરમાત્માની દેશના કેટલા રાગમાં ચાલે ?**

જ. પરમાત્માની દેશના છ હજારને ૪૦૦ રાગમાં ચાલે છે ફક્ત માલકોષમાં નહિ.

**૬૧. રાત્રિભોજન ન કરવાથી શું લાભ થાય ?**

જ. રાત્રિમાં ન ખાવાથી અનેક જન્તુ ઘાતના પાપોથી બચી જવાય છે તથા ૧ મહીનો રાત્રે ન ખાવાથી ૧૫ ઉપવાસનો લાભ મળે છે.

**૬૨. લાખ યોજનની કઈ કઈ વસ્તુઓ છે.**

જ. જંબૂદ્વીપ, અપ્રતિષ્ઠાન નરકાવાસ તથા પાલક વિમાન તથા સર્વાર્થ સિદ્ધ વિમાન

**૬૩. ૪૫ લાખ યોજનની કઈ વસ્તુઓ છે.**

જ. અઢીદ્વીપ, ઉડુવિમાન, સીમંતક નરકાવાસ તથા સિદ્ધશીલા.

**૬૪. પ્રતિમા એટલે શું ? તે શા માટે કરવાની ?**

જ. શ્રાવક જીવનમાં પોતાના જીવનને વિશુદ્ધ તથા વિશુદ્ધતર બનાવવા માટે પ્રતિમા તે આપણા શાસ્ત્રમાં ૧૧ બતાવી છે.

૧. **સમ્યકત્વ દર્શન પ્રતિમા** - એક મહીના સુધી ધર્મમાં રુચી રાખવી તથા આત્મ ભાવના વિશુદ્ધિ કરી સમક્તિના દોષોનો ત્યાગ કરવો.

૨. **વ્રત પ્રતિમા** - ૨ મહિના સુધી શ્રાવકનાં બાર વ્રતનું પાલન કરવું.

૩. **સામાયિક પ્રતિમા**-ત્રણ મહીના સુધી દ્વિસન્ધ્ય સામાયિક કરવું અને દેશાવકાસિક વ્રતનું પાલન કરવું.

૪. **પૌષધ પ્રતિમા** - ચાર મહીના સુધી પાંચ તિથિ પૌષધ કરવા.

૫. **કાયોત્સર્ગ પ્રતિમા** - પાંચ મહીના સુધી.

૧. સ્નાન કરવું નહિ, ૨. રાત્રિ ભોજન કરવું નહીં, ૩. ધોતીયાનો કછોટો બાંધવો નહીં, ૪. દિવસમાં પૂર્ણ બ્રહ્મચર્ય પાળવું, ૫,રાતે બ્રહ્મચર્યની મર્યાદા બાંધવી.

૬. **બ્રહ્મચર્ય પ્રતિમા** - છ મહિના સુધી મન, વચન, કાયાથી શીલ પાળવું.

૭. **સચિત્તાહાર વર્જન પ્રતિમા** - સાત મહીના સુધી સચિત્ત આહારનો ત્યાગ કરવો.

૮. **સ્વયં આરંભ વર્જન પ્રતિમા** - આઠ મહીના પોતે જાતે આરંભ સમારંભ ન કરવા.

૯. **પ્રેષ્યારંભ વર્જન પ્રતિમા** - નવ મહીના સુધી પોતાના માટે બનાવેલ ભોજનનો ત્યાગ. માથે મુંડન કરાવવું. તથા સંસાર સંબંધી પ્રશ્નમાં 'હા', 'ના'માં જવાબ પરિમિત જવાબ આપવો. અન્ય પાસે આરંભ ન કરાવવો.

૧૦. **ઉદ્દિષ્ટ ત્યાગ** - દશ મહીના સુધી આપણે ઉદ્દેશીને બનાવેલી તમામ વસ્તુનો ત્યાગ રાખવો.

૧૧. **શ્રમણભૂત પ્રતિમા** - ૧૧ મહીના સુધી સાધુ જીવન પાળવું. તેમની જેમ ભિક્ષા વગેરે લાવીને ખાવું.

- આ પ્રતિમા ધારણ કરવાથી સંયમ જીવનની તાલીમ મળે છે.

**૬૫. પાણી ગાળીને કેમ પીવાનું ?**

જ. કારણ કે અનેક ત્રસ જીવો પાણીમાં પડ્યા જ રહે છે તે નરી આંખે દેખી શકાતા નથી તેઓના રક્ષણ માટે પાણી ગાળીને પીવાનું હોય છે. અને પાણી ગરણાથી ગાળી તેજ પાણીમાં ધોઈને સુકવવું. કોથળી

રાખવાથી જીવો ત્યાંજ ભરાઈ રહેવાથી તેમનો બચાવ થઈ શકતો નથી. જે કોથળીમાં કાળાશ દેખાય તે આ જીવોનું જ શરીર છે. કુમારપાળ રાજા દરરોજ સાત લાખ ઘોડાઓને ગાળીને પાણી આપતા.

**૬૬. દ્વિદલ એટલે શું ? શા માટે ન ખવાય ?**

જ. કાચા દૂધ, દહીં, છાસ સાથે કોઈ પણ કઠોળનો સંયોગ તે દ્વિદલ તેનાથી અસંખ્ય બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. તેનો નાશ અને વિજાતિય દ્રવ્ય પેદા થાય. જે શરીરના લોહીને બગાડે છે.

## કર્મ અને કાળની ઓળખાણ

**૧. કર્મ કેટલા પ્રકારના તથા તેના નામ ?**

જ. કર્મ આઠ પ્રકારના છે. (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર, (૮) અંતરાય.

**૨. કર્મ છે એ કેવી રીતે જણાય ?**

જ. બે સગાભાઈ હોય એમાં એક બુદ્ધિશાળી અને બીજો મૂર્ખ હોય તેનું કારણ શું ? જે કારણ તેજ કર્મ

**૩. કર્મ તો જડ છે તો એની આત્મા ઉપર અસર કેવી રીતે થાય ?**

જ. બ્રાહ્મી ઔષધિથી બુદ્ધિ વિકસે છે અને મદિરા પીવાથી જેમ મન વિકૃત થાય છે. તેમ જડ કર્મની પણ અસર થઈ શકે છે.દા.ત. જેમ મોહન ધૂળ મસ્તક ઉપર પડતા માણસ પાગલ બની જાય તેમાં પાગલ કરવા અન્ય કોઈની જરૂર પડતી નથી. તેમ જીવકર્મને ગ્રહણ કરે તેથી તે દુઃખી થાય. તેમાં કર્મ અને મોહન ધૂળ તો નિમિત્ત છે. પણ તેના નિયામક તરીકે ઈશ્વર માનવાની જરૂર નથી.

**૪. શાના કારણે કયું કર્મ બંધાય છે ?**

જ. **૧. જ્ઞાનાવરણીય કર્મ** - જ્ઞાનીની સમકિતની ઈર્ષ્યા કરવાથી ગુરુને

ઓળવવાથી, ભણતાં ને અંતરાય કરવાથી જ્ઞાનના ઉપકરણો અને અક્ષરવાલા કોઈપણ સાધનોની આશાતના કરવાથી જેમ કે પેપર વિગેરેમાં ખાવાથી, ઈન્દ્રિયોનો દુરૂપયોગ કરવાથી.

૨. **દર્શનાવરણીય કર્મ** - જિનાલયમાં આશાતના કરવાથી તેમજ સમકિતીની નિંદા, અને ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાથી તથા દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી દર્શન તથા પૂજા કરતા અટકાવવાથી.

૩. **વેદનીય કર્મ** - વડીલોની ભક્તિ પ્રાણીઓ ઉપર અનુકંપા અને વ્રતનું પાલન કરવાથી શાતા વેદનીય તથા એનાથી વિપરિત કરવાથી અશાતા વેદનીય કર્મ બંધાય.

૪. **મોહનીય કર્મ** - વિષય કષાયમાં આસકત થવાથી.

૫. **આયુષ્ય કર્મ** -ચાર પ્રકારના, **નરકાયુ** :- મહારંભ, મહાપરિગ્રહ અને ક્રૂર પરિણામો થવાથી.

**તિર્યગ્ચ આયુ :** માયા કપટ કરવાથી.

**મનુષ્ય આયુ :** સરલ પરિણામી હોય દાનમાં રૂચિવાળો હોય મંદકષાયી હોય તે.

**દેવ આયુ :** સરાગ સંયમી હોય અજ્ઞાન કષ્ટને સહન કરવાવાળો

૬. **નામ કર્મ** - મન, વચન અને કાયાની વક્રતાથી અશુભ નામકર્મ અને સદ્‌યોગથી શુભ નામ કર્મ બંધાય.

૭. **ગોત્ર કર્મ** - બીજાની નિંદા કરવાથી પોતાની પ્રશંસા કરવાથી. નીચ ગોત્ર બંધાય અને એનાથી વિપરિત કરવાથી ઉચ્ચગોત્ર બંધાય.

૮. **અંતરાય કર્મ** - પૂજા વિગેરેમાં વિઘ્ન કરવાથી તથા હિંસા વિગેરેમાં તત્પર રહેવાથી.

**પ્ર. યોગ વક્રતા કોને કહેવાય ?**

જ. મન, વચન અને કાયામાં ભિન્નતા તથા તેઓની અશુભ પ્રવૃત્તિને.

૯. **મહાવીર ભગવાનના કાનમાં ખીલા કેમ ઠોકાયા ?**

જ. ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યા પાલકના કાનમાં તપ્ત સીસું રેડવાથી.

**૭. ભગવાન બધું સાચું બોલે તે શું ખાત્રી ?**

જ. પરમાત્મા વીતરાગ અને કૃતાર્થ હોવાથી એમને અસત્ય બોલવાનું પ્રયોજન નથી એટલે કે રાગ દ્વેષથી રહિત છે તેમજ આપણામાં અધૂરાશ હોય તો આપણે અસત્ય બોલી તેવું પરમાત્મામાં તો દેખાતું નથી.

**૮. ભગવાન વીતરાગ હતા તેની ખાત્રી શું ?**

જ. જિનાલય અને જિનપ્રતિમા આ તેની ખાત્રી છે હરિભદ્રાચાર્યે પણ કીધું છે કે 'વપુરેવ તવાડ ચષ્ટે ભગવાન વીતરાગતાં'

**૯. શ્રાવકને સદા શું કરવું જોઈએ ?**

જ. શ્રાવકને હંમેશા સાધુ સમાચારી સાંભળવી જોઈએ.

**૧૦. કોઈ પણ કાર્યના પાંચ કારણ બતાવો.**

જ. નિયતિ, સ્વભાવ, કાળ, ધર્મ, પુરુષાર્થ

નિયતિ - જે થવાનું હોય તે થાય

સ્વભાવ - યોગ્યતા

કાળ - કાળનો પરિણામ (પરિપાક)

કર્મ - પોતાના કર્મનો વિપાક

પુરુષાર્થ - મહેનત કરવી.

**૧૧. પદાર્થનું સ્વરૂપ જણાવો.**

જ. બધા પદાર્થો નવા પર્યાય રૂપે ઉત્પન્ન થાયછે, જુના પર્યાય રૂપે નાશ પામે છે. અને દ્રવ્ય રૂપે સ્થિર રહે છે જેમ સોનાની બંગડી તોડીને વીંટી બનાવીએ પરન્તુ સોનું તો સોના રૂપેજ રહે છે.

**૧૨. રાત દિવસ કેવી રીતે થાય છે ?**

જ. સૂર્યનો પ્રકાશ નિયમિત હોય છે.જેમ જેમ તે આગળ વધે છે. તેમ તેમ પાછળ અંધારું થાય છે. જેમ મોટરની લાઈટ આપણાથી દૂર જતાં

અંધારું થાય તેમ.

**૧૩ ગરમીની વધ ઘટ કેવી રીતે થાય ?**

જ. શિયાળામાં સૂર્ય બાહ્ય મંડળમાં હોવાથી આંતરું મોટું થવાને કારણે ગરમી ઓછી લાગે અને ગરમીના દિવસોમાં સૂર્ય અભ્યંતર મંડળમાં હોવાથી આંતરું ઓછું થવાથી ગરમી વધારે લાગે. જેમ અગ્નિની નજીક રહેતા ગરમી વધારે તથા દૂર જતા ગરમી ઓછી લાગે.

**૧૪. પૃથ્વી શેના આધારે છે ?**

જ. પૃથ્વી કોઈ ધરીના આધારે નથી પરંતુ આકાશાસ્તિકાય. તેના ઉપર તનવાત તેના ઉપર ઘનવાત તેના ઉપર ઘનોદધિ તેની ઉપર પૃથ્વી કાયમય રત્નપ્રભા નામની નારકી છે તેજ આપણી પૃથ્વી છે. તેની જાડાઈ ૧ લાખને ૮૦ હજાર યોજન છે.હજી સુધી કોઈએ ધરીને જોઈ નથી.

**૧૫. પૃથ્વીની જાડાઈમાં શું છે ?**

જ. ઉપર નીચેના ૧ હજાર યોજન છોડી વચલા ગાળામાં નરકાવાસો છે અને ભવનપતિના ભવનો છે અને ઉપરના હજાર યોજનમાં વ્યંતરના આવાસો રહેલાં છે.

**૧૬. તીર્થંકરનું સ્વરૂપ શું ?**

જ. ચતુર્વિધ સંઘની જે સ્થાપના કરે તે તીર્થંકર કહેવાય જેમનું શરીર સુગંધમય હોય. દેવોથી પણ ઉત્તમ રૂપ હોય. બળ અનંતગણું હોય જેમનાં આહાર - નિહાર અદ્રશ્ય હોય.

**૧૭. ભગવાનને સર્વ જીવને શાસન રસિક બનાવવાની ઈચ્છા કેમ જાગી ?**

જ. પરમાત્માના હૈયામાં પરમ મૈત્રી ભાવ હોવાના કારણે.

**૧૮. ભગવાને કેવળજ્ઞાન થી શું જોયું ?**

જ. આખું જગત પીડિત છે અને દિવસે દિવસે વધારે દુઃખી થાય છે. તેને સમજવું બહુ મુશ્કેલ છે. તેઓને બોધ કરવા માટે ભગવાને શાસનની સ્થાપના કરી. (આચારંગસૂત્ર)

**૧૯. સંસારમાં રહી ધર્મ કરી શકાય છે તો દીક્ષાની શી જરૂર ?**

જ. સંસારમાં રહેતા ૫ સ્થાવરકાયની અવશ્ય હિંસા થઈ જાય છે તેમજ સંતાન આદિની પ્રાપ્તિ સંપત્તિ વિગેરેની અનુમોદનાની લિંગ પણ ચાલુ રહે છે માટે

**૨૦. ઉકાળેલું પાણી પીવામાં તેઉકાયની મોટી વિરાધના થાય છે તો પછી તેમાં દોષ વધારે લાગે ?**

જ પાણી ઉકાળવામાં જે હિંસા થાય એના પછી કોઈ જાતની હિંસા થતી નથી અને કાચાપાણીમાં તો અસંખ્ય જીવો ઉત્પન્ન થતા હોય તથા મરતા હોય માટે વધારે વિરાધના લાગે.

**૨૧. ફ્રીજમાં મૂકેલી ચીજ કેમ ન ખવાય ?**

જ. ફ્રીજમાં મૂકવાથી અત્યંત ઘનથી અપ્‌કાયના જીવો તે વસ્તુઓ ઉપર ચોટે છે અને અંદર પણ પ્રવેશી જાય છે. તેથી અપ્‌કાય જીવોની વિરાધનાથી બચવા માટે ફ્રીજની વસ્તુ ન ખવાય.

**૨૨. ધર્મ તો બધા સમાન છે એમ ઘણા લોકો બોલે છે. એનું શું કારણ ?**

જ. અન્ય દર્શનીયો પણ પોતાનાં આચારને ધર્મ તરીકે કહેવડાવે છે કારણ કે સારા નામ વિના વસ્તુ ખપે નહીં માટે ભાવ રાખી મધ્યસ્થ ભાવથી પરીક્ષા કરીને સત્યધર્મને સ્વીકારવો જોઈએ. તેથી દુર્ગતિ પડતાં આપણું રક્ષણ થાય.

**૨૩. ધર્મના કેટલા પ્રકાર ?**

જ. ધર્મના ચાર પ્રકાર છે. દાન, શીયલ, તપ અને ભાવ બીજી રીતે બે પ્રકાર પણ છે. દેશવિરતિ, સર્વવિરતિ.

**૨૪. દ્રવ્ય પ્રાણ કોને કહેવાય અને તે કેટલા ?**

જ. જેના સંયોગથી સંસારી જીવનું જીવિત બને જેના વિયોગથી મૃત્યુને પામે. તેને દ્રવ્ય પ્રાણ કહેવાય.તેના ૧૦ ભેદ છે. ૫ ઈન્દ્રિય, ત્રણ બલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય

**૨૫. સિદ્ધના જીવ કોને કહેવાય ?**

જ. જે જન્મ-મરણ, રોગ-શોક ભૂખ-તરસ, કર્મ અને શરીરથી તથા ચાર ગતિઓના ગમનાગમનથી મુક્ત થઈને લોકના અગ્રભાગે સિદ્ધક્ષેત્રમાં સ્થિર થઈ ગયા છે. જેઓ અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંત સુખના સ્વામી છે જે હંમેશા સ્વસુખમાં લયલીન છે.

**૨૬. વ્યવ[illegible] રાશિવાળા જીવો કોને કહેવાય ?**

જ. જે જીવ એકવાર પણ નિગોદનું સ્થાન છોડીને પૃથ્વીકાયાદિમાં આવ્યા છે તે.

**૨૭. અવ્યવહાર રાશિવાળા જીવો કોને કહેવાય ?**

જ. જે જીવો અનંતકાળથી નિગોદમાં જ પડ્યા છે ક્યારેય નિગોદનું સ્થાન છોડયું નથી તેઓ.

**૨૮. વિકલેન્દ્રિયમાં કયા જીવો આવે ?**

જ. બેઈન્દ્રિય (અળસિયા વિ.) તેઈન્દ્રિય (કીડી-મકોડા વિ.) તથા ચઉરિન્દ્રિય (ભમરી-વીછી વિ.)

**૨૯. પર્યાપ્તિ કોને કહેવાય ?**

જ. આહાર આદિ પુદ્‌ગલ ગ્રહણ કરીને તેને શરીર આદિ રુપમાં પરિણમવાની જીવની પૌદ્‌ગલિક શક્તિ વિશેષને પર્યાપ્તિ કહેવાય છે.

**૩૦. કર્મ ભૂમિ કોને કહેવાય ?**

જ. જે ક્ષેત્રોમાં અસિ-મસિ કૃષિનો વ્યવહાર હોય તથા યુગલિકપણાનો વ્યવહાર ન હોય તેને.

**૩૧. દેવ કોને કહેવાય તથા તેનાં કેટલા ભેદ ?**

જ. દેવગતિ નામકર્મના ઉદયથી દેવગતિમાં ઉત્પન્ન થયેલ ને દેવકહેવાય. તેના ૪ ભેદ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક.

**૩૨. જીવ મરતો નથી તો પાપ કેવી રીતે લાગે ?**

જ. જીવના અત્યંત પ્રિય પ્રાણોને નષ્ટ કરી દુઃખ ઉત્પન્ન કરવાથી પાપ લાગે છે.

**૩૩. જીવો તો બધા સમાન છે તો પછી એકેન્દ્રિય ને મારવાથી ઓછું અને મનુષ્યને મારવાથી અધિક પાપ કેમ લાગે ?**

જ. જીવોની પ્રાણાદિ શક્તિઓમાં તરતમ્યતા હોવાથી પાપમા અંતર હોય છે. મારવાવાળાના ભાવો પાપના બંધમાં મુખ્ય છે. પંચેન્દ્રિય પ્રાણીનાં ઘાતમાં ભાવોની મલીનતા પ્રાયઃ અધિક હોય છે.

**૩૪. કોની સાથે કેવો વ્યવહાર રાખવો જોઈએ ?**

જ. પોતાનાથી નીચેની કોટિનાં બધા જીવો ઉપર દયા રાખવી તથાપોતાના સમાન પ્રાણીઓની સાથે સમભાવ રાખવો. અને અધિક શક્તિવાળા મહાન ઉપકારી પુરુષોની સાથે પૂજયભાવ રાખવો જોઈએ.

**૩૫. 'પરમાધામી' દેવો કોને કહેવાય ?**

જ. ઘોર પાપાચરણ કરવાવાળા અને ક્રૂર પરિણામવાળા અસુર જાતિના દેવો. જે ત્રીજી નરક સુધી નારકીના જીવોને વિવિધ પ્રકારના દુઃખો આપે છે. તેને પરમાધામી કહેવાય.

**૩૬. તારાથી સૂર્ય કેટલો મોટો છે ?**

જ. ભૂમિથી ૭૯૦ યોજન ઊંચે તારા છે અને ૧/૨ ગાઉના પ્રમાણવાળા છે. તેનાથી ૧૦ યોજન ઊંચો સૂર્ય છે પણ ૮ ગણો મોટા હોવાથી આપણને તારાની અપેક્ષાએ મોટો દેખાય છે.

**૩૭. અજીવ દ્રવ્યના કેટલા ભેદ ?**

જ. પાંચ ભેદ - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય અને કાળ,.

**૩૮. અસ્તિકાય કોને કહેવાય ?**

જ. પ્રદેશોના સમૂહને અસ્તિકાય કહેવાય.

**૩૯. ધર્માસ્તિકાય કોને કહેવાય ?**

જ. ગતિ કરવામાં પરિણત થયેલા જીવ અને પુદ્ગલોની ગતિમાં જે સહાયક હોય તે.

**૪૦. અધર્માસ્તિકાય કોને કહેવાય ?**

જ. જે સ્થિતિમાં પરિણિત થયેલા જીવ અને પુદ્‌ગલની સ્થિતિમાં સહકારી થાય. જેમકે થાકેલા પથિકને વૃક્ષની છાયા સહકારી થાય છે.

**૪૧. પુદ્‌ગલ કોને કહેવાય તથા તેનાંકેટલા ભેદ ?**

જ. સડન, પડન, વિધ્વંસન, જુદા થવાના સ્વભાવવાળા અજીવ પદાર્થો તે પુદ્‌ગલ કહેવાય તેના ૪ ભેદ ૧. સ્કંધ, ૨. દેશ, ૩. પ્રદેશ, ૪. પરમાણુ.

**૪૨. પરમાણું કોને કેહવાય.**

જ. સ્કંધ યા દેશથી જુદો પડેલો નિર્વિભાજ્ય સૂક્ષ્મતમ અંશને પરમાણુ કહેવાય.

**૪૩. સમય કેટલા સૂક્ષ્મ હોય ?**

જ. આંખ બંધ કરીને ઉઘાડવામાં અસંખ્યાતા સમય વ્યતીત થઈ જાય છે. તે અસંખ્ય સમયની એક આવલિકા થાય. એવી ૨૫૬ આવલિકામાં નિગોદના જીવનો એક ભવ થઈ જાય છે. ૧૭ ૧/૨ ભવોનો એક શ્વાસોશ્વાસ થાય છે. એવા સાત શ્વાસોશ્વાસનો એક સ્તોક થાય એવા સાત સ્તોક = ૧ લવ અને ૭૭ લવનો ૧ મૂહૂર્ત થાય.

**૪૪. અદ્ધાપલ્યોપમ કોને કહેવાય ?**

જ. અસંખ્યાતા પૂર્વના એક પલ્યોપમ થાય. એક યોજન લાંબો પહોળો અને ઊંડો ગોળાકાર કુવો ખીચોખીચ યુગલીયાના વાળથી ભરવો તેમાંથી ૧૦૦ વર્ષે એક વાળ કાઢવો એ રીતે કાઢતા જ્યારે કુવો ખાલી થાય ત્યારે એક પલ્ય થાય.પલ્યની ઉપમાથી જે કાળ ગણવામાં આવે તેને 'પલ્યોપમ' કહેવાય.

**૪૫. સાગરોપમ કોને કહેવાય ?**

જ. દશ ક્રોડા ક્રોડ પલ્યોપમનો ૧ સાગરોપમ થાય.

**૪૬. ઉત્સર્પિણી કાળ કોને કહેવાય ?**

જ. જે કાળમાં જીવોના સંઘયણ અને સંસ્થાન ક્રમશઃ અધિકાધિક શુભ

થતાં જાય આયુષ્ય અવગાહના વધતી જાય તથા ઉત્થાન કર્મ, બળ, વીર્ય પુરૂષકાર અને પરાક્રમની વૃદ્ધિ થતી જાય. તે ઉત્સર્પિણી કાળ. દશ ક્રોડા ક્રોડી સાગરોપમનો હોય.

**૪૭. અવસર્પિણી કાળ કોને કહેવાય ?**

જ. જે કાળમાં શરીરની અવગાહના બળ આયુ આદિ ઘટતાં જાય તથા ઉત્થાન, કર્મ બળ, વીર્ય પુરુષકાર અને પરાક્રમ ઓછા થતાં જાય તે અવસર્પિણી કાળ છે.તે દશ કોડા કોડી સાગરોપમનો હોય.

**૪૮. પુણ્ય ક્યારે બંધાય તથા કેટલા પ્રકારે ?**

જ. ૧. અન્ન પુણ્ય - અન્નનું દાન દેવાથી.

૨. પાણ પુણ્ય - પાણીનું દાન દેવાથી.

૩. લયન પુણ્ય - સ્થાન પામવાથી

૪. શયન પુણ્ય - શય્યા પાટ પાટળા આપવાથી.

૫. વસ્ત્રપુણ્ય - વસ્ત્રનુંદાન આપવાથી.

૬. મન પુણ્ય - મનને શુભ રાખવાથી

૭. વચન પુણ્ય - મુખથી શુભ વચન બોલવાથી.

૮. કાય પુણ્ય - કાયા દ્વારા જયણા પાળવાથી.

૯. નમસ્કાર પુણ્ય - ગુણીજનોને વારંવાર નમસ્કાર કરવાથી (ઠાણાંગ સૂત્ર)

**૪૯. પરમાત્માનું બળ કેટલું ?**

જ. પરમાત્માનું અનંત ગણું બળ છે છતાં સામાન્ય વ્યાખ્યા કરીએ છીએ. ૧૨ યોદ્ધાઓનું બળ = ૧ બળદમાં, ૧૦ બળદનું બળ = ૧ ઘોડામાં, ૧૨ ઘોડાઓનું બલ = ૧ ભેંસમાં, ૫૦૦ ભેસંનું બળ ૧ હાથીમાં, ૫૦૦ હાથીઓનું બળ = ૧ કેસરી સિંહમાં, ૨૦૮૦ કેસરી સિંહનું બળ = ૧ અષ્ટાપદમાં, ૧૦ અષ્ટાપદનું બળ = ૧ પ્રતિવાસુદેવમાં, ૨૦ લાખ અષ્ટાપદનું બળ = ૧ વાસુદેવમાં, ૨ વાસુદેવનું બળ = ૧

ચક્રવર્તીમાં, કરોડ ચક્રવર્તીનું બળ = ૧ દેવમાં, કરોડ દેવતાઓનું બળ = ૧ ઈન્દ્રમાં એવા અનંત ઈન્દ્ર મળીને પણ તીર્થંકરની (ટચલી) આંગળીને પણ નમાવી શકતાં નથી.

**૫૦. સ્વાધ્યાય એટલે શું તથા તેના કેટલા પ્રકાર ?**

જ. કાળવેલાને છોડીને મર્યાદાપૂર્વક નવા તથા જુના સૂત્રોનું અધ્યયન કરવું તે પાંચ પ્રકારે છે. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા. કાળવેલાએ સ્વાધ્યાય કરવાથી જિનાજ્ઞા ભંગ તથા દેવનો ઉપદ્રવ થાય.

**૫૧. ધ્યાન કોને કહેવાય તેના કેટલાં પ્રકાર ?**

જ. એક લક્ષ્ય ઉપર ચિત્તને એકાગ્ર કરવું તેનું નામ ધ્યાન. તેનાં ૪ પ્રકાર છે. ૧. આર્તધ્યાન ૨. રૌદ્રધ્યાન ૩. ધર્મધ્યાન અને ૪. શુકલધ્યાન.

**૫૨. જાતિસ્મરણ જ્ઞાન કોને કહેવાય ?**

જ. જેનાથી પૂર્વભવનું યાદ આવે તેને જાતિસ્મરણ જ્ઞાન કહેવાય.

**૫૩. જીવ એક સમયમાં કેટલા કર્મ પુદ્ગલના પરમાણુ બાંધે ?**

જ. જીવ એક સમયમાં અનંત કર્મ પરમાણુ પદ્ગલ બાંધે અને છોડે છે.

## નવતત્ત્વનો નીચોડ

**૫૪. જીવ અને અજીવનું જ્ઞાન શા માટે જરૂરી છે ?**

જ. સર્વેજીવો દુ:ખ દૂર કરવા માટે અને સુખ મેળવવાને ઈચ્છે છે.પણ સત્ય ઉપાય વિના તે ઈચ્છા પૂરી થતી નથી. એથી પ્રથમ તો સ્વપરનું જ્ઞાન જોઈએ. કારણ કે આપણે પરને સ્વમાની તેને મેળવવા જતાં દુ:ખી થઈએ છીએ. એટલે સ્વ-આત્મા, જીવતત્ત્વ, પર પુદ્ગલ વિગેરે અજીવતત્ત્વ છે. એને ઓળખવા આવશ્યક બને છે.

**૫૫. જીવને કેવી રીતે ઓળખવો. કારણ કે કોઈએ પણ જીવને દેખ્યો નથી?**

જ. જીવ અમૂર્ત (રૂપ વિ.થી રહિત) હોવાથી આંખથી દેખી શકાતો નથી. પરંતુ જેમ શબને અથવા મારૂતીકારને પત્થર મારવા છતાં તે કાંઈ બોલતા નથી. પણ તેના માલિકને પત્થર મારતા તે બુમાબુમ કરે છે એથી જીવ સિદ્ધ થાય છે.

**૫૬. (૧) જીવનું સ્વરૂપ શું છે ?**

જ. દર્શન જ્ઞાન ચારિત્ર એ જીવનું સ્વરૂપ છે. તે સિવાય જે કાંઈ (ધન પુત્ર પત્ની) તે પોતાનું સ્વરૂપ નથી તે માટેનો પ્રયત્ન જીવને દુઃખ દેનાર બને. એવું જ્ઞાન થતાં જીવ સ્વરૂપને પ્રગટાવવા સદ્ ઉપાયમાં પ્રયત્ન કરે તેથી સુખી થાય.

**(૨) આશ્રવ તત્ત્વને જાણવાની શી જરૂર છે ?**

જ. જેનાથી શુભ કે અશુભ કર્મ બંધાય એ ન જાણીએ તો ઉચિત ક્રિયામાં પ્રવૃત્તિ થઈ શકતી નથી. મુંબઈ પહોંચવાની ઈચ્છા હોય છતાં કંઈ ટ્રેન મુંબઈ જાય છે વિગેરે જ્ઞાન ન હોય તો પહોંચવાની ક્રિયા થઈ શકતી નથી.

**(૩) પુણ્યનું સ્વરૂપ શું છે ?**

જ. જે આત્માને પવિત્ર કરે, જેની પ્રકૃતિ શુભ હોય, જે મેળવવામાં કઠિન પરંતુ ભોગવવામાં સુખકારી હોય, જેનું ફળ મીઠું હોય તે પુણ્ય ધર્મમાં સહાયક પણ થાય છે.

**(૪) પાપ તત્ત્વનું શું સ્વરૂપ છે ?**

જ. જે આત્માને મલિન કરે જે બાંધતા સમયે તો સુખકારી લાગે. પરંતુ ભોગવતી વખતે દુઃખકારી હોય તેને પાપકર્મ કહેવાય તે પાપ ૧૮ પ્રકારથી બંધાય છે.

**(૫) આશ્રવ તત્ત્વનું સ્વરૂપ શું ?**

જ. જીવની શુભાશુભ યોગની પ્રવૃત્તિથી આકર્ષાઈ કર્મ વર્ગણાનું આવવું જીવરૂપી તળાવમાં પુણ્ય પાપ રૂપી પાણી આવ્યા કરે છે તે આવતા પાણીરૂપી કર્મને આશ્રવ કહેવાય.

**(૬) સંવરનું સ્વરૂપ શું છે ? તે કેમ આવશ્યક છે ?**

જ. શુભક્રિયા કરવા છતાં અશુભ કર્મોનો ધોધ આત્મામાં આવતો હોય તો શુભક્રિયા ઉચિત ફળ આપી શકતી નથી. માટે તે ધોધ અટકાવવો જરૂરી છે. જેમ ગટરનું પાણી આવતું બંધ કર્યા વગર તેમાં અત્તર નાખવું તે સુગંધ અર્પણ કરી શકતું નથી.

**(૭) નિર્જરાનું સ્વરૂપ શું ? તેમજ તેની જરૂરીયાત શું ?**

જ. જો જીવને મોક્ષે જવું હોય તો એક સાથે સર્વ કર્મ નાશ ન કરી શકે. ત્યાં સુધી તપ વિ. થી થોડો કર્મનો નાશ કરી શકાય છે. આવું સાન્ત્વન નિર્જરાતત્ત્વ આપે છે. જેમ દેવાદાર એક સાથે દેવુ ન ચુકવી શકે પણ થોડું થોડું ચુકવી સાન્ત્વન મેળવે.

**(૮) બંધ તત્ત્વનું શું સ્વરૂપ છે ?**

જ. ક્ષીર-નીરની જેમ કર્મનું આત્મા સાથે જોડાવું તેનું નામ બંધ તત્ત્વ અને કર્મબંધના ચાર પ્રકાર છે. ૧. મિથ્યાત્વ, ૨. અવ્રત ૩. કષાય, ૪. યોગ.

**(૯) મોક્ષ તત્ત્વનું સ્વરૂપ શું છે ?**

જ. સર્વ દુઃખનો અંત મોક્ષ છે અને આત્મસ્વરૂપની પ્રગટતા ત્યાંજ છે તેવું જણાવવા આ તત્ત્વ છે. જેમ નિદ્રામાં રેડિયો વિ. કોઈનો ઉપયોગ નથી છતાં તેમાં આનંદ છે. તેમ મોક્ષમાં પરમાનંદ છે.

**૫૭. વર્ગણા કેટલા પ્રકારની તથા કઈ ?**

જ. વર્ગણાના મુખ્ય આઠ ભેદ છે. ૧ . ઔદારિક વર્ગણા, ૨. વૈક્રિય વર્ગણા, ૩ આહારક વર્ગણા, ૪. તૈજસ વર્ગણા, ૫. ભાષા વર્ગણા, ૬. શ્વાસોચ્છવાસ વર્ગણા, ૭. મનો વર્ગણા ૮. કાર્મણ વર્ગણા.

**૫૮. નોકષાય કેટલા પ્રકારે તથા કયા ?**

જ. નોકષાય મોહનીયના નવ ભેદ છે..

૧. હાસ્ય, ૨. રતિ, ૩. અરતિ, ૪. ભય, ૫. શોક, ૬. જુગુપ્સા, ૭. સ્ત્રીવેદ, ૮. પુરુષવેદ, ૯. નપુંસકવેદ.

**૫૯. સંઘયણ એટલે શું તથા કેટલા પ્રકાર ?**

જ. શરીરના હાડકાના બંધન (મજબૂતાઈ)ને સંઘયણ કહેવાય. તે છ પ્રકારે છે.

૧. વજ્ર ઋષભનારાચ,૨. ઋષભનારાચ, ૩. નારાચ, ૪. અર્ધનારાચ, ૫. કીલીકા, ૬. છેવટ્ઠું.

**૬૦. સંસ્થાન એટલે શું તથા પ્રકાર કેટલા ?**

જ. શરીરના આકારને સંસ્થાન કહેવાય તે છ પ્રકારે છે.

૧. સમચતુરસ્ર સંસ્થાન, ૨. ન્યગ્રોધ પરિમંડળ, ૩. સાદિ, ૪. વામન, ૫. કુબ્જ, ૬. હુંડક.

**૬૧. અંતરાય કર્મના કેટલા ભેદ ?**

જ. અંતરાયકર્મના ૫ ભેદ છે.

૧. દાનાંતરાય, ૨. લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪. ઉપભોગાંતરાય, ૫ વીર્યાંતરાય.

(૧) **દાનાંતરાય :** દાનની સામગ્રી તૈયાર હોય, સામે સુપાત્ર હોય, દાતા દાનના ફળને જાણતો હોય છતાં કર્મના ઉદયથી જીવને દાન કરવાનો ઉત્સાહ થતો નથી તે દાનાંતરાય કર્મ.

(૨) **લાભાંતરાય કર્મ :** યોગ્ય સામગ્રી હોવા છતાં ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થતી નથી. તે લાભાંતરાય કર્મ.

(૩) **ભોગાંતરાય કર્મ :** પચ્ચકખાણ ન હોવા છતાં જે કર્મના ઉદયથી જીવ સ્વાધીન ભોગ સામગ્રીને કૃપણતાને વશ અથવા કોઈ રોગ આદિ બાધાને કારણે ભોગવી ન શકે તે ભોગાંતરાય કર્મ.

(૪) **ઉપભોગાંતરાય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને પચ્ચકખાણ ન હોવા છતાં ઉપભોગની ઈચ્છા હોવા છતાં વિદ્યમાન સ્વાધીન સામગ્રીને કોઈ રોગાદિને કારણે અથવા કૃપણતાથી ભોગવી ન શકે તેને ઉપભોગાંતરાય કર્મ કહેવાય.

(૫) **વીર્યાંતરાય કર્મ :** શરીર નિરોગી હોય, તરૂણ અવસ્થા હોય, પણ

કર્મના ઉદયથી જીવ પ્રાણ શક્તિ રહિત હોય તથા સ્વહીનની જેમ પ્રવૃત્તિ કરે તે વીર્યાંતરાય કર્મ.

**૬૨. મોહનીય કર્મની સ્થિતિ કેટલી ?**

જ. જઘન્યથી - અંતર્મુહુર્ત,ઉત્કૃષ્ટથી ૭૦ કોડાક્રોડી સાગરોપમ.

**૬૩. સમુદ્‌ઘાત કોને કહેવાય તથા કેટલા પ્રકારે ?**

જ. કર્મના અંશોને ઉદીરણા દ્વારા પહેલેથી જ ઉદયમાં લાવીને પ્રબળતાથી ઘાત કરવો તેનું નામ સમુદ્‌ઘાત તે સાત પ્રકારે છે. ૧ વેદના, ૨. કષાય, ૩. મરણ, ૪ વૈક્રિય, ૫ તૈજસ, ૬ આહારક, ૭ કેવલી.

## વિવિધ પ્રકારના પ્રશ્નો

**૬૪. ભવ્યજીવ કેટલા પ્રકારના તથા કયા ?**

જ. ૧. આસન્ન ભવ્ય - જલ્દી મોક્ષે જવાવાળા.

૨. મધ્યમ ભવ્ય - થોડા ભવોમાં મોક્ષેજવાવાળા.

૩. દુર્ભવ્ય - ઘણાં કાલે મોક્ષે જવાવાળા

**૬૫. જૈન ધર્મ કેટલો પ્રાચીન છે ?**

જ. જૈન ધર્મ અત્યારનો નથી. પરન્તુ અનાદિ કાળનો છે. જેના પુરાવા અન્ય શાસ્ત્રોમાં પણ મળે છે. નગર પુરાણમા લખ્યું છે.

દશભિર્ભોર્જિતૈર્વિપ્રૈઃ યત્ ફલં જાયતે કૃતે.

મુનેરર્હતસુભક્તસ્ય, તત્ફલં જાયતે કલૌ...

અર્થ-અહીં કૃતયુગમાં દશ બ્રાહ્મણોને ભોજન કરાવવાનું જેટલુ ફળ કહ્યું તેટલું કળિયુગમાં એક અર્હત્ ભક્ત મુનિને ભોજન કરાવવાનું કહ્યું છે. તેથી જૈન ધર્મને પાળનારા જૈન મુનિ ઉત્તમ કીધા છે. વળી ઋગ્વેદમાં કહ્યું છે.

ત્રૈલોકસ્યપ્રતિષ્ઠાન, ચતુર્વિંશતિ તીર્થંકરાન,

ઋષભાદ્યા વર્ધમાનાન્તા, સિદ્ધાન્ શરણં પ્રપદ્યે

અર્થ- ત્રણે લોકમાં પ્રતિષ્ઠા પામેલા ચોવીશ જિનો ઋષભદેવથી માંડી મહાવીર સ્વામી સુધીના સિદ્ધોના શરણને અમે સ્વીકાર કરીએ છીએ. (જૈન શાસ્ત્રોમાં ધર્મની પ્રાચીનતા) એ ધર્મ મહાવિદેહમાં અનાદિકાળથી છે. અને અનતંકાળ સુધી રહેવાનો છે. ભરત, ઐરાવત ક્ષેત્રમાં દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ૨૪ તીર્થંકરો થયા છે.પ્રભુએ સ્થાપેલ તીર્થ પ્રમાણે જ તીર્થની સ્થાપના કરે છે. જેથી તીર્થોન્નતિ થાય છે. અને પ્રભુની દેશનાથી ઘણા ભાવિકજીવો કલ્યાણ સાધે છે.પ્રભુના ઉપદેશની અસર ભાવિકો ઉપર જરૂર થાય કારણ કે તેઓ ઉત્કૃષ્ટ પુણ્યના ધણી છે. મહાવિદેહમાં સદા જઘન્યથી ૨૦ તીર્થંકરો હોય છે તેમજ અને અનેક કેવળી ભગવંતો વિચરતા હોય છે જેઓ જિન શાસનની પતાકા લહેરાવતા જ હોય છે. એવી રીતે અનેક પુરાવાથી જૈન ધર્મ અત્યંત પ્રાચીન તથા અનાદિકાળનો છે.

**૬૬. શ્રાવક અતિઉચ્ચ આરાધના કરે તો કેટલા દેવલોક સુધી જાય ?**

જ. શ્રાવક બારમા દેવલોક સુધી જઈ શકે. એનાથી ઉપર શ્રાવક ન જાય.

**૬૭. અભવ્ય જીવ મરીને ક્યાં સુધી જઈ શકે ?**

જ. અભવ્ય સંયમી બન્યા પછી નવમા ગ્રૈવેયેક સુધી જાય છે.પરન્તુ અનુત્તરમાં ક્યારે ન જાય (પન્નવણા સૂત્ર)

**૬૮. મહાવિદેહ ક્ષેત્રમાં કેવલજ્ઞાની તથા સાધુઓની સંખ્યા કેટલી ?**

જ. મહાવિદેહ ક્ષેત્રમાં ૨ કરોડ કેવલજ્ઞાની તથા વીસ અબજ સાધુઓની સંખ્યા છે.

**૬૯. એક વખત અબ્રહ્મચર્ય સેવનથી કેટલી હિંસા થાય ?**

જ. અબ્રહ્મના પાપથી ભયંકર હિંસા થાય છે. નવ લાખ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો (મનુષ્યો)ની હિંસા થાય છે. (સંબોધસત્તરી)

**૭૦. આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર ક્યારે થવાના ?**

જ. આજથી લગભગ ૮૧,૫૦૦ વર્ષ પછી પહેલા તીર્થંકર પદ્મનાભ નામે શ્રેણિક રાજા થશે.

**૭૧. આ તીર્ચ્છાલોકમાં કુલ કેટલા સૂર્ય-ચન્દ્ર છે ?**

જ. સંપૂર્ણ તિર્ચ્છાલોકમાં તો અસંખ્યાતા સૂર્ય ચંદ્ર છે પરંતુ અઢી દ્વીપમાં કુલ ૧૩૨ સૂર્ય અને ૧૩૨ ચંદ્ર છે.

**૭૨. ભગવાન દીક્ષા લેતા પહેલા કુલ કેટલું દાન આપે ?**

જ. પરમાત્મા દીક્ષાના એક વર્ષ પહેલા દાન આપવાનું પ્રારંભ કરે છે.તેમાં કુલ ત્રણસો અઠ્યાસીસ કરોડ અને એંશી લાખનું દાન આપે છે.

**૭૩. વજ્રસ્વામી ક્યારે નિર્વાણ પામ્યા તથા તેમના નગર તથા પિતાનું નામ શું ?**

જ. વજ્રસ્વામી વીર નિર્વાણથી ૫૮૪ વર્ષે અને વિક્રમ સંવતથી ૧૧૪ વર્ષે કાલધર્મ પામ્યા. દીક્ષા પહેલાં ૧૧ અંગ ભણ્યા તુમ્બવન નગરીના તથા ધનગિરિના પુત્ર હતા.

**૭૪ કુમારપાળરાજાનો જન્મ ક્યારે થયો ?**

જ. કુમારપાળનો જન્મ વિક્રમ સંવત ૧૧૪૪માં અને ૧૨૩૦માં કાલધર્મ પામ્યા.

**૭૫. આચાર્ય દુપ્પહસૂરીના કેટલા ભવ ?**

જ. પહેલા ભવમાં મનુષ્યપણામાં ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા. બીજા ભવમાં દેવલોકમાં છે. ત્રીજા ભવમાં દુપ્પહસૂરી થશે અને ચોથા ભવમાં દેવલોકમાં અને પાંચમાં ભવમાં મનુષ્ય થઈ મોક્ષમાં જશે.

**૭૬. વીશ વિહરમાનો નો જન્મ દીક્ષા કેવળજ્ઞાન વિગેરે ક્યારે થયા ?**

જ. વીશ વિહરમાનોનો જન્મ કુંથુનાથજી તથા અરનાથજીના આન્તરામાં થયેલો. મુનિસુવ્રત સ્વામી અને નેમિનાથજીના અન્તર કાળમાં દીક્ષા તથા કેવળજ્ઞાન થયા હતા. અને આવતી ચોવીશીના સાતમાં અને આઠમાં તીર્થંકરના અન્તરકાળમાં નિર્વાણ પામશે.

**૭૭. શાલીભદ્ર તથા ધન્નાજી કયી ગતિમાં છે ?**

જ. સાળો બનેવી બંને મહામુનિ અત્યારે સર્વાર્થસિદ્ધ વિમાનમાં છે.

**૭૮. મહારાજા ચેટક તથા કોણિકના યુદ્ધમાં કેટલા જીવોનો સંહાર થયો ?**

જ. આ મહાન યુદ્ધમાં ૧ કરોડને ૮૦ લાખ મનુષ્યોનો સંહાર થયો. (મહાશીલા કંટક યુદ્ધમાં ૮૪ લાખ મનુષ્યોનો અને રથમૂશલ યુદ્ધમાં ૯૬ લાખ મનુષ્યોનો સંહાર થયોહતો.) એમાંથી માત્ર એક જ દેવલોકમાં, ૧૦,૦૦૦ માછીમારના પુત્ર થયા. શેષ નરકમાં ગયા. (ભગવતી સૂત્ર)

**૭૯. કોણિક રાજા મરીને કઈ નરકમાં ગયો ?**

જ. છઠ્ઠી નરકમાં

**૮૦. સાતમી નરકમાંકુલ કેટલી જાતના રોગ હોય છે ?**

જ. સાતમી નરકમાં કુલ પાંચ કરોડ, અડસઠ લાખ, નવાણું હજાર, પાંચસોને ચોરાસી જાતના રોગ હોય છે. (ઉપદેશ રત્નાકર)

**૮૧. દેવલોકમાં દેવદેવીઓના નાટકમાં કેટલો સમય ?**

જ. દેવતાઓના એક નાટકમાં ૪ હજાર વર્ષ જેટલો સમય વ્યતીત થાય છે. (વિશેષાવશ્યકભાષ્ય)

**૮૨. પાંચમાં આરાના છેડે ક્યા આગમ રહેશે ?**

જ. આવશ્યકસૂત્ર,દશવૈકાલિક, નંદીસૂત્ર અને અનુયોગ દ્વારજ આગમ રહેશે.બાકીના આગમનો વિચ્છેદ પામશે

**૮૩. નવકારવાળીમાં ૧૦૮ મણકા કેમ ?**

જ. કારણ કે,

અરિહંતના ગુણ-૧૨, સિદ્ધના ગુણ-૮, આચાર્યના ગુણ-૩૬, ઉપાધ્યાયના ગુણ-૨૬, સાધુના ગુણ-૨૭, કુલ ૧૦૮ ગુણ છે. માટે.

**૮૪. કાર્તિકમુનિ દ્વાદશાંગી (૧૪ પૂર્વ)ના જ્ઞાતા હોવા છતાં પહેલા દેવલોકમાં કેમ ગયા ?**

જ. પ્રમાદને વશ થઈ પૂર્વો ભૂલી જવાથી પહેલા દેવલોકમાં ગયા.

**૮૫. સૂક્ષ્મ નિગોદ જીવ એક વર્ષમાં કેટલા ભવ કરે ?**

જ. એક વર્ષમાં સત્તર કરોડ સિત્યોતેર લાખ અઠયાવીસ હજારને આઠસો ભવ કરે.

**૮૬. જિનપૂજાનું વર્ણન ક્યા આગમોમાં આવે ?**

જ. રાયપસેણીસૂત્ર, જીવાભિગમ સૂત્ર, જ્ઞાતા ધર્મકથા, ઉવવાઈ સૂત્ર, ભગવતી સૂત્ર, એવી રીતે અનેક આગમોમાં પાઠ આવે છે.

**૮૭. સૂર્ય તથા ચંદ્રના વિમાન કેટલા મોટા છે ?**

જ. ચન્દ્રનું વિમાન ૫૬/૬૧ યોજન એટલે (૩૬૭૨-૮/૬૧) માઈલ. અને સૂર્યનું વિમાન ૪૮/૬૧ એટલે (૩૧૭-૩૩/૬૧) માઈલ લાંબુ જાણવું.

**૮૮. શ્રી ચંદ્ર કેવલીનું નામ કેટલી ચોવીશી સુધી રહેશે ?**

જ. ૮૦૦ ચોવીશી સુધી. (ચંદ્રકેવલી ચરિત્ર)

**૮૯. સમકિતના પાંચ ભૂષણ કયા ?**

જ. ૧. સ્થૈર્ય ૨. ભાવના ૩. ભક્તિ. ૪. જૈન શાસનમાં કુશળતા ૫. તીર્થ સેવા (યોગશાસ્ત્ર)

**૯૦. આ ભરતક્ષેત્રમાં છેલ્લા આચાર્ય કોણ થશે ?**

જ. આ ભરતક્ષેત્રમાં છેલ્લા યુગપ્રધાન આચાર્ય દુપ્પહસૂરી થશે.

**૯૧. શાશ્વતી પ્રતિમાઓની ઊંચાઈ કેટલી ?**

જ. તિર્ચ્છાલોકમાં શાશ્વતી પ્રતિમાઓ ૫૦૦ ધનુષ્યપ્રમાણ ઊંચી છે. જે નંદીશ્વર દ્વીપ અને વૈતાઢ્ય પર્વત ઉપર આવેલી છે.

**૯૨. શિવપુરાણમાં જૈન ધર્મ વિશે શું લખ્યું છે ?**

જ. (અષ્ટષષ્ટિષુ તીર્થેષુ, યાત્રાયાં યત્ફલં ભવેત્ આદિનાથસ્ય દેવસ્ય સ્મરણેનાપિ તદ્‌ભવેત) એક વખત આદિનાથ ભગવાનનું નામ લેવાથી અડસઠ તીર્થની યાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે.

**૯૩. રામચંદ્રજી તથા લક્ષ્મણને કેટલી રાણીઓ હતી ?**

જ. રામચંદ્રજીને ચાર સીતા, પ્રભાવતી, રતિનિભા અને શ્રીદામા અને લક્ષ્મણજીને ૧૬૦૦૦ રાણીઓ હતી. (ત્રિષષ્ટિપર્વ-૭)

**૯૪. સાધુ તથા સાધ્વી રાત્રે સંથારા વખતે કાનમાં રૂ નાંખે કે નહિ ?**

જ. સાધુ સાધ્વીએ રાત્રે સંથારા વખતે કાનમાં રૂ નાંખવું જોઈએ. ન નાંખે તો દંડ આવે. (નિશીથ શૂત્ર)

**૯૫. પ્રભુ મહાવીર ઉપર ગૌતમ સ્વામીને અત્યંત સ્નેહ રાગ થવાનું કારણ શું ?**

જ. જે વખતેવીર પ્રભુ ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં હતા એ વખતે ગૌતમસ્વામી એમના રથના સારથી હતા એટલે. (ભગવતીસૂત્ર)

**૯૬. કોને જમાડવાથી ૧ લાખ સાધર્મિકોની ભક્તિ કરવાનો લાભ મળતો હતો ?**

જ. ભરૂચ નગરમાં રહેતા જિનદાસ શ્રાવક તથા સુહગદેવી શ્રાવિકાને જમાડવાથી ૧ લાખ સાધર્મિકોની ભક્તિનો લાભ મળતો હતો.

**૯૭. ૨૪ જિનના કુલ શિષ્યો કેટલા ?**

જ. કુલ શિષ્યો અઠ્ઠાવીસ લાખને અડતાલીસ હજાર હતા.

**૯૮. એક જ દિવસે ઓસિયાજી અને કોરટા ગામમાં પ્રતિષ્ઠા કરાવનાર કોણ ?**

જ. પાર્શ્વનાથ ભગવાનનાં પાંચમાં પટ્ટધર આચાર્યશ્રી રત્નપ્રભસૂરીજીએ મહાસુદ પાંચમના દિવસે બંને ગામોમાં એક જ દિવસે પ્રતિષ્ઠા કરાવી હતી, તથા હજારો ક્ષત્રિયોને જૈન ઓશવાલ બનાવ્યા હતા.

**૯૯. સૂર્ય ચંદ્ર પૃથ્વીથી કેટલા ઊંચા છે ?**

જ. સૂર્યનું વિમાન પૃથ્વીથી ૮૦૦ યોજન ઊંચું છે અને ચંદ્રનું વિમાન ૮૮૦ યોજન ઊંચું છે. (જીવાભિગમસૂત્ર)

**૧૦૦. 'અજિતશાન્તિ'ની રચના કયારે થઈ ?**

જ. નેમિનાથપ્રભુના ગણધર નંદિષેણ મુનિ શત્રુંજય ઉપર આવ્યા ત્યારે અજિત શાન્તિની રચના થઈ. નેમિનાથપ્રભુને નિર્વાણ પામ્યા છયાસી

હજાર પાંચસો વર્ષ થઈ ગયા. (શત્રુંજયલઘુકલ્પ)

**૧૦૧.તીર્થંકર ભગવાન છ આરામાંથી ક્યા આરામાં ઉત્પન્ન થાય ?**

જ. તીર્થંકર ભગવાન ત્રીજા તથા ચોથા આરામાં જ ઉત્પન્ન થાય. એ અનાદિનો નિયમ છે.

**૧૦૨.દેવલોકમાં સુધર્માવતંસક વિમાન તથા ઈશાનાવતંસક વિમાન કેટલા મોટા હોય છે ?**

જ. એ બંને વિમાનો સાડાબાર લાખ યોજન લાંબા પહોળા હોય છે. (સમવાયાંગ સૂત્ર)

**૧૦૩.ગૌશાલક કેવલજ્ઞાન પામ્યાપછી પ્રથમ દેશનામાં શું કહેશે ?**

જ. પ્રથમ દેશનામાં શ્રોતાઓને પોતાના પૂર્વભવની કાળી કથા બતાવશે અને તેનો ઉપસંહાર કરતા કહેશે કે ક્યારે પણ ધર્મગુરુઓની નિંદા કરશો નહિ. નહિ તો મારા જેવા ભયંકર હાલ થશે. (ભગવતીસૂત્ર)

**૧૦૪.કલંકી રાજા ક્યારે થશે ?**

જ. પાંચમાં આરામાં ૨૩ ઉદય થશે. તેમાં આઠમાં ઉદયમાં શ્રી પ્રભ યુગ પ્રધાનના સમયે કલંકી રાજા થશે. હાલ ત્રીજો ઉદય ચાલે છે. તે વખતના સંવત સાથે ૧૯૧૪ સંવતનો મેળ થશે. (મહાનિશીથ સૂત્ર)

**૧૦૫.શ્રી વીરપ્રભુએ ૨૭ ભવમાં કઈ કઈ મોટી પદવીઓ પ્રાપ્ત કરી ?**

જ. ૧. શ્રી શ્રેયાંસનાથ ભગવાનના શાસનકાળમાં ૧૮માં ભવે ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ

૧. ૨૩માં ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી.

૩. અને ૨૭માં ભવે સાક્ષાત્ શ્રી મહાવીર સ્વામી નામે તીર્થંકર દેવ થયા. આ પ્રમાણે વીરપ્રભુએ ત્રણ મહાન્ પદવીઓ મેળવી હતી.

**૧૦૬.આવતી ચોવીશીના અંતિમ જિનના તીર્થનું પ્રમાણ કેટલું ?**

જ. આવતી ચોવીશીના અંતિમ જિન ભદ્રકૃત સ્વામીનું શાસન સંખ્યાતા લાખ પૂર્વ સુધી ચાલશે.

**૧૦૭.દેવના કેટલા પ્રકાર છે ? કયા કયા ?**

જ. દેવના પાંચપ્રકાર છે.

૧. ભવ્યદ્રવ્યદેવ - તિર્યગ્ચ મનુષ્યવિગેરે ભાવિ દેવ.

૨. નરદેવ - ચક્રવર્તી વિગેરે

૩. ધર્મ દેવ - સાધુ વિગેરે

૪. ભાવ દેવ - ચાર પ્રકારના દેવ તે

૫. દેવાધિદેવ - તીર્થંકર (ભગવતી સૂત્ર)

**૧૦૮ સંયમ જીવનની એક ક્ષણ પણ કેટલું સુખ આપે ?**

જ. સંયમ જીવનની એક ક્ષણ બાણું ક્રોડ પલ્યોપમથી વધુ દેવલોકનું સુખ આપે.

**૧૦૯.પાંચમાં આરાના છેડે શું વિચ્છેદ પામશે ?**

જ. પાંચમાં આરાના ૨૧,૦૦૦ વર્ષ પૂરા થતાં છેલ્લા દિવસે પૂર્વાહ્નમાં -શ્રુત, સૂરિ, ધર્મ અને સંઘ વિચ્છેદ પામશે.મધ્યાન્હે -વિમલવાહન રાજા અને સુધર્મ મંત્રી.સાંજે - બાદર અગ્નિકાય વિચ્છેદ પામશે.

**૧૧૦.ચક્રવર્તીની નવ નિધીની શું વિશેષતા ?**

જ. નવે નિધિઓને આઠ આઠ ચક્ર એટલે પૈડા હોય છે. તે ૮ યોજન ઊંચી. ૯ યોજન વિસ્તારવાળી અને ૧૨ યોજન લાંબીહોય છે.

**૧૧૧.દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી જીવ ક્યાં જાય ?**

જ. હે ગૌતમ ! દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી અને પરસ્ત્રી સેવનથી જીવ સાતવાર સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે.એમ વીરપ્રભુએ કહ્યું છે. (સંબોધ સત્તરી)

**૧૧૨.શું આહાર વાપરવા છતાં પણ ઉપવાસ વિગેરેનું ફળ પ્રાપ્ત થાય ?**

જ. હા ! ગીતાર્થોએ અનેક રસ્તા બતાવ્યા છે. જેઓરાત્રે ચોવિહારનું પચ્ચકખાણ કરે અને દિવસે એક સ્થાને બેસીને તામ્બુલ વિગેરે વાપરે અને ગંઠી સહિત પચ્ચકખાણ કરે અને દિવસમાં એક જ વાર ભોજન

કરે છે. તેઓને એક મહિનામાં ચોવિહારા ૨૯ ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે એક એક દિવસમાં બે વાર ભોજન કરે તેઓને ચોવિહાર ૨૮ ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે.

દરરોજ એક મુહૂર્ત પ્રમાણ પણ ચઉવિહારનું પચ્ચકખાણ એક મહિના સુધી કરે તેને પરલોકમાં એક ઉપવાસ જેટલું ફળ પ્રાપ્ત થાય છે.

અન્ય દેવોના ભક્ત (જૈનેત્તર) જે તપથી દશ હજાર વર્ષોનું (દેવનું આયુષ્ય ભોગવે તે જિનેશ્વરે કહેલાં તપથી ક્રોડ પલ્યોપમનું આયુઃ ભોગવે. (પદ્મ ચરિત્ર)

**૧૧૩.નારકી તથા દેવતાઓનું આયુષ્ય કેટલું ?**

જ. જઘન્યથી - ૧૦,૦૦૦ વર્ષ ઉત્કૃષ્ટ થી ૩૩ - સાગરોપમ

**૧૧૪.ધર્મથી ધંધામાં લાભ ઈચ્છનાર જીવ કયું કર્મ બાંધે છે ?**

જ. દર્શન મોહનીય કર્મ.

**૧૧૫.ત્રેસઠ શલાકાપુરુષની ગણતરી બતાવો ?**

જ. ૨૪ તીર્થંકર, ૯ વાસુદેવ, ૯ બળદેવ, ૧૨ ચક્રવર્તી, ૯ પ્રતિવાસુદેવ.
૨૪+ ૯ + ૯ + ૧૨ + ૯ + =૬૩

**૧૧૬.ત્રણે લોકમાં શાશ્વતા જિનાલયો કેટલા ?**

જ. આઠ ક્રોડ, સત્તાવન લાખ, બસોને બ્યાસી.

**૧૧૭.ત્રણે લોકમાં શાશ્વતી પ્રતિમાઓ કેટલી ?**

જ. પંદર અબજ, બેંતાલીસ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીસ હજારને એંસી.

**૧૧૮.નારકીના જીવો દશ પ્રકારની વેદના સહન કરે તે કઈ ?**

જ. (૧) સીત, (૨) ઉષ્ણ, (૩) ક્ષુધા, (૪) પિપાસા, (૫) ખંજવાલ, (૬) પરવશતા, (૭) જ્વર, (૮) દાહ, (૯) ભય, (૧૦) શોક.

**૧૧૯.વૈરાગ્ય કેટલી જાતનાં તેના નામ જણાવો.**

જ. વૈરાગ્ય ત્રણ જાતના ૧. દુઃખ ગર્ભિત વૈરાગ્ય. ૨. મોહગર્ભિત વૈરાગ્ય. ૩. જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય.

**૧૨૦.ભવાભિનંદી એટલે શું ? તેના લક્ષણ બતાવો.**

જ. ભવ એટલે સંસાર અભિનંદી એટલે સારો માને સંસારને સારો માને. તે જીવ ભવાભિનંદી કહેવાય તેનાં લક્ષણ.

૧. આહારને માટે ધર્મ કરે, ૨.પૂજાવાને માટે ધર્મ કરે, ૩. ઉપધિ માટે ધર્મ કરે, ૪. મોટાઈ માટે ધર્મ કરે, ૫. ક્ષુદ્ર, અગંભીર હોય, ૬. લોભમાં આસક્ત હોય, ૭. દીનને વધારે દુઃખી કરે, ૮. ભયવાન, ૯. શઠ હોય, ૧૦. દ્વેષવાલો હોય, ૧૧. અજ્ઞાની હોય.

**૧૨૧.મિથ્યાત્વના પાંચ પ્રકાર કયા કયા ?**

જ. ૧. આભિગ્રાહિક મિથ્યાત્વ ૨. અનાભિગ્રાહિક મિથ્યાત્વ, ૩. આભિનિવેશિક મિથ્યાત્વ, ૪. શાંશયિક મિથ્યાત્વ, ૫. અનાભોગિક

**૧૨૨.પર્વ તિથિએ લીલું શાક કેમ ન ખવાય ?**

જ. કારણ કે પર્વ તિથિએ ચંદ્ર, પૃથ્વી અને શરીર ત્રણે સીધી પંક્તિમાં આવતા દરિયાના પાણીની જેમ શરીર પાણીમાં પણ ફેરફાર થાય છે. જેથી અગ્નિતત્વ મંદ અને વાયુ તત્ત્વ વધે છે જે મગજમાં ચડી વિકૃતિપેદા કરે છે અને શર્દી વિગેરે રોગો પણ તેનાથી થાય છે. લીલા શાકભાજીમાં ૯૦% પાણી હોય છે, તે ન ખાવાથી પાણી તત્વ કાબુ રહી શકે તે માટે તેમ સ્વાદિષ્ટ હોવાથી રાગ પેદા કરે છે.

**૧૨૩.કાંદા બટાટા ખાવામાં શું પાપ ?**

જ. એક સુઇના અગ્રભાગ જેટલા અંશમાં અનંતા જીવો રહેલા છે કંદમૂળ ખાવાથી વિકાર વાસના પણ વધે છે.

**૧૨૪.બટાટાની વેફર તો તળાઈ જાય તો પછી કેમ ન ખવાય ?**

જ. વેફર વિગેરેમાં તો આપણા નિમિત્તે જ જીવોની હત્યા થાય તેનાં ઘાતમાં નિમિત્ત આપણે બનીએ માટે તેમજ તે જોઇને બીજા પણ આવી પ્રવૃત્તિ કરે તે દોષના આપણે ભાગીદાર બનીએ છીએ.

**૧૨૫.સંસાર એટલે શું ? શું આ જગતનો કોઈ કર્તા છે ?**

જ. અનાદિ કાળથી જીવ નિગોદમાં આઠે કર્મોથી અવરાયેલો છે. એક

જીવ મોક્ષે જતાં તથા ભવ્યત્વના પરિપાકથી પોતે બહાર નીકળે છે અને અનેક જીવ ભેદોમાં સંસરણ કરે છે તેજ સંસાર.

આ સંસારને બનાવનાર કોઈ કર્તા નથી. પરન્તુ પુદ્ગલ તો અનાદિ કાળથી છે જ અને જીવ તેનો ઉપયોગ કરે છે. તેમજ તેઓ વિસ્રસા પરિણામથી અન્ય અન્ય રૂપે થઈ જાય છે.

**૧૨૬.બીજના દિવસે ચંદ્રમાના દર્શન કેમ થાય ?**

જ. એ દિવસે ચંદ્ર ઉગવાની દિશામાં શાશ્વતી પ્રતિમાઓ હોય છે. તો તે પ્રતિમાના દર્શન કરવામાટે.

**૧૨૭.વંદિતા સૂત્રના કર્તા કોણ ?**

જ. વંદિતા સૂત્રના કર્તા ગણધર ભગવંત કેમ કે જે સૂત્રના કર્તા સ્મૃતિમાં ન આવતા હોય તેમજ તે સૂત્ર સર્વ સંઘને માન્ય હોય તેના કર્તા ગણધર ભગવાન હોય છે.

**૧૨૮.આર્ય રક્ષિતસૂરીના ગુરુ તથા દુર્બલિકા પુષ્પ મિત્રના દાદા ગુરુ કોણ?**

જ. તોષિલ પુત્રાચાર્ય.

**૧૨૯.અટ્ઠાઈ એટલે શું ? તે કેટલી છે ? તથા કઈ કંઈ ?**

જ. અઠ્ઠાઈના દિવસોમાં શ્રાવકોએ લીલોતરી તથા આરંભ સમારંભનો ત્યાગ કરવો જોઈએ.

વિશેષપ્રકારે આરાધના કરવા માટેના આવતા આઠ દિવસો

૧) કારતક સુદ ૭ થી કારતક સુદ ૧૪ - કારતક ચૌમાસાની

૨) ફાગણ સુદ ૭ થી ફાગણ સુદ ૧૪- ફાગણ ચૌમાસાની

૩) ચૈત્ર સુદ ૭ થી ચૈત્ર સુદ ૧૪ - આયંબિલની ઓળી

૪) અષાઢ સુદ ૭ થી અષાઢ સુદ ૧૪ - અષાઢ ચૌમાસાની

૫) શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪- પર્યુષણની

૬) આસો સુદ ૭ થી આસો સુદ ૧૪ આયંબિલની ઓળી.

**૧૩૦.આરતી અને મંગલદીવો કેવી રીતે ઉતારવાના ?**

જ. આરતી તથા દીવો ડાબી બાજુથી ઊંચે લઈ જઈ જમણી બાજુ ઉતારવા નાભિની નીચે તથા મસ્તકથી ઉપર ન જવો જોઈએ. આશાતના થાય.

**૧૩૧.આશાતના એટલે શું ? તે કેટલી છે ? અને કઈ ?**

જ. લાભને બદલે નુકશાન થાય તેવું આરોગ્ય વર્તન જિનાલય સંબંધી ૧૦ આશાતના છે. ૧. તંબોલ પાન ખાવું, ૨. પાણી પીવું, ૩. ભોજન કરવું, ૪. જોડા પહેરવા. ૫. મૈથુન સેવવું, ૬. સુઇ જવું, ૭. થુંકવું, ૮. પેશાબ કરવો, ૯. સંડાસ જવું, ૧૦. જુગાર રમવો.

**૧૩૨.ભાવના એટલે શું ? તે કેટલી ?**

જ. આત્માને શુભ ભાવમાં રાખે તે ભાવના.

ભાવના ૪ પ્રકારની

મૈત્રીભાવના - સર્વે જીવોની સાથે મિત્રતા રાખવી.

પ્રમોદભાવના - ગુણી જનોના ગુણ દેખીને હર્ષ પામવો.

કારૂણ્ય ભાવના - દુઃખી જીવો, ધર્મહીન, જીવો ઉપર દયા રાખવી.

મધ્યસ્થ ભાવના - અજ્ઞાની અથવા મૂઢપ્રાણીઓ પર મધ્યસ્થ ભાવરાખવો.

## જિન પૂજાનો પ્રભાવ

સવારેકરેલી જિનપૂજા-રાત્રિના પાપો નાશ કરે.

મધ્યાન્હે કરેલી જિનપૂજા-આજન્મનાં પાપો નાશ કરે.

સંધ્યાએ કરેલી જિનપૂજા-સાતભવોનાં પાપો નાશ કરે.

(શ્રાદ્ધવિધી)

**રાવણ ૧૪ ભવ પછી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થશે.**

(પદ્મચરિત્ર)

## ત્રીજો ખંડ

# સંક્ષિપ્ત પ્રશ્નોત્તર

| પ્રશ્નો | જવાબ |
|---|---|
| રાવણને કેટલી પુત્રી ? | સવાલાખ |
| હરિભદ્રસૂરીએ કેટલા ગ્રંથ રચ્યા ? | ૧૪૪૪ |
| હેમચંદ્રાચાર્યે કેટલા શ્લોક રચ્યા ? | સાડા ત્રણ કરોડ |
| રાણકપુર કોણે બંધાવ્યું ? | ધન્ના પોરવાળ |
| તારંગાજી કોણે બંધાવ્યું ? | કુમારપાળ રાજાએ |
| જગડુશાએ કેટલી દાનશાળા બંધાવી ? | સાતસો |
| ભોજરાજા રોજે કેટલું દાન આપતા ? | સવાલાખ |
| વિક્રમરાજા રોજે કેટલું દાન આપતા ? | સવા કરોડ |
| ભીમ શ્રાવકના ગુરુ કાલધર્મ પામ્યા ત્યારે એને કેટલા વર્ષ અન્નનો ત્યાગ કર્યો ? | બાર વર્ષ સુધી |
| સ્થૂલભદ્રનું નામ કેટલી ચોવીશી સુધી રહેશે ? | ચોરાશી ચોવીશી |
| રોજની ૭૦૦ ગાથા કરનાર કોણ ? | દુર્બલિકા પુષ્પમિત્ર |
| કુમારપાળ રાજા કેટલા વર્ષની ઉંમરે વ્યાકરણ ભણવાનું ચાલુ કર્યું ? | ૫૪ વર્ષની ઉંમરે |
| મરુદેવી માતાનું આયુ કેટલું ? | પૂર્વ ક્રોડ વર્ષ |
| મહાવીર સ્વામીએ ૨૫માં ભવમાં કેટલા માસખમણ ક્ર્યા ? | ૧૧,૮૦,૬૪૫ |
| ભવની ગણતરી ક્યારે થાય ? | સમકિત પામ્યાપછી |
| ચૌદ પૂર્વનો સાર શેમાં છે ? | નવકાર મંત્રમાં |
| ૨૦ તીર્થંકરો ક્યાં નિર્વાણ પામ્યા ? | સમેત શિખર |
| જોડાક્ષર વગરનું સૂત્ર કયું ? | સંસાર દાવાનલ |
| પુસ્તક રાખવાનું સાધન શું ? | સાપડો |
| સાધુ જેવો શ્રાવક શામાં ગણાય ? | સામાયિકમાં |

| પ્રશ્નો | જવાબ |
|---|---|
| અનંતાજીવો ક્યાં મોક્ષ પામ્યા ? | સિદ્ધિગિરી ઉપર |
| મયણાશ્રીપાલે શાની આરાધના કરી ? | સિદ્ધચક્રની |
| ચંપાનગરીનું દ્વાર કોણે ખોલ્યું ? | સુભદ્રાસતીએ |
| ભુખને શમાવવા માટે સંયમ કોણે સ્વીકાર્યું ? | સંપ્રતિરાજાએ |
| મહાવીરની અંતિમ દેશના કેટલા પહોર ચાલી ? | સોળ પહોર |
| વીરપ્રભુએ કયી શ્રાવિકાને ધર્મલાભ કહેડાવ્યા ? | સુલસા શ્રાવિકાને |
| પરમાત્મા શામાં બેસી દેશના આપે ? | સમવસરણમાં |
| ગૌતમ સ્વામીની જન્મભૂમિનું નામ ? | ગોબરગામ |
| પરમાત્માના જન્મ સમયે દેવતાઓ શું ઉજવે ? | સ્નાત્ર મહોત્સવ |
| ગૌતમસ્વામીની નિર્વાણભૂમિનું નામ ? | ગુણીયાજી |
| એક જ દિવસમાં દીક્ષા લઈ કેવળજ્ઞાન પામનાર કોણ | ગજસુકુમાલ |
| ૨૪ જિનની કુલ ગણધર સંખ્યા કેટલી ? | ૧૪૫૨ |
| ૧૮ હજાર સાધુઓને વિધિસહિતવંદન કરનાર કોણ ? | કૃષ્ણ મહારાજ |
| આ અવસર્પિણીમાં સર્વ પ્રથમ મોક્ષ જનારનું નામ ? | મરુદેવીમાતા |
| મૌન ૧૧ની આરાધના કરનાર શ્રાવકનું નામ શું ? | સુવ્રતશેઠ |
| | કૃષ્ણમહારાજા |
| કઈ શ્રાવિકાએ છ મહીનાના ઉપવાસ કર્યા હતા ? | ચંપાશ્રાવિકાએ |
| શ્રેણિક રાજા કોની પાસે શા માટે સામાયિકનું ફળ માંગવા ગયાહતા ? | પુણિયા શ્રાવક પાસે, નરક તોડવા માટે |
| વીરપ્રભુએ કઈ જગ્યાએ ૧૪ ચૌમાસા કર્યા હતા ? | નાલંદા પાડામાં |
| શ્રેણિકરાજાના ઘરમાં કેટલા જીવો તીર્થંકર થવાના ? | બે તીર્થંકર, શ્રેણિક અને ઉદયન |
| વીર ભગવાનનું શાસન કેટલા વર્ષ ચાલશે ? | ૨૧,૦૦૦ વર્ષ |
| વીરપ્રભુરોજ કેટલું દાન આપતા ? | એક ક્રોડને આઠ લાખ |
| વીરપ્રભુએ છેલ્લું ચૌમાસુ કઈ જગ્યાએ કર્યું ? | પાવાપુરીમાં |
| વીરપ્રભુને સમકિતની પ્રાપ્તિ કયા ભવમાં થઈ | નયસારના ભવમાં |

| પ્રશ્નો | જવાબ |
|---|---|
| ગૌતમસ્વામી કોને પ્રતિબોધવા ગયા હતા ? | દેવશર્માને |
| વીરપ્રભુ ગૌતમને વારંવાર શું ઉપદેશ આપતા ? | હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કરીશ |
| ગૌતમસ્વામીજીને કેવલજ્ઞાન ક્યારે થયું ? | કારતક સુદ એકમની સવારે |
| નવકારમંત્ર કઈ ભાષામાં છે ? | પ્રાકૃતભાષામાં |
| સિદ્ધાચલ ઉપર પ્રાચીન વૃક્ષ કયું ? | રાયણવૃક્ષ |
| સંવત્સરીના દિવસેકેટલા લોગસ્સનો કાઉસગ્ગ આવે ? | ચાલીસ લોગસ્સ ઉપર ૧ નવકાર |
| આર્યદેશ કેટલા ? | સાડા પચ્ચીસ |
| અનાર્ય દેશ કેટલા ? | ૩૧૯૭૪ાા |
| ઋષભદેવને કેટલા દિવસ સુધી આહાર ન મળ્યો ? | ૪૦૦ દિવસ |
| સાધુ-સાધ્વીજીને વહોરાવાથી કેટલો લાભ મળે ? | સંયમધર્મની આરાધનાનો છઠો ભાગ |
| આપણી આરાધના હાલમાં કેમ ફળીભૂત થતી નથી ? | અવિધિ તથા અનાદરના કારણે |
| રેવતીએ તીર્થંકર નામ કર્મ ક્યારે બાંધ્યું ? | સિંહ અણગારને વહોરાવતા.. |
| સ્નાનાગારમાં વૈરાગ્ય કોણ પામ્યા ? | ધન્યકુમાર |
| બનેવીનો અવાજ સાંભળી સાધુ કોણ બન્યા ? | શાલીભદ્ર શેઠ |
| દયા ચિંતવવા દિવાકર કોણ બન્યા ? | ધર્મરૂચિઅણગાર, મેઘકુમાર |
| માયા કરી સ્ત્રીવેદ કોણે બાંધ્યું ? | મલ્લીનાથ ભગવાને પૂર્વભવમાં |
| કાર્તિક શેઠે કેટલા સાથે દીક્ષા લીધી ? | ૧૦૦૮ મિત્રો સાથે |
| રસ-કસ વગેરનો આહારકરનાર કોણ થયા ? | કાંકદીનો ધન્નો |

| પ્રશ્નો | જવાબ |
|---|---|
| ચંડાલ કુળમાંથી સાધુ કોણ બન્યા ? | હરિકેશી મુનિ |
| ઉદ્યાનમાં રહી ઉદ્ધાર કોણે કર્યો ? | કપિલ મુનિએ |
| વીરપ્રભુના ૧૪ હજાર સાધુમાં શ્રેષ્ઠ તપસ્વી કોણ ? | ધન્ના અણગાર |
| નેમિનાથ પ્રભુના ૧૮ હજાર સાધુમાં શ્રેષ્ઠ તપસ્વી કોણ ? | ઢંઢણ ઋષિ |
| સાધુને વહોરાવ્યા પછી અશુભ કર્મ કોણેબાંધ્યું ? | મમ્મણ શેઠે (પૂર્વભવમાં) |
| વેશ્યાને વીર ઉપાસિકા બનાવવનાર કોણ ? | સ્થુલભદ્ર મુનિ |
| જિનપ્રતિમા જોઈ મહાત્મા કોણબન્યા ? | આર્દ્રકુમાર |
| વીર પછી જંબુસ્વામી કેટલા વર્ષે મોક્ષે ગયા ? | ૬૪ વર્ષે |
| મરૂદેવી માતા પછી ઋષભદેવ કેટલા વર્ષે મોક્ષે ગયા ? | એક હજાર વર્ષ ન્યુન એક લાખ પૂર્વ પછી |
| પત્નીના બોધથી વૈરાગ્ય કોણ પામ્યા ? | તેતલીપુત્ર |
| ઋદ્ધિનું મદ કરતા સાધુ કોણ બન્યા ? | દશાર્ણભદ્રરાજા |
| વીરપ્રભુની પ્રથમ સાધ્વીજી કોણ ? | ચંદનબાળા |
| વેશ્યાને ઘરે રહી રોજ ૧૦ જીવોને બોધ પમાડનાર કોણ ? | નંદિષેણમુનિ |
| અવસર્પિણીમાં પહેલા સાધ્વીજી કોણ થયા ? | બ્રાહ્મી |
| નવાંગી ટીકાકાર કોણ ? | શ્રી અભયદેવસૂરી |
| શ્રાવકને કેટલા પ્રમાણની દયા હોય ? | સવાવસાની |
| અંજના સતીએ કેટલા વર્ષ દુઃખ ભોગવ્યું ? | બાવીશ વર્ષ સુધી |
| અઈમુત્તો કોને ઘેર વહોરવા લઇ ગયો હતો ? | ગૌતમસ્વામીને |
| છઠ્ઠા આરામાં કેટલા વર્ષનું આયુષ્ય થશે ? | વીસ વરસનું |
| પૌષધમાં ૧૬ સ્વપ્ન કયા રાજાને આવ્યા ? | ચંદ્રગુપ્ત રાજાને |
| ‘કર્મ કરે તે હોય’ એ બોલનાર કોણ ? | મયણા સુંદરી |
| હીરસૂરીએ કયા રાજાને પ્રતિબોધ પમાડ્યો ? | અકબર બાદશાહને |
| કયા આચાર્યના કેટલા શિષ્યો ઘાણીમાં પીલાણા? | સ્કંધકાચાર્યના ૪૯૯ શિષ્યો |

| પ્રશ્નો | જવાબ |
|---|---|
| તીર્થંકર નામ કર્મ નિકાચિત કરવા કયો તપ કરવાનો હોય ? | વીશસ્થાનક તપ |
| ઘોડિયામાં ૧૧ અંગ ભણનાર કોણ ? | વજ્રસ્વામી |
| તિર્ચ્છાલોકમાં દ્વીપ સમુદ્ર કેટલા | અસંખ્ય |
| થાળી ધોઈને પીવાથી શું લાભ થાય ? | એક આયંબિલનો |
| ધંધો કરવાથી કયું કર્મબંધાય ? | ચારિત્ર મોહનીય |
| ચંદ્રગ્રહણ કેવી રીતે થાય ? | નિત્યરાહુ વચ્ચે આવવાથી |
| સૂર્યગ્રંહણ કેવી રીતે થાય ? | અનિત્ય રાહુ વચ્ચે આવવાથી |
| ચંડકૌશિક સર્પ મરીને કયાં ઉત્પન્ન થયો ? | આઠમા દેવલોકમાં |
| કેવળી બન્યા પછી છ મહીના સુધી ઘેર રહેનાર કોણ ? | કુર્માપુત્ર |
| કુર્માપુત્રના શરીરની અવગાહના કેટલી ? | બે હાથ પ્રમાણ |
| નાભિરાજાના શરીરનું પ્રમાણ કેટલું ? | પાંચસો પચીસ ધનુષ પ્રમાણ |
| મરુદેવી માતાના શરીરનું પ્રમાણ કેટલું ? | પાંચસો ધનુષ પ્રમાણ |
| વીર પ્રભુએ તીર્થંકર નામ કર્મ કોના ભવમાં ઉપાર્જન કર્યું ? | નંદનઋષિના ભવમાં |
| કર્માશા રાજાના પિતાનું નામ ? | તોલાશાહ |
| વજ્રવામીનો જન્મ કયાં થયો ? | તુંબવનગામમાં |
| ૧૨માં દેવલોકમાં કેટલા ચૈત્યો છે ? | ત્રણસો |
| ધનપાલ કવિએ કયો ગ્રંથ બનાવ્યો | તિલક મજંરી |
| અશોક વૃક્ષની ઊંચાઈ કેટલી ? | ત્રણ ગાઉ |
| શીતલનાથ ભ.ના. સમવસરણની ઉંચાઈ ? | ત્રીસ ગાઉ |
| અભિનંદનસ્વામીની કાયા કેટલી ? | ત્રણસો પચાસ ધનુષ |

| પ્રશ્નો | જવાબ |
|---|---|
| કયા તાપસે ૬૦,૦૦૦ વર્ષ તપસ્યા કરી ? | તામલી તાપસે |
| માસ ખમણના પારણે કડવી તુંબડી વાપરનાર કોણ ? | ધર્મરૂચિ અણગાર |
| માત્ર નવ મહીનામાં તપથી સર્વાર્થ સિદ્ધેકોણ ગયા ? | કાકન્દીનો ધન્નો |
| શય્યંભવસૂરીએ કોના માટે કયું સૂત્ર બનાવ્યું ? | પોતાના પુત્ર મનક માટે દશવૈકાલિક સૂત્ર |
| તપાગચ્છના અધિષ્ઠાયક દેવ કોણ ? | મણિભદ્રવીર |
| નિગોદનું વર્ણન કરનાર કોણ હતું ? | આર્યરક્ષિતસૂરી |
| | કાલકાચાર્ય |

## બત્રીશ અનંતકાયના નામ

| | | | |
|---|---|---|---|
| ૧. | સર્વકંદની જાતિ | ૯ | ખરસૈયા |
| ૨ | વજ્રકંદ | ૧૦ | લસણ |
| ૩ | લીલી હળદર | ૧૧ | ગળો |
| ૪ | ભોંય કોળું | ૧૨ | વિષકારેળી |
| ૫ | થોરની જાત | ૧૩ | ગાજર |
| ૬ | લીલો કચુરો | ૧૪ | લુણવૃક્ષ |
| ૭ | લીલો આદુ | ૧૫ | લોંઢક કંદ |
| ૮ | સીતાવરી વેળ | ૧૬ | કિસલય પત્ર |
| ૧૭ | ગિરી કર્ણિકા | ૨૫ | બિલાડીના ટોપ |
| ૧૮ | ખરસ | ૨૬ | વિદલના અંકુરા |
| ૧૯ | થેંગની ભાજી | ૨૭ | ઢક્કવત્થુલની ભાજી |
| ૨૦ | લીળી મોથ | ૨૮ | મસુરવલ્લી |
| ૨૧ | લુણીની છાલ | ૨૯ | પલ્લકાની ભાજી |
| ૨૨ | ખિલ્લુ ડો | ૩૦ | કુણી આંબળી |
| ૨૩ | અમૃવેલ | ૩૧ | બટાટા |
| ૨૪ | મૂળો | ૩૨ | ડુંગરી |

## જૈન શાસનમાં ગુણવાનોના ગુણો

| | | | |
|---|---|---|---|
| શ્રી વીરપ્રભુની | : ક્ષમા | શ્રી સુલસાશ્રાવિકાની | : શ્રદ્ધા |
| શ્રી ગૌતમસ્વામીનો | : વિનય | ધર્મરૂચિ અણગારની | : દયા |
| શ્રી શાલિભદ્રનો | : ત્યાગ | લક્ષ્મણનો | : સદાચાર |
| શ્રી હરિશ્ચન્દ્રનું | : સત્ય | પેથડમંત્રીની | : પ્રભુભક્તિ |
| શ્રી જગડુશાનું | : દાન | એકલવ્યની | : ગુરુભક્તિ |
| શ્રી ધન્ના અણગારનો | : તપ | શ્રવણની | : માતૃભક્તિ |
| જીરણ શેઠનો | : ભાવ | યુધિષ્ઠિરનો | : ન્યાય |
| શ્રી કુમારપાલની | : ગુરૂભક્તિ | ભર્તૃહરિનો | : વૈરાગ્ય |
| શ્રી કૃષ્ણ મહારાજાનું | : ક્ષાયિક સમકિત | અભયકુમારની | : બુદ્ધિ |
| શ્રી શ્રેણિક મહારાજાનું | : ક્ષાયિક સમકિત | વિક્રમરાજાની | : પરદુઃખ ભંજન |
| શ્રી પુણીયા શ્રાવકનો | : સંતોષ | ગજસુકુમારની | : સમતા |

## પ્રથમ ભાવોનું પ્રગટીકરણ

| | | | |
|---|---|---|---|
| પ્રથમ તીર્થંકર | : ઋષભદેવ | પ્રથમ ચક્રવર્તી | : ભરતરાજા |
| પ્રથમ ગણધર | : પુંડરીક સ્વામી | પ્રથમ વાસુદેવ | : ત્રિપૃષ્ઠ (વીરપ્રભુનોજીવ) |
| પ્રથમ કેવળી | : ઋષભદેવ | પ્રથમ પ્રતિવાસુદેવ | : અશ્વદેવ |
| પ્રથમ મોક્ષમાર્ગી | : મરુદેવામાતા | પ્રથમ બળદેવ | : અચળ |
| પ્રથમ આરો | : સુષમ સુષમ | પ્રથમ વ્રત | : પ્રાણાતિપાત વિરમણવ્રત |
| પ્રથમ વિહરમાન | : સીમંધરસ્વામી | | |
| પ્રથમ સાધ્વી | : બ્રાહ્મિ | | |
| પ્રથમ શ્રાવિકા | : સુંદરી | | |

## છેલ્લા ભાવોની શોધ

| | | | |
|---|---|---|---|
| અંતિમ તીર્થંકર | : મહાવીર સ્વામી | અંતિમ વાસુદેવ | : કૃષ્ણમહારાજા |
| અંતિમ ગણધર | : પ્રભાસ સ્વામી | અંતિમ બળદેવ | : બળભદ્ર |
| અંતિમ કેવળી | : જંબુ સ્વામી | અંતિમ વ્રત | : અતિથિસંવિભાગ |
| અંતિમ આચાર્ય | : દુપ્પહ સૂરી | અંતિમ મોક્ષગામી | : જંબુ સ્વામી |
| અંતિમ સાધ્વી | : ફલ્ગુશ્રી | અંતિમ પાપ સ્થાનક | : મિથ્યાત્વશલ્ય |
| અંતિમ શ્રાવક | : નાગીલ | અંતિમ સૂત્ર | : દશવૈકાલિક |
| અંતિમ શ્રાવકા | : સત્યશ્રી | અંતિમ વિહરમાન | : અજિતવીર્ય |
| અંતિમ ચૌદપૂર્વધર | : ભદ્રબાહુ સ્વામી | અંતિમ વ્યસન | : પરસ્ત્રીગમન |
| અંતિમ આરો | : દુઃષમ-દુઃષમ | અંતિમ છરી | : આવશ્યક દોયવારી |
| અંતિમ ચક્રવર્તી | : બ્રહ્મદત્ત | અંતિન નિધી | : શંખ |

## કોણ ક્યાં છે ?

| કોનો જીવ | કયાં | કોનો જીવ | કયાં |
|---|---|---|---|
| રામ | : મોક્ષમાં | કુમારપાળ | : દેવલોકમાં |
| સીતા | : ૧૨માં દેવલોકમાં | ત્રિશલાદેવી | : માહેન્દ્ર દેવલોકમાં |
| અનુપમાદેવી | : મહાવિદેહ ક્ષેત્રમાં કેવળી | ઋષભદત્ત બ્રાહ્મણ | : મોક્ષમાં |
| | | પ્રભવસ્વામી | : દેવલોકમાં |
| શ્રેણિક | : પહેલી નરકમાં | ચંદનબાળા | : મોક્ષમાં |
| ગૌશાળા | : ૧૨માં દેવલોકમાં | મરૂદેવામાતા | : મોક્ષમાં |
| હનુમાન | : મોક્ષમાં | બ્રહ્મદત્ત ચક્રવર્તી | : સાતમી નરક |
| રાવણ | : ૪ થી નરકમાં | ભીમ અર્જુન | : મોક્ષમાં |
| કમઠ-તાપસ | : દેવલોકમાં | હેમચંદ્રાચાર્ય | : ૪ થા દેવલોકમાં |
| લક્ષ્મણા સાધ્વી | : દેવલોકમાં | દેવાનંદા | : મોક્ષમાં |
| | | મમ્મણ શેઠ | સાતમી નરકમાં |

## અતીત ચોવીશીના નામ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | કેવળજ્ઞાની | ૯. | દામોદર | ૧૭. | અનિલ |
| ૨. | નિર્વાણી | ૧૦. | સુતેજ | ૧૮. | યશોધર |
| ૩. | સાગર | ૧૧. | સ્વામીનાથ | ૧૯. | કૃતાર્થ |
| ૪. | મહાયશ | ૧૨. | મુનિસુવ્રત | ૨૦. | જિનેશ્વર |
| ૫. | વિમળ | ૧૩. | સુમતિ | ૨૧. | શુદ્ધમતિ |
| ૬. | સર્વાનુભુતિ | ૧૪. | શિવગતિ | ૨૨. | શિવંકર |
| ૭. | શ્રીધર | ૧૫. | અરત્યાગ | ૨૩. | સ્યંદન |
| ૮. | શ્રી દત્ત | ૧૬. | નમીશ્વર | ૨૪. | સંપ્રતિ |

## વાસુદેવ અને બળદેવના નામો

**વાસુદેવો**

૧. શ્રી ત્રિપૃષ્ઠ
૨. શ્રી દ્વિપૃષ્ઠ
૩. શ્રી સ્વયંભૂ
૪. શ્રી પુરૂષોત્તમ
૫. શ્રી પુરુષસિંહ
૬. શ્રી પુરુષ પુંડરીક
૭. શ્રી દત્ત
૮. શ્રી લક્ષ્મણ
૯. શ્રી કૃષ્ણ

**બળદેવો**

૧. શ્રી અચળ
૨. શ્રી વિજય
૩. શ્રી ભદ્ર
૪. શ્રી સુપ્રભ
૫. શ્રી સુદર્શન
૬. શ્રી આનંદ
૭. શ્રી નંદન
૮. શ્રી રામચંદ્ર
૯. શ્રી બળરામ

**પ્રતિ વાસુદેવો**

૧. શ્રી અશ્વગ્રીવ
૨. શ્રી તારક
૩. શ્રી મેરક
૪. શ્રી મધુ
૫. નીસુંભ
૬. શ્રી બળી
૭. શ્રી પ્રહલાદ
૮. શ્રી રાવણ
૯. શ્રી જરાસંઘ

## (આઠ પ્રકારના મદ) (કોને કર્યો)

| | | |
|---|---|---|
| ૧. | જાતિમદ | હરિકેશી મુનિએ પૂર્વભવમાં કર્યો |
| ૨. | કુળમદ | મરીચીએ કર્યો |
| ૩. | બળમદ | શ્રેણીક રાજાએ કર્યો |
| ૪. | રૂપમદ | સનત્કુમાર ચક્રવર્તીએ કર્યો |
| ૫. | તપમદ | કુરગડુના સહવાસી તપસ્વીએ |
| ૬. | ઋદ્ધિમદ | દશાર્ણભદ્રે કર્યો |
| ૭. | વિદ્યામદ | સ્થૂલભદ્રજીએ કર્યો |
| ૮. | લાભમદ | સુભુમ ચક્રવર્તીએ કર્યો |

## શત્રુંજયના એકવીસ નામ

| | | | |
|---|---|---|---|
| ૧. | શત્રુંજય | ૫. | સુરગિરી |
| ૨. | પુંડરીક ગિરિ | ૬. | મહાગિરી |
| ૩. | સિદ્ધક્ષેત્ર | ૭. | પુણ્યરાશી |
| ૪. | વિમલાચલ | ૮. | શ્રીપદગિરી |
| ૯. | ઈન્દ્રપ્રકાશ | ૧૬. | પૃથ્વીપીઠગિરી |
| ૧૦. | મહાતીર્થ | ૧૭ | સુભદ્રગિરી |
| ૧૧. | શાશ્વતગિરી | ૧૮. | કૈલાશગિરી |
| ૧૨. | દઢગિરી | ૧૯. | કદંબગિરી |
| ૧૩. | મુક્તિ નિલયગિરી | ૨૦. | ઉજ્જવલગિરી |
| ૧૪. | પુષ્પદંતગિરી | ૨૧. | સર્વકામદાયકગિરી |
| ૧૫. | મહાપદ્મગિરી | | (વિદ્યાપ્રાભૃતમાં) |

## સોળ સતીઓના નામ

| | | | |
|---|---|---|---|
| ૧. | બ્રાહ્મી | ૯. | સીતા |
| ૨. | સુંદરી | ૧૦. | સુભદ્રા |
| ૩. | ચંદનબાળા | ૧૧. | શીવા |
| ૪. | રાજીમતી | ૧૨. | કુંતી |
| ૫. | દ્રૌપદી | ૧૩. | સીલવંતી |

| | | | |
|---|---|---|---|
| ૬. | કૌશલ્યા | ૧૪. | દમયંતી |
| ૭. | મૃગાવતી | ૧૫. | પ્રભાવતી |
| ૮. | સુલસા | ૧૬. | પદ્માવતી |

## શ્રાવકના ૨૧ ગુણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | અક્ષુદ્ર | ૮. | દાક્ષિણ્ય | ૧૫. | દીર્ઘદર્શી |
| ૨. | રૂપવાન | ૯. | લજ્જાલુ | ૧૬. | વિશેષજ્ઞ |
| ૩. | શાંત | ૧૦. | દયાલું | ૧૭. | વૃદ્ધાનુમાર્ગી |
| ૪. | લોકપ્રિય | ૧૧. | મધ્યસ્થ | ૧૮. | વિનયી |
| ૫. | અંકુશ | ૧૨. | ગુણરાગી | ૧૯. | કૃતજ્ઞ |
| ૬. | પાપભીરૂ | ૧૩. | સત્કથાખ્યા | ૨૦. | પરહિતાર્થકારી |
| ૭. | અશઠ | ૧૪. | સુપક્ષયુક્ત | ૨૧. | લબ્ધલક્ષ્ય |

ચોથોખંડ

## વીરપ્રભુના ૧૧ ગણધરો તથા તેમના શિષ્યો

| | ગણધરો | | શિષ્ય |
|---|---|---|---|
| ૧. | શ્રી ઈન્દ્રભૂતિ | - | ૫૦૦ |
| ૨. | શ્રી અગ્નિભૂતિ | - | ૫૦૦ |
| ૩. | શ્રી વાયુભૂતિ | - | ૫૦૦ |
| ૪. | શ્રી વ્યક્તભૂતિ | - | ૫૦૦ |
| ૫. | શ્રી સુધર્મા સ્વામી | - | ૫૦૦ |
| ૬. | શ્રી મંડિતભૂતિ | - | ૩૫૦ |
| ૭. | શ્રી મૌર્યપુત્ર | - | ૩૫૦ |
| ૮. | શ્રી અકંપિત | - | ૩૦૦ |
| ૯. | શ્રી અચલભ્રાત | - | ૩૦૦ |
| ૧૦. | શ્રી મેતારજ | - | ૩૦૦ |
| ૧૧. | શ્રી પ્રભાસ | - | ૩૦૦ |
| | | કુલ | ૪૪૦૦ શિષ્યો |

★ આ બધા ગણધરો વૈભારગિરિ ઉપર મોક્ષેગયેલા.

# વીશ સ્થાનકના પદે પદે પદવી

| | નામ | | તીર્થંકર થયા |
|---|---|---|---|
| ૧. | અરિહંતપદ | - | દેવપાલ રજા |
| ૨. | સિદ્ધપદ | - | હસ્તિપાલ રાજા |
| ૩. | પ્રવચન પદ | - | જિનદત્ત |
| ૪. | આચાર્યપદ | - | પુરુષોત્તમરાજા |
| ૫. | સ્થવિર પદ | - | પદ્મોત્તર રાજા |
| ૬. | ઉપાધ્યાય પદ | - | વીરભદ્ર રાજા |
| ૭. | સાધુ પદ | - | મહેન્દ્રપાલરાજા |
| ૮. | જ્ઞાન પદ | - | જયન્ત રાજા |
| ૯. | દર્શન પદ | - | હરિવિક્રમ રાજા |
| ૧૦. | વિનય પદ | - | ધનકુમાર રાજા |
| ૧૧. | ચારિત્ર પદ | - | અરુણદેવ રાજા |
| ૧૨. | બ્રહ્મચર્ય પદ | - | ચંદ્રવર્મ રાજા |
| ૧૩. | ક્રિયા પદ | - | હરિવાહન રાજા |
| ૧૪. | તપ પદ | - | કનકકેતુ રાજા |
| ૧૫. | ગૌતમ પદ | - | નરવાહન રાજા |
| ૧૬. | જિન પદ | - | જીમૂતકેતુ રાજા |
| ૧૭. | સંયમ પદ | - | પુરંદર રાજા |
| ૧૮. | અભિનવ પદ | - | સાગરચંદ્ર રાજા |
| ૧૯. | શ્રુત પદ | - | રત્નચૂડ રાજા |
| ૨૦. | તીર્થ પદ | - | મેરુપ્રભ રાજા |

## ચૌદ પૂર્વના નામ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ઉત્પાદ પૂર્વ | ૮. | શ્રી ક્રિયા પ્રવાદ |
| ૨. | શ્રી અગ્રાયણી | ૯. | શ્રી કર્મ પ્રવાદ |
| ૩. | શ્રી વીર્ય પ્રવાદ | ૧૦. | શ્રી પ્રત્યાખ્યાન પ્રવાદ |
| ૪. | શ્રી અસ્તિ પ્રવાદ | ૧૧. | શ્રી વિદ્યા પ્રવાદ |
| ૫. | શ્રી જ્ઞાન પ્રવાદ | ૧૨. | શ્રી કલ્યાણ પ્રવાદ |
| ૬. | શ્રી સત્ય પ્રવાદ | ૧૩. | શ્રી પ્રાણ વાય |
| ૭. | શ્રી આત્મપ્રવાદ | ૧૪. | શ્રી લોકબિંદુ સાર |

ચૌદ પૂર્વ લખવા માટે ૧૩,૩૮૩ હાથી પ્રમાણ સ્યાહી જોઈએ.
(હાથી મહાવિદેહક્ષેત્રનો જાણવો.)

## સાત વ્યસન

૧. ચોરી
૨. જુગાર
૩. માંસ
૪. વેશ્યા ગમન
૫. શિકાર
૬. દારુ
૭. પરસ્ત્રીગમન

## આઠ અભવ્ય

૧. કાળસૌરિક કસાઈ
૨. કપિલાદાસી
૩. અંગારમર્દકાચાર્ય
૪. સંગમદેવ
૫. પાલક પુરોહિત
૬. વિનયરત્ન સાધુ
૭. વૈતરણી વૈદ્ય
૮. કૃષ્ણનો પુત્ર પાલક

## છ પ્રકારના દર્શન

| | | | |
|---|---|---|---|
| ૧. | જૈન દર્શન | ૪. | નૈયાયિક દર્શન |
| ૨. | મીમાંસક દર્શન | ૫. | ચાર્વાક દર્શન |
| ૩. | બૌદ્ધ દર્શન | ૬. | સાંખ્ય દર્શન |

# પિસ્તાલીસ આગમના નામ

૧૧ અંગ

૧. શ્રી આચારંગ
૨. શ્રી સૂયગડાંગ
૩. શ્રી ઠાણાંગ
૪. શ્રી સમવાયાંગ
૫. શ્રી વિવાહપન્નતિ
૬. શ્રી જ્ઞાતા ધર્મ કથાંગ
૭. શ્રી ઉપાસક દશાંગ સૂત્ર
૮. શ્રી અંતગડ દશાંગ
૯. શ્રી અનુત્તરોપપાતિકા
૧૦. શ્રી પ્રશ્ન વ્યાકરણ
૧૧. શ્રી વિપાક સૂત્ર

૧૨ ઉપાંગ

૧. શ્રી ઔપપાતિક
૨. શ્રી રાજપ્રશ્નીય
૩. શ્રી જીવાભિગમ
૪. શ્રી પ્રજ્ઞાપના
૫. શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ
૬. શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ
૭. શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ
૮. શ્રી નિરિયા વલિકા
૯. શ્રી કલ્પવસંતિકા
૧૦. શ્રી પુષ્પિકા
૧૧. શ્રી પુષ્પચૂલિકા
૧૨. શ્રી વણ્હિ દશાણ

૭ છેદ

૧. શ્રી દશાસૂત્ર સ્કંધ
૨. શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩. શ્રી વ્યવહાર સૂત્ર
૪. શ્રી જીતકલ્પ સૂત્ર
૫. શ્રી લઘુનીશીથ સૂત્ર
૬. શ્રી મહાનીશીથ સૂત્ર

૪ મૂલ સૂત્ર

૧. શ્રી આવશ્યક
૨. શ્રી ઉત્તરાધ્યયન
૩. શ્રી દશવૈકાલિક
૪. શ્રી પિંડનિર્યુક્તિ

૧૦ પયન્ના

૧. ચતુઃ શરણ
૨. આઉર પચ્ચક્ખાણ
૩. મહાપચ્ચક્ખાણ
૪. ભત્ત પયન્ના
૫. તંદુલ વેયાલિય
૬. ગણિવિજ્જા
૭ ચંદ વિજ્જા

બે ચૂલિકા

૧. શ્રી નંદિસૂત્ર
૨. અનુયોગદ્વાર

કુલ

૧૧ અંગ
૧૨ ઉપાંગ
૧૦ પયન્ના
૬ છેદ સૂત્ર

| | | |
|---|---|---|
| ૮. | દેવિંદ વિજ્જા | ૪ મૂળ સૂત્ર |
| ૯. | મરણ સમાધિ | ૨ ચૂલિકા |
| ૧૦ | સંસ્તારક | ૪૫ આગમ |

## નવટુંકની નોંધ

| | નવટૂંકના મૂળ નાયક | કોણે બનાવી |
|---|---|---|
| ૧. | શ્રી અભિનંદન સ્વામી | નરશી કેશવજીએ |
| ૨. | આદિનાથ સ્વામી | છીપાવસી |
| ૩. | શ્રી ચિંતામણીપાર્શ્વનાથ | સાકરચંદ પ્રેમચંદ |
| ૪. | શ્રી નંદીશ્વર દ્વીપ | શેઠાણી ઉજમફઈ |
| ૫. | શ્રી અજિતનાથ ભગવાન | હેમાભાઈ શેઠ |
| ૬. | શ્રી આદિશ્વર ભગવાન | પ્રેમચંદ મોદી |
| ૭. | શ્રી આદિશ્વર ભગવાન | મોતીશા શેઠ |
| ૮. | શ્રી આદિશ્વર ભગવાન | કર્માશાએ |
| ૯. | શ્રી આદિશ્વર ભગવાન | બાલાભાઈ (શત્રુંજય માહા.) |

## કૃષ્ણ મહારાજાના પાંચ ભવ

૧. શ્રીકૃષ્ણ વાસુદેવ

૨. નારકી

૩. મનુષ્ય

૪. વૈમાનિકદેવ

૫. અમમ નામે ૧૨માં જિન થશે.

## છ આરાનું સ્વરૂપ

| | છ આરાનું નામ | કાળ | શત્રુંજયનું પ્રમાણ |
|---|---|---|---|
| ૧. | સુષમ સુષમ | ૪ કોડા કોડી સાગરોપમ | ૮૦ યોજન |
| ૨. | સુષમા | ૩ કોડા કોડી સાગરોપમ | ૭૦ યોજન |
| ૩. | સુષમ દુષમ | ૨ કોડા કોડી સાગરોપમ | ૬૦ યોજન |
| ૪. | દુષમ સુષમ | ૪૨, ૦૦૦ન્યુન ૧ કોકા કોડી સાગરોપમ | ૫૦ યોજન |
| ૫. | દુષમા | ૨૧૦૦૦ વર્ષ | ૧૨ યોજન |
| ૬. | દુષમ દુષમ | ૨૧૦૦૦ વર્ષ | ૭ હાથ |

## પૌષધના અઢાર દોષ

૧. અવિરતિએ લાવેલ આહાર પાણીલેવા
૨. પૌષધ નિમિત્તે સુંદર આહાર લેવો.
૩. ઉત્તર પારણું બરોબર કરવું.
૪. પહેલા દિવસે સુંદર શરીર સાફ કરવું.
૫. પૌષધ નિમિત્તે વસ્ત્ર ધોવરાવવા.
૬. પૌષધ નિમિત્તે વસ્ત્ર મંગાવવા
૭. પૌષધમાં શરીરનો મેલ ઉતારવો.
૮. પૌષધ માટે આભૂષણ આદિ બનાવવા.
૯. સંથારા પોરસી ભણાવ્યા પહેલા સુઇ જવું.
૧૦. પૌષધમાં સ્ત્રી સંબંધી વાત કરવી.
૧૧. આહાર સારો કે ખરાબ કહેવો.
૧૨. રાજદ્વારી કે યુદ્ધને લગતી વાત કરવી.
૧૩. દેશને લગતી વાત કરવી.
૧૪. પ્રમાર્જ્યા વિના ક્રિયા કરવી.
૧૫. કોઈની નિંદા કુથળી કરવી.
૧૬. અવિરતિ સાથે વાત કરવી.
૧૭. ચોર સંબંધી વાતકરવી.
૧૮. સ્ત્રીના આંગોપાંગ આદિ નિરખવા.

## શ્રાવકના ૧૨૪ અતિચાર

| | | | |
|---|---|---|---|
| ૧. જ્ઞાનાચારના | ૮ | ૧૧. પાંચમા વ્રતના | ૫ |
| ૨. દર્શનાચારના | ૮ | ૧૨. છઠ્ઠા વ્રતના | ૫ |
| ૩. તપાચારના | ૧૨ | ૧૩. સાતમા વ્રતના | ૨૦ |
| ૪. ચારિત્રાચારના | ૮ | ૧૪. આઠમા વ્રતના | ૫ |
| ૫. વીર્યાચારના | ૩ | ૧૫. નવમા વ્રતના | ૫ |
| ૬. સમ્યકત્વના | ૫ | ૧૬. દશમા વ્રતના | ૫ |
| ૭. પહેલા વ્રતના | ૫ | ૧૭ અગ્યારમા વ્રતના | ૫ |

| | | | |
|---|---|---|---|
| ૮. બીજા વ્રતના | ૫ | ૧૮ બારમા વ્રતના | ૫ |
| ૯. ત્રીજા વ્રતના | ૫ | ૧૯. સંલેષણા વ્રતના | ૫ |
| ૧૦. ચોથા વ્રતના | ૫ | કુલ | ૧૨૪ |

## શ્રાવકના ૧૨ વ્રત

| | |
|---|---|
| ૧. પ્રાણાતિપાત વિરમણ વ્રત | ૭. ભોગોપભોગ વિરમણ વ્રત |
| ૨. મૃષાવાદ વિરમણ વ્રત | ૮. અનર્થદંડ વિરમણ વ્રત |
| ૩. અદત્તાદાન વિરમણ વ્રત | ૯. સામાયિક વ્રત |
| ૪. મૈથુન વિરમણ વ્રત | ૧૦. દેશાવગાસિક વ્રત |
| ૫. પરિગ્રહ વિરમણ વ્રત | ૧૧. પૌષધોપવાસ વ્રત |
| ૬. દિગ્ પરિમાણ વિરમણ વ્રત | ૧૨. અતિથિસંવિભાગ વ્રત |

## વીરપ્રભુના કુલ ચાર્તુમાસ

| | | | |
|---|---|---|---|
| ૧. નાલંદા પાડામાં | ૧૪ | ૬ અસ્થિક ગામમાં | ૧ |
| ૨. મિથિલા નગરીમાં | ૬ | ૭ અલંભિકા નગરીમાં | ૧ |
| ૩. વૈશાલી નગરીમાં | ૧૨ | ૮ શ્રાવસ્તી નગરીમાં | ૧ |
| ૪. પૃષ્ઠ ચંપામાં | ૩ | ૯ વજ્ર ભૂમિમાં | ૧ |
| ૫. ભદ્રિકા નગરીમાં | ૨ | ૧૦ પાવાપુરીમાં | ૧ |
| | | કુલ | ૪૨ |

## દશ અચ્છેરા

૧. વીર પ્રભુને કેવળજ્ઞાન થયા પછી ગૌશાળાએ કરેલ ઉપસર્ગ.

૨. પ્રભુવીરના ગર્ભનું સંક્રમણ

૩. વીર પ્રભુની પ્રથમ દેશનામાં કોઈને વિરતિના પરિણામ ન જાગ્યા.

૪. સૂર્ય ચંદ્ર મૂળ વિમાને દેશનામાં આવ્યા.

૫. ભવનપતિના દેવો ઉપરના દેવલોકમાં જાય નહિ છતાં ચમરેન્દ્ર સૌધર્મમાં ગયા.

૬. સ્ત્રીવેદે તીર્થંકર થાય નહિ છતા શ્રી મલ્લિનાથ ભગવાન થયા.

૭. કૃષ્ણવાસુદેવનું અપરકંકામાં ગમન, બંને વાસુદેવના શંખનાદનુ મિલન.

૮. હરિવંશ કુળની ઉત્પત્તિ.

૯. ૫૦૦ ધનુષ્યની કાયાવાળા ૧૦૮ મોક્ષે નહિ છતાં અષ્ટાપદ ઉપર ઋષભદેવ વિગેરે ગયા.

૧૦. ભગવાન સુવિધિનાથના શાસનમાં અસંયતિની પૂજા થઇ

(કલ્પસૂત્ર)

## ઉપવાસ મેળવવાનો કિમીયો

| | | |
|---|---|---|
| ૧. | ૪૫ દિન નવકારશીથી | ૧ ઉપવાસનો લાભ |
| ૨. | ૨૪ દિન પોરિસીથી | ૧ ઉપવાસનો લાભ |
| ૩. | ૨૦ દિન સાઢપોરસીથી | ૧ ઉપવાસનો લાભ |
| ૪. | ૮ દિન પુરિમડ્ઢ | ૧ ઉપવાસનો લાભ |
| ૫. | ૩ દિન નિવીથી | ૧ ઉપવાસનો લાભ |
| ૬. | ૨ દિન આયંબિલથી | ૧ ઉપવાસનો લાભ |
| ૭. | ૪ દિન એકાસણાથી | ૧ ઉપવાસનો લાભ |
| ૮. | ૮ દિન બિઆસણાથી | ૧ ઉપવાસનો લાભ |
| ૯. | ૨૦ નવકારવાળી ગણવાથી | ૧ ઉપવાસનો લાભ |
| ૧૦. | બે હજાર સ્વાધ્યાયથી | ૧ ઉપવાસનો લાભ |

## શ્રાવક સંઘ ઉપકારી

**ગૌતમ સ્વામી** - આનંદ શ્રાવકને મિચ્છામી - દુક્કડમ્ આપ્યું.

**સિંહેકસરીયા મુનિ**- રાત્રિમાં મોદક વહોરાવ્યા પછી ઉપાશ્રયે જઇ પોરિસિનું પચ્ચકખાણ માગે પછી પોરિસિનો સમયપૂછ્યો ત્યારેગુરુ ભાનમાં આવ્યા.

**શાંતુ મહેતા** - સાધુને વેશ્યાના ગળામાં હાથ નાંખતા જોયા છતાં વંદન કર્યું. સાધુ જાગ્યા. ભૂલ સુધારી. ફરી શત્રુંજય ઉપર તે સાધુ મળ્યા પૂછયું તમારા ગુરુ કોણ ? શાંતુ મહેતા.

**કુમરાપાલ રાજાનો પરિવાર** ત્રિભુવનપાળ પિતા, કાશ્મીરાદેવી માતા,

કુમારપાળ, મહીપાલ, કીર્તીપાલ, પ્રેમલ દેવી, દેવલ દેવી, બે પુત્રી, કૃષ્ણ દેવ, અર્ણોરાજ, જમાઈ, દધિસ્થલી નગરી.

## આ છે શ્રેણિક રાજા

૧. અનાથી મુનિના સમાગમથી સમકિત પામ્યા.

૨. રોજ પોતાનો પુત્ર કોણીક અંત સમયે ૧૦૦ હંટર મારતો.

૩. કોણિક છોડવા ગયો ત્યારે હિરાકણી ચૂસી આયુઃ પુરૂં કર્યું.

૪. આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થશે.

૫. પ્રભુવીરનો પરમ ભક્ત, ક્ષાયિક સમક્તિજીવ.

૬. એકાસણાનું પચ્ચક્ખાણ બોર ખાઈને ભાંગ્યું.

૭. મમ્મણ શેઠને રત્નના બળદના શીંગડા ન આપી શક્યો.

૮. વનમાલિકે વીરપ્રભુ પધાર્યાની વધામણી આપી ત્યારે કરોડપ્રમાણ ધન અને સોનાની જીભ વનપાલકને દાનમાં આપી.

## આ જે રાજગૃહીની જાહોજલાલી

- વીરપ્રભુ - નાલંદા પાડામાં ૧૪ ચૌમાસા કર્યા
- શ્રેણિક રાજા - એક જ ઘરમાં બે તીર્થંકર દાદો તથા પૌત્ર
- પુણિયો શ્રાવક - ૩૨ દોષરહિત સામાયિક કરનાર
- ધન્નાજી - પત્નીની ટકોર સાંભળી સંયમી બન્યા
- શાલીભદ્ર શેઠ - અપૂર્વ બુદ્ધિશાળી, બનેવીનો અવાજ સાંભલી સંયમી બન્યા
- જંબુ કુમાર - ૯૯ ક્રોડ સોનૈયાનો સ્વામી ૫૦૦ ચોર તથા પત્ની પ્રતિબોધક.
- સચેનકહાથી - શ્રેણિક રાજાનો હાથી. નંદિષેણ મુનિએ શાંત કર્યો.
- રોહિણીયો ચોર - વીર પ્રભુની વાણી સાંભળી તરનાર.

- દુર્દશાંક દેવ - દેડકાના ભવમાં શુભભાવ ભાવનાર
- ભ. મુનિસુવ્રત - સ્વામીના ૪ કલ્યાણક
- ગૌતમસ્વામી - નિર્વાણ કલ્યાણક
  અગ્યારમા ચક્રીની જન્મભૂમિ.

## ન બોલવામાં નવગુણ

૧. ન બોલવાથી મર્યાદા જળવાય મોટા નાનો વિવેક જળવાય.

૨. જે માણસ બોલતો નથી તેને પસ્તાવાનો વખત આવતો નથી.

૩. ઓછું બોલવાથી વાદ વિવાદ થાય નહિ.

૪. ઓછું બોલવાથી વૈર વિરોધ થાય નહિ.

૫. મૌન ધારણ કરનારને અસત્ય ભાષાનો દોષ લાગતો નથી.

૬. મૌન થી ક્રોધ કરનારને અસત્ય ભાષાનો દોષ લાગતો નથી.

૭. સમજદાર માણસ કારણ વગર બોલે નહિ અને કોઈની સાથે બગાડે નહિ.

૮. કલેશની પરંપરા વધે નહીં.

૯. મૌન કરવાથી કર્મબંધ અટકી જાય.

## પ્રભુના વર્ષીદાન અતિશયો

૧. સૌધર્મેન્દ્ર - શક્તિ મુકે જેથી પ્રભુ દાન દેતા થાકે નહિ.

૨. ઈશાનેન્દ્ર - રત્નજડિત છડી લઈ ઉભો રહે અને ભાગ્ય પ્રમાણે યાચક ને આપે

૩. ચમરેન્દ્ર અને બલીન્દ્ર - પ્રભુની મુઠિમાં ઓછું કે વધારે હોય તો માંગનારની યોગ્યતા પ્રમાણે વધઘટ કરે છે.

૪. ભવનપતિ - ભરતક્ષેત્રના માણસોને ઉપાડી લાવે.

૫. વાણવ્યંતરો - યાચકોને તેઓના સ્થાને મૂકી દે.

૬. જ્યોતિષીઓ - વિદ્યાધરોને વાર્ષિક દાનની ખબર આપે.

## જ્ઞાનની આશાતનાથી બચો.

- પુસ્તકો હાથમાં રાખી પેશાબ ન કરવો.
- પુસ્તકો પાસે રાખી ખાનપાન ન કરો.
- પુસ્તકનું ઓશીકું બનાવી ન સુવું.
- કાગળ અને છાપા ઉપર ન ખવાય ન બેસાય.
- કાગળ અને પુસ્તક બાળો નહીં.
- કાગળ અને અક્ષર ઉપર પગ દઈને ચાલો નહીં.
- પુસ્તકને કદી પછાડો નહીં.
- થુંકથી અક્ષર ભૂંસો નહીં.
- કાગળને ગટરમાં અથવા ગમે ત્યાં ફેંકો નહીં.
- પુસ્તકોના કાગળીયા ફાડો નહીં તેમજ વાળો નહીં પરંતુ તેને સાચવીને રાખો.
- પુસ્તકને ગમે ત્યાં રખડતાં મૂકો નહીં.
- પુસ્તકને પગ અડાડો નહીં.
- પુસ્તકને થુંક ન લાગે તેનો ખ્યાલ રાખો.
- પુસ્તક કે જ્ઞાનના બીજા સાધનો પ્રત્યે કદી પણ તિરસ્કાર કે અરૂચી કરો નહિ.
- પુસ્તકો કે નોટો છાપાઓ વિગેરેથી પવન ખવાય નહીં.
- એંઠામોઢે બોલવુ નહિ, અને સુતાસુતા વાંચવુ નહિં.

**પાંચમો ખંડ**

## કોણ કેવી રીતે ડૂબ્યા અને તર્યા.

મહાવીરના શિષ્ય જમાલી છતાં ડુબ્યા
ક્રોધી ચંડરૂદ્રાચાર્ય શિષ્ય છતાં તર્યા ॥
મરીચી શરીરની મમતાથી ડુબ્યા
સ્કંધકાચાર્યના ૪૯૯ શિષ્યો સમતા રાખી તર્યા ॥
લબ્ધિધર કુળવાલક ગુરુના અવિનયે ડુબ્યા.
ગુરુણીના ઠપકાથી મૃગાવતી તર્યા ॥
કુંડરિકમુનિ રસનાના પાપે ડુબ્યા ।

કુરગડુ મુનિ વાપરતા છતાં તર્યા ॥
ગણિકાના સંગે કુળવાલક ડુબ્યા ।
કોશાવેશ્યાનો સહવાસ છતાં સ્થુલીભદ્ર તર્યા ॥
સુભૂમચક્રી ૧૨ ખંડની લાલચે ડુબ્યા ।
ભરતચક્રી અનિત્ય ભાવથી તર્યા ॥
૧૪ પૂર્વધર પ્રમાદના કારણે ડુબ્યા ।
અપ્રમત્ત ગુરુ ગૌતમ સ્વામી તર્યા ॥
સંગમદેવ ઉપસર્ગ કરીને ડુબ્યા ।
ખરક વૈદ્ય ખીલા કાઢીને સેવા કરી તર્યા ॥
ગૌશાળા એ તેજોલેશ્યા પ્રભુ ઉપર મુકી ડુબ્યા ।
બે મુનિ તે જોલેશ્યા પોતાના ઉપર લઈ તર્યા ॥

## નવ નિન્હવો

| | | |
|---|---|---|
| ૧. | **જમાલી** | - પ્રભુના કેવલજ્ઞાન પછી ૧૪ વર્ષે 'કડેમાણેકડે' મત ઉત્થાપ્યો. (૧૪ વર્ષે) |
| ૨. | **તિષ્યુગપ્ત** | - પ્રભુના કેવલજ્ઞાન પછી ૧૬ વર્ષે આત્માના છેલ્લા પ્રદેશમાં જીવત્વ (૧૫ વર્ષે) માન્યુ. |
| ૩. | **અષાઢાચાર્ય** | - સાધુ કે દેવ છે એવી શંકા કરનાર (૨૧૪ વર્ષે) |
| ૪. | **અશ્વમિત્રાચાર્ય** | - ક્ષણે ક્ષણે નાશ પામ્યો. (૨૨૦ વર્ષે) |
| ૫. | **ગંગાચાર્યે** | - ઉલ્લુકાતીરે એક સમયે બે ઉપયોગ માન્યા (૨૨૮ વર્ષે) |
| ૬. | **રોહગુપ્ત** | - નો જીવની પ્રરૂપણા કરી ત્રણ **રાશિનો વૈશેષિક** મત કાઢ્યો. (૫૮૪ વર્ષે) |
| ૭. | **ગોષ્ઠામાહિલ** | - સર્પ કાંચળી માફક જીવ કર્મનો સંબંધ માન્યો. (૫૮૪ વર્ષે) |
| ૮. | **શિવભૂતિ** | - દિગંબર મતને માનનાર (૬૦૯ વર્ષે) |
| ૯ | **લુકામતિ** | - જિનપ્રતિમા ઉત્થાપક (ઢુંઢકમત માનનાર) (૧૫૩૧ વર્ષે) |

**સૂચના** - ૨, ૩, ૪,૫, (આચાર નિન્હવો) પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થયાં.

## જિનપૂજાથી આઠ કર્મનો નાશ

૧. ચૈત્યવંદન - જ્ઞાનાવરણીય કર્મનો નાશ
૨. પ્રભુદર્શનથી - દર્શનાવરણીય કર્મનો નાશ
૩. જયણા પાળવાથી - વેદનીય કર્મનો નાશ
૪. પ્રભુ ગુણ ગાવાથી - મોહનીય કર્મનો નાશ
૫. રૂપસ્થ અવસ્થા ભાવવાથી - નામ કર્મનો નાશ
૬. પ્રભુ આગળ દાસપણું સ્વીકારવાથી - ગોત્રકર્મનો નાશ
૭. વિધિપૂર્વક પૂજા કરવાથી - અંતરાયકર્મનો નાશ
૮. આત્માનું અવિનાશીપણું વિચારવાથી - આયુષ્યકર્મનો નાશ

## સૂત્રના અપર નામ

| | | |
|---|---|---|
| ૧. | નવકાર મંત્ર | - પંચમંગલ મહાશ્રુત સ્કંધ |
| ૨. | પંચિંદિય | - ગુરુ સ્થાપના |
| ૩. | ખમાસમણ | - પંચાંગ પ્રણિપાત |
| ૪. | ઇચ્છકાર | - સુગુરૂ સુખશાતા પૃચ્છા |
| ૫. | ઇરિયા વહિયં | - લઘુ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત |
| ૬. | અન્નત્થ | - આગાર સૂત્ર |
| ૭. | લોગસ્સ | - નામસ્તવ |
| ૮. | કરેમિભંતે | - પ્રતિજ્ઞા સૂત્ર |
| ૯. | સામાઇય વય જુત્તો | - સામાયિક પારવાનું સૂત્ર |
| ૧૦. | જગચિંતામણી | - ચૈત્યવંદન |
| ૧૧. | નમુત્થુણં | - શક્રસ્તવ |
| ૧૨. | સિદ્ધાણું બુદ્ધાણં | - સિદ્ધસ્તવ |
| ૧૩. | અરિહંત ચેઇચાણં | - ચૈત્યસ્તવ |
| ૧૪. | જય વીયરાય | - પ્રાર્થના સૂત્ર |
| ૧૫. | નાણંમિ | - અતિચારની ૮ ગાથા |

૧૬. વંદિત્તુ - શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર
૧૭ અબ્ભુટ્ઠિઓ - સુગુરૂ વંદન
૧૮. સકલ તીર્થ - તીર્થ વંદન
૧૯. પુકખરવરદીવડ્ઢે - શ્રુતસ્તવ

## બાર પર્ષદા

૧. અગ્નિ દિશામાં - સાધુ
૨. અગ્નિ દિશામાં - વૈમાનિક દેવી
૩. અગ્નિ દિશામાં - સાધ્વી
૪. ઈશાન દિશામાં - વૈમાનિક દેવ
૫. ઈશાન દિશામાં - પુરુષો
૬. ઈશાન દિશામાં - સ્ત્રીઓ
૭. વાયવ્ય દિશામાં - ભવનપતિ દેવી
૮. વાયવ્ય દિશામાં - જ્યોતિષ દેવી
૯. વાયવ્ય દિશામાં - વ્યંતર દેવી
૧૦. નૈઋત્ય દિશામાં - ભવનપતિ દેવ
૧૧. નૈઋત્ય દિશામાં - જ્યોતિષ દેવ
૧૨. નૈઋત્ય દિશામાં - વ્યંતર દેવ

## ક્યાં રહી સગાઈ ?

૧. કોણીક - રાજ્યલોભે પીંજરે પૂર્યો, પિતા-પુત્ર
૨. ભરત - ચક્રરત્ન માટે બાહુબલી સાથે લડાઈ, ભાઈ-ભાઈ
૩. બ્રાહ્મણી - ધન માટે અમરને વેચ્યો. મા દીકરો
૪. યુગબાહુ - વિષયાંધ ભાભીને સાથે, ભાઈ-ભાઈ
૫. પરદેશી રાજા - વિષયાંધ રાણીએ માર્યો, પતિ-પત્ની
૬. શેઠાણી - વિષયાંધ શેઠને કુવામાં, પતિ-પત્ની
૭. અંજના - સાસરેથી અને પીયરથી કાઢી, પુત્રવધુ-દીકરી

## વીરપ્રભુની ગતિઓ

૧. મનુષ્યગતિમાં - ચૌદ વાર
૨. દેવગતિમાં - દશવાર
૩. તિર્યગ્ચ ગતિમાં - એકવાર
૪. નરક ગતિમાં - બે વાર

## વીર પ્રભુના ઉપાસક રાજાઓ

| | | |
|---|---|---|
| ૧. | રાજગૃહીના | - રાજા શ્રેણીક |
| ૨. | ચંપાનગરીના | - રાજા અશોકચંદ્ર |
| ૩. | વૈશાલી નગરીના | - ચેડારાજા |
| ૪. | કાશી દેશના | - નવમલ્લી રાજાઓ |
| ૫. | કૌશલ દેશના | - નવલચ્છી રાજાઓ |
| ૬. | વીતભય પતનના | - ઉદાયન રાજા |
| ૭. | કૌશમ્બી નગરીના | - શતાનિક અને ઉદાયન |
| ૮. | ક્ષત્રિયકુંડના | - નંદિવર્ધન રાજા |
| ૯. | ઉજ્જૈનના | - ચંડપ્રદ્યોતન રાજા |
| ૧૦. | પૃષ્ટચંપાના | - શાલ અને મહાશાલ રાજાઓ |

## ૬૪૦૦૦ કળશોની નોંધ

રત્નના ૮૦૦૦ કળશ, રૂપાનાં રત્નના ૮૦૦૦, સોના રૂપાના ૮૦૦૦, સોના-રૂપા-રત્નના ૮૦૦૦, સુવર્ણ રત્ન ૮૦૦૦ કળશ, સોનાના ૮૦૦૦, રૂપાના ૮૦૦૦, માટીના ૮૦૦૦ કુલ ૬૪,૦૦૦ કળશો

કલશોનું પ્રમાણ દરેક કળશો ૨૫ યોજન ઊંચા, ૧૨ યોજન પહોળા અને એક યોજન નાળચાવાળા હોય છે.

(આગમસારસંગ્રહ)

## ૨૪ તીર્થંકરોનો સંઘ પરીવાર

| | | |
|---|---|---|
| ૧. | ગણધરો | - ૧૪૫૨ |
| ૨. | કેવળી શિષ્યો | - ૧,૭૬,૧૦૦ |
| ૩. | અવધિજ્ઞાની શિષ્યો | - ૧,૩૩,૪૦૦ |

| | | |
|---|---|---|
| ૪. | મનઃ પર્યવજ્ઞાની | - ૧,૪૪,૫૯૧ |
| ૫. | ચૌદપૂર્વી | - ૩૩૯૮૮ |
| ૬. | વૈક્રિય લબ્ધિધર | - ૨, ૪૫,૨૦૮ |
| ૭. | વાદ લબ્ધિધર | - ૧,૨૬,૨૦૦ |
| ૮. | આરાધકમુનિ | - ૧૯,૮૬,૦૫૧ |
| | | ૨૮,૪૮,૦૦૦ |
| ૯. | સાધ્વી | - ૪૪,૩૬,૪૦૬ |
| ૧૦. | શ્રાવક | - ૫૫,૪૮,૦૦૦ |
| ૧૧. | શ્રાવિકા | - ૧,૦૫,૪૦,૮૦૦ |

(સપ્તતિ શતસ્થાન પ્રકરણ)

## જિનધર્મથી જોડાયેલા પશુઓ

બળદ - રૂષભદેવ ભગવાનનું લંછન, સીમંધર સ્વામીનું લંછન, ભગવાન મહાવીર સ્વામીને ઉપસર્ગમા નિમિત્તાભૂત થયા, મથુરામાં જિનદાસ શેઠે બે બળદોને નિર્યામણા કરાવીદેવ થયા.

હરણ - શાંતિનાથ ભગવાનનું લંછન, જંગલમાં મુનિને દાન અપાવ્યું, ભગવાન નેમિનાથ રાજીમતીના બારણેથી પાછા ફરે છે.

ઘોડો - સંભવનાથ ભગવાનનું લંછન, ભરૂચમાં મુનિસુવ્રત સ્વામી પ્રતિબોધવા ગયા

સર્પ - પાર્શ્વનાથ ભગવાનનું લંછન મહાવીર સ્વામી ભગવાન પ્રતિબોધવા ગયા પાર્શ્વકુમારે સેવક દ્વારા નવકાર સંભળાવ્યો અને ધરણેન્દ્ર બનાવ્યો.

જૂ - મારવાથી યુકાવિહાર મંદિર કુમારપાળના શાસનમાં.

મંકોડો - કુમારપાળે બચાવવા માટે પોતાના પગની ચામડી કાપી નાખી.

હાથી - અજિતનાથ ભગવાનનું લંછન, કાદંબરી જંગલમાં પાર્શ્વનાથના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન; તોફાને ચડેલા

| | | |
|---|---|---|
| | | સેચનક હાથીને પૂર્વભવના ઉપકારના કારણે નંદિષેણ મુનિએ શાંત કર્યા, સ્પર્શ કરવાના કારણે શરણે જાય, મેઘકુમારના પૂર્વ ભવે ૩ દિવસ જીવદયાના ભાવે સસલાને બચાવ્યો. |
| ઊંદર | - | કુમારપાળે ઊંદરની હત્યાના બદલે મૂષક વિહાર નામનું મંદિર બંધાવ્યું, ધર્મનાથ ભગવાનના સમવસરણમાં આવવાથી ઈન્દ્રને આશ્ચર્ય થયું તથા ઉંદરનો જીવ પ્રથમ કેવળી થઈ મોક્ષ પામ્યો. |
| કૌંચપક્ષી | - | સુમતિનાથ ભગવાનનું લંછન, જવલા ખાઈ ગયો મેતારજ મુનિને ઘોર ઉપસર્ગ થયો. |
| દેડકો | - | સમવસરણતરફ જતા શુભ ધ્યાને પ્રભુ દર્શનના ભાવથી ઘોડાના પગ નીચે મરી દેવ થયો. |
| વાંદરો | - | અભિનંદન સ્વામીનું લંછન, શિલા ઉપર નવકારમંત્ર જોઈને જાતિસ્મરણ, બાણથી વિંધાયેલને મુનિએ નવકાર મંત્ર સંભળાવ્યો. |
| સસલો | - | મેઘકુમારે હાથીના ભવમાં બચાવી જીવદયા પાળી રાજપુત્ર થયો. |
| સમડી | - | જે સ્થલે નવકાર દ્વારા સદ્‌ગતિ પામી ત્યાં પિતાએ પુત્રીના કથન અનુસાર સમડી વિહાર બંધાવ્યું. |
| મોર | - | અજિતનાથ ભગવાનની છત્ર છાયા, શત્રુંજય તીર્થમાં નૃત્યના કારણે એકાવતારી થયો. |
| કાચબો | - | મુનિસુવ્રત સ્વામીનું લંછન. |
| મગર | - | સુવિધિનાથનું લંછન, શ્રીપાલને બચાવનાર |
| પાડો | - | વાસુપૂજ્ય સ્વામીનું લંછન. |
| બોકડો | - | કુંથુનાથ ભગવાનનું લંછન અધિષ્ઠિત બોકડાથી નગરવાસીઓ બોધ પામ્યા. |
| જટાયુ | - | સીતાને બચાવવા માટે રાવણના તલવારનો મહેમાન બન્યો. |

## સૂત્રોનો ઉપયોગ શું ?

| | | | |
|---|---|---|---|
| ૧. | નવકારમંત્ર | - | જાપ ધ્યાન મંત્ર વિ. રૂપે |
| ૨. | પંચિદિય | - | ગુરૂ સ્થાપના |
| ૩. | ઇચ્છામિ ખમાસણો | - | દેવ ગુરુને વંદન માટે |
| ૪. | ઈચ્છકાર | - | સુગુરુને સુખશાતા પૂછવા |
| ૫. | ઈરિયાવહિયં સૂત્ર | - | પાપના પ્રાયશ્ચિત માટે |
| ૬. | અન્નત્થ | - | કાઉસગ્ગમાં આગાર માટે |
| ૭. | કરેમિભંતે | - | વિરતિના પચ્ચક્ખાણ માટે |
| ૮ | સામાઈય વય જુત્તો | - | સામાયિક પારવા માટે |
| ૯. | જગચિંતામણી | - | ચૈત્યવંદન, શાશ્વતા તીર્થ સ્મરણ |
| ૧૦. | ઉવસગ્ગહરં | - | સ્તવન, સ્તોત્ર, માળા, જાપ. |
| ૧૧. | જયવીયરાય | - | પ્રભુપ્રાર્થના |
| ૧૨. | કલ્લાણ કંદં | - | થોય, સ્તુતિ |
| ૧૩. | સંસારદાવાનળ | - | થોય, સજઝાય |
| ૧૪. | વંદિતુ | - | ૧૨ વ્રતના અતિચાર, આચાર |
| ૧૫. | અબ્ભુઠીઓ | - | ગુરૂવિનય, આશાતનાને ખમાવા |
| ૧૬. | સાતલાખ | - | ૮૪ લાખ યોનિમાં સાથે ક્ષમાપના |
| ૧૭. | લોગસ્સ | - | માળા, કાઉસગ્ગમાં સ્મરણ |
| ૧૮. | લઘુશાંતિ | - | શાંતિની ઉદ્ઘોષણા |
| ૧૯. | મન્નહ જિણાણં | - | શ્રાવકના કર્તવ્યની સજઝાય |
| ૨૦. | સકલતીર્થ | - | ત્રણ લોકના તીર્થની વંદના |

## સૂત્ર તથા મુદ્રા

| | | | |
|---|---|---|---|
| ૧. | નવકાર મંત્ર | - | કાઉસગ્ગ મુદ્રા, સ્થાપન મુદ્રા |
| ૨. | પંચિદિય | - | સ્થાપના મુદ્રા |
| ૩. | લોગસ્સ | - | કાઉસગ્ગ મુદ્રા, જિન મુદ્રા |
| ૪. | નમુત્થુણં | - | યોગ મુદ્રા |

| | | | |
|---|---|---|---|
| ૫. | જાવંતિ | - | મુક્તાશુક્તિ મુદ્રા |
| ૬. | જયવીયરાય | - | મુક્તાશુક્તિ મુદ્રા |
| ૭. | અરિહંત ચેઈઆણં | - | જિન મુદ્રા |
| ૮. | અન્નત્થ | - | જિન મુદ્રા |
| ૯. | વાંદણા | - | યથાજાત મુદ્રા |
| ૧૦. | વંદીત્તુ | - | વીરાસન મુદ્રા |

## છ આવશ્યક

| | | | |
|---|---|---|---|
| ૧. | સામાયિક | - | જેના દ્વારા આત્માને સમતાભાવની પ્રાપ્તિ થાય છે. ૪૮ મિનિટની ધર્મક્રિયા |
| ૨. | ચઉવીસત્થો | - | લોગસ્સ જેમાં ૨૪ તીર્થંકરોને વંદન સ્મરણ કરાય છે તે. |
| ૩. | વંદન | - | ગુરૂભગવંતને કરવામાં આવતું વંદન |
| ૪. | પ્રતિક્રમણ | - | આત્માને લાગેલા પાપોને પશ્ચાતાપ પૂર્વક ધોવાની વિશિષ્ટ ક્રિયા. |
| ૫. | કાઉસગ્ગ | - | મન, વચન, કાયાની આસક્તિના ત્યાગ સાથે એકાગ્રતા પૂર્વક લોગસ્સનો કાઉસગ્ગ |
| ૬. | પચ્ચક્ખાણ | - | અવિરતિના ત્યાગ પૂર્વક કરાતું પ્રત્યાખ્યાન |

## આ છે પેથડ મંત્રી

- મંત્રી પેથડશાહના પિતા દેદાશાએ કાશ્મીરના એક વેપારી પાસેથી સાડા પચાસ મણ કેસર વેચાતું લઈને ૪૯ મણ કેસરથી ઉપાશ્રય બંધાવ્યો હતો અને બાકીનું ૧ાા મણ કેસર જુદા જુદા દહેરાસરોમાં અને મંદિરોમાં પ્રભુ ભક્તિ માટે આપી દીધું હતું.

- માધવ નામના ભાટે એક જ દિવસમાં ૪૦ થી વધુ માઈલનું અંતર કાપીને મંત્રી પેથડશાહને ધર્મઘોષસૂરીજીના આગમનના સમાચાર આપ્યા હતાં આથી ખુશ થઈને પેથડકુમારે ભાટને સોનાની જીભ, હીરાનાં બત્રીસ દાંત, રેશમી વસ્ત્રો પાંચ જોડી અને આખું ગામ ભેટ આપ્યું અને સૂરીજીના સામૈયામાં ૩૨ હજાર દ્રવ્યોનો ખર્ચ કરી આખા માંડવગઢ નગરને શાનદાર રીતે શણગાર્યું હતું.
- ભગવતી સૂત્રનું વ્યાખ્યાન સાંભળતા ત્યારે જયાં જયા ગોયમા શબ્દ આવે ત્યાં સોનામહોર દ્વારાપૂજા કરી ૩૬ હજાર સોનામહોરથી મંત્રીએ ભરૂચમાં સાત જ્ઞાન ભંડાર કરાવ્યા અને આગમો લખાવ્યાં હતાં.
- પ્રથમ વ્રત લીધું ત્યારે તેને ખુશાલીમાં તેમને ૧ સોનામહોરવાળા લાડુની પ્રભાવના કરી અને બ્રહ્મચર્ય લીધું ત્યારે ૧૬ હજાર દ્રવ્યથી મહોત્સવ કર્યો હતો.
- ૧૮ લાખનો ખર્ચ કરી 'શત્રુંજયાવતાર' નામનું ૭૨ જીનાલયવાળું ભવ્ય મંદિર બંધાવ્યું. આ ઉપરાંત ડભોઈ, વડોદરા, ઈન્દોર, જયપુર, વઢવાણ, દોલતાબાદ આદિ વિવિધ સ્થલોએ સુવર્ણ કળશથી શોભિત ૮૪ જીનમંદિરો બંધાવ્યા. માંડવગઢના ૩૦૦ જીનાલયોના જીર્ણોદ્ધાર કરાવીને સોનાના કળશ અને ધ્વજ ચઢાવ્યા હતાં.
- ગિરનાર તીર્થયાત્રા પ્રસંગે દિગંબરો સાથે હરીફાઈ થતા ૨૨,૪૦૦ તોલા સોનાની ઉછામણી બોલી તીર્થમાળા પહેરી.
- પાલખીમાં બેસી રાજમહેલ જતાં ઉપદેશમાળા ગ્રંથ કંઠસ્થ કર્યો.
- સવા કરોડ દ્રવ્ય ખર્ચી દાનશાળાઓ બંધાવી.
- રાજા જયસિંહને સાતે વ્યસનોથી મુક્ત કર્યો અને દશ પર્વ તિથિએ સમગ્ર રાજયમાં સાત વ્યસન બંધનુ આજ્ઞા પત્ર મેળવ્યું.

## વીશ વિહરમાન માતાપિતાની નોંધ

| નં. | માતા | પિતા | ધર્મપત્ની |
|---|---|---|---|
| ૧. | સત્યકી | શ્રેયાંસ | રૂક્ષ્મણી |
| ૨. | સુતારા | સુદઢ | પ્રિયમંગલા |
| ૩. | વિજ્યા | સુગ્રીવ | મોહિની |
| ૪. | સુનંદા | નિસઢ | કિંપૂરીષા |
| ૫. | દેવસેના | દેવસેન | જયસેના |
| ૬. | સુમંગલા | મિત્રભુવન | પ્રિયસેના |
| ૭. | વીરસેના | કીર્તિરાજા | જયાવતી |
| ૮. | મંગલા | મેઘરાજા | વિજયાવતી |
| ૯. | વિજયાવતી | વિજયસેન | નંદીસેના |
| ૧૦ | ભદ્રા | શ્રીનાગ | વિમલા |
| ૧૧. | સરસ્વતી | પદ્મરથ | વિજયાવતી |
| ૧૨. | પદ્માવતી | વાલ્મીક | લીલાધતી |
| ૧૩. | રેણુકા | દેવાનંદ | સુગંધા |
| ૧૪. | મહિમા | મહાબલ | ગંધસેના |
| ૧૫. | જશોજવલા | ગજસેન | ભદ્રાવતી |
| ૧૬. | સેના | વીરરાજ | મોહિની |
| ૧૭. | ભાણમતિ | ભૂમિપાલ | રાજસેના |
| ૧૮. | ઉમાદેવી | દેવરાજ | સૂર્યકાંતા |
| ૧૯. | ગંગા | સર્વભૂતિ | પદ્માવતી |
| ૨૦. | કનીનિકા | રાજપાલ | રત્નાવતી |

## વીરપ્રભુના દશ સ્વપ્નો

૧. તાળપિશાચનો ઘાત - મોહનીય કર્મનો ઘાત.

૨. શુકલપક્ષી દ્વારા સેવા - શુકલ ધ્યાન.
૩. કોયલ પક્ષીનું ગીત દ્વાદશાંગીની પ્રરુપણા.
૪. ગાયોનો સમૂહ સેવા કરતો-ચતુર્વિધ સંઘની સ્થાપના.
૫. મહાસાગર પાર કર્યો - ભવ ભ્રમણનો અંત.
૬. ઉગતો સૂર્ય-કેવલ જ્ઞાનની પ્રાપ્તિ
૭. માનુષોત્તર પર્વતને વીંટળાઈ જવું - ત્રણે ભુવનમાં કીર્તિ ફેલાઈ જવી.
૮. મેરુપર્વત આરોહણ-સમવસરણમાં દેશના.
૯. દેવોથી સેવાતું પદ્મ સરોવર - ઈન્દ્રો દ્વારા થતી સેવા.
૧૦. પુષ્પની બે માળા-સર્વવિરતી દેશવિરતિ ધર્મની પ્રરૂપણા.

## સાધ્વી તથા શ્રાવિકાનો ઉપકાર

- બાહુબલીજીને બ્હેનોએ પ્રતિબોધ માટે બે શબ્દો કહ્યા.
- હરિભદ્રસૂરીએ યાકિની મહત્તરાના બે શબ્દ ન સમજાતાં સંયમી બન્યા.
- રહનેમીને રાજીમતીએ (ભાભીએ) બે શબ્દ કહી સ્થિર કર્યા.
- માતા સાધ્વીએ અરણિક મુનિને શોધતાં વેશ્યાને ત્યાંથી પાછા લાવ્યા.
- વેશ્યાએ મ્હેણું મારી નંદિષેણને ફરી સંયમમાં મોકલ્યા.
- રૂદ્રસોમા માતાએ આર્યરક્ષિતને મામા ફલ્ગુ પાસે પૂર્વનુ જ્ઞાન મેળવવા માટે આજ્ઞા કરી.
- સાધ્વી સુવ્રતાજીએ સતી પ્રભંજનાંને લગ્ન કરવા જતાં ઉપદેશથી કેવળી બનાવ્યાં.
- વજ્રસ્વામીએ અગ્યાર અંગ પારણામાં સાધ્વી મુખેથી ભણ્યાં.
- સાધ્વી પુષ્પચૂલાશ્રીજીએ આચાર્ય અર્ણિકા પુત્રને નિર્દોષ ગૌચરી આપી બંને કેવળી થયાં.

## જૈન શાસસનના ઉગ્ર તપસ્વીઓ

| | | |
|---|---|---|
| ૧. | ભ. આદિનાથ | ૧૩. મહિનાને ૧૦ દિવસ ઉપવાસ |
| ૨. | બાહુબલીજી | ૧૨ મહિના ચોવિહાર ઉપવાસ |
| ૩. | સુંદરી | ૬૦,૦૦૦ વર્ષ આયંબિલ |
| ૪. | ગૌતમ સ્વામી | ૩૦ વર્ષ છઠના પારણે છઠ |
| ૫. | ધન્ના શાલીભદ્ર | ૧૨ાા વર્ષ માસક્ષમણ |
| ૬. | ધન્નાકાકંદી | જીવન પર્યત છઠ્ઠ પારણે આયંબિલ |
| ૭. | જંબુસ્વામી | ૧૨ાા વર્ષ માસક્ષમણ |
| ૮. | નંદિષેણ | (ચોપનહજાર) વર્ષ છઠ (વૈયાવચ્ચ) |
| ૯. | વીરાચાર્ય | જીવનપર્યંત અઠ્ઠાઈ, છ વિગઈ ત્યાગ |
| ૧૦. | જગતચંદ્રાચાર્ય | ૧૨ાા વર્ષ આયંબિલ |
| ૧૧. | સિદ્ધસેન દિવાકરસૂરિ | ૮ વર્ષ સુધી ઘોર તપ |
| ૧૨. | ચંપા શ્રાવિકા | ૬ મહિનાના ઉપવાસ |
| ૧૩. | વિષ્ણુમુનિ | ૬ હજાર વર્ષે સુધી ઘોર વીર તપ |
| ૧૪. | નંદન મુનિ | ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ |

## વિક્રમરાજાના સંઘની વિગત

| | |
|---|---|
| ૧૬૯ | સુવર્ણ મંદિર. |
| ૫૦૦ | હાથીદાંતના જિનાલય. |
| ૫૦૦ | ચંદનના જિનાલય. |
| ૭,૦૦,૦૦૦ | શ્રાવકના કુટુંબ |
| ૧,૧૦૦૯,૦૦૦ | બળદગાડા |
| ૧,૮૦,૦૦૦ | ઘોડાઓ |
| ૭,૬૦૦ | હાથીઓ |
| ૭,૬૦૦ | ઊંટ |
| ૫,૦૦૦ | સિદ્ધસેન-દિવાકરસૂરિ જેવા આચાર્યો. |

(પ્રબંધ-પંચશતી)

## ફટાકડા ફોડવાથી બંધાતા આઠકર્મ

| | | |
|---|---|---|
| ૧. | કાગળ બાળવાથી | જ્ઞાન |
| ૨. | જીવોના અંગોપાંગ છેદાતા | દર્શન |
| ૩. | જીવોને વેદના આપતા | વેદનીય |
| ૪. | ફોડતા આનંદ મનાવતાં | મોહનીય |
| ૫. | એ વખતે આયુનો બંધ પડે તો | આયુષ્ય |
| ૬. | દાઝીને બળી મરીએ તો | નામ |
| ૭. | ફોડવામાં મદ થવાથી | ગોત્ર |
| ૮. | ઊંઘ તથા ભણવામાં અંતરાયથી | અંતરાય |

## ચક્રવર્તીના નવ વિધાન

| | | | |
|---|---|---|---|
| ૧. | નૈસર્પ | ૨. | પાંડુક |
| ૩. | પિંગલક | ૪. | સર્વરત્ન |
| ૫. | મહાપદ્મ | ૬. | કાળ |
| ૭. | મહાકાળ | ૮. | માણવક |
| ૯. | શંખ | | |

## જુઠુ બોલવાના ૧૪ કારણ

૧. ક્રોધ ૨. માન ૩. કપટ ૪. લોભ ૫. રાગ ૬. દ્વેષ ૭. હાસ્ય ૮. ભય ૯. લજ્જા ૧૦.ક્રીડા ૧૧. હર્ષોત્સાહ ૧૨. શોક ૧૩. દાક્ષિણ્યતા ૧૪. બહુ બોલવાથી

## રૂપના કારણે સર્જાયેલા નાટકો

૧. દ્રૌપદીના વસ્ત્રો ભરસભામાં દુઃશાસને ખેંચ્યા હતા.

૨. દ્રૌપદીના કારણે વૈરાટ રાજાના ૧૦૦ સાળાઓ ભીમના હાથે બળતી ચિતામાં હોમાયા.

૩. હજારો રાણીઓ હોવા છતાં સીતાના હરણથી રાજા રાવણનો નાશ થયો હતો.

૪. ચૌપદપશુની માફક ચંપાની રાજકુમારી વસુમતી ચૌટામાં વેચાણી.
૫. મદનરેખાના રૂપમાં પાગલ બની મણિરથ રાજાએ નાનાભાઈ યુગબાહુનું ખૂન કર્યું હતું.
૬. સરસ્વતી સાધ્વીજીને ગર્દભીલ્લ રાજાએ પકડાવી અંતઃપુરમા રાખી હતી.
૭. સુરસુંદરી અનેક ઠેકાણે વેચાણી તથા નર્તકી બની,
૮. નટકીના રૂપના કારણે ઈલાચીકુમાર નાચવામાં ઘેલો બન્યો.
૯. પ્રજાપતિ રાજાએ પોતાની પુત્રી મૃગાવતીને રાણી બનાવી હતી.
૧૦. ચંદ્રશેખર રાજાએ પોતાની પરણાવેલી બહેનને વર્ષો સુધી ભોગવી હતી.
૧૧. રૂપના કારણે દ્રૌપદીને પદ્મોતર રાજા હરણ કરી ગયો.

## સાધુના દર્શનથી પુણ્ય

૧. સાધના દર્શનથી ઈલાચીકુમાર કેવલજ્ઞાન પામ્યા.
૨. ૧૮,૦૦૦ સાધુને વંદનથી કૃષ્ણરાજાની ૪ નારક ઘટી.
૩. સાધુ ગૌતમ સ્વામીના દર્શનથી ૧૫૦૦ તાપસો સંયમી બન્યા.
૪. સાધુ સાથે વાર્તાલાપ કરતાં બિંબસાર સાચુ જ્ઞાન મેળવે છે.
૫. સાધુ પાસે ખાવાનું માંગતા દ્રમક સંયમ લઈ પછી સંપ્રતિરાજા બને છે.
૬. સાધુને વહોરાવવાથી શાલિભદ્ર તથા ધન્યકુમાર સંયમને મેળવે છે.
૭. સાધુને વહોરાવવાથી નયસાર સમકિત પામે છે.
૮. ઉદાયી મંત્રીને સમાધિ આપતા ભાટ (ચારણ) સાચો સંયમી બને છે.
૯. કપિલ કેવળીના દર્શનથી ૫૦૦ ચોર સંયમી બન્યા.
૧૦. સંયમની વાતો સાંભળતા પ્રભવ ચોર સંયમી બને છે.

છઠ્ઠો ખંડ

## કોણ કેવી રીતેવૈરાગ્ય પામ્યા

| | | | |
|---|---|---|---|
| ૧. | ગૌતમ બુદ્ધ | - | કરમાયેલા પુષ્પ, ઘરડો માણસ અને મૃતદેહને જોતા. |
| ૨. | દશરથ રાજા | - | કંચુકીની અતિ વૃદ્ધાવસ્થા જોઈને |
| ૩. | હનુમાનજી | - | સંધ્યાના વાદળ જોઈને |
| ૪. | દશાર્ણભદ્ર | - | ઈન્દ્રના સામૈયાની ઋદ્ધિ જોઈને |
| ૫. | મૃગાપુત્ર | - | સાધુને જોઈને |
| ૬. | અષાઢાચાર્ય | - | દારૂ પીધેલપત્નીને જોતા |
| ૭. | આર્યરક્ષિત | - | દબદબાભર્યા સામૈયામાં માની ગેરહાજરી જોઈ |
| ૮. | ધન્નાજી | - | સ્નાનાગારમાં પત્નીનું મેણું સાંભળી |
| ૯. | શાલીભદ્ર | - | શું મારા માથે પણ નાથ (શ્રેણિકને જોઈને) |
| ૧૦. | સ્થુળભદ્ર | - | અધિકારનું જોખમીપણું અને નશ્વરપણું દેખીને |
| ૧૧. | બાહુબળી | - | ઉપાડેલા હાથનું શું ? એમ વિચારતાં |
| ૧૨. | અભયકુમાર | - | જા તારું મોઢું કાળુ કર એ વચન સાંભળી |
| ૧૩. | ખંધકસૂરિના સાળા | - | લોહીથી ખરડાયેલ મુહપત્તિ જોઈ |
| ૧૪. | સિદ્ધર્ષિગણિ (પૂર્વાવસ્થામાં) | - | જ્યાંનો દરવાજો ખુલ્લો હોય ત્યાં જા માં ના આવાં વચન સાંભળી |
| ૧૫. | પ્રસન્નચંદ્ર | - | માથાના સફેદ વાળ જોઈને |
| ૧૬. | નમિરાજર્ષિ | - | એક કંકણનો કોલાહલ બંધ થવાથી |
| ૧૭. | નંદિષેણ | - | તમે દશમાંએ વચન સાંભળી |

## આઠ પ્રભાવક

| | | |
|---|---|---|
| ૧. | પ્રવચન પ્રભાવક | શ્રી વજ્રસ્વામી |
| ૨. | ધર્મકથા પ્રભાવક | શ્રી સર્વજ્ઞસૂરી |
| ૩. | વાદી પ્રભાવક | શ્રી મલ્લાવાદી દેવસૂરી |
| ૪. | નિમિત્ત વેત્તા | શ્રી ભદ્રબાહુ સ્વામી |

| | | |
|---|---|---|
| ૫. | તપસ્વી પ્રભાવક | શ્રી કાષ્ઠ મુનિ |
| ૬. | વિદ્યા પ્રભાવક | શ્રી હેમચંદ્રાચાર્ય |
| ૭. | સિદ્ધ પ્રભાવક | શ્રી પાદલિપ્ત સૂરી |
| ૮. | કવિ પ્રભાવક | શ્રી સિદ્ધસેન દિવાકર સૂરી |

(પ્રભાવક - ચરિત્ર)

## છદ્મસ્થને અદૃશ્ય

| | | | |
|---|---|---|---|
| ૧. | ધર્માસ્તિકાય | ૬. | શબ્દ |
| ૨. | અધર્માસ્તિકાય | ૭. | ગંધ |
| ૩. | આકાશાસ્તિકાય | ૮. | વાયુ |
| ૪. | જીવ (આત્મા) | ૯. | આ જીવ જિન થાશે કે નહિ |
| ૫. | પરમાણુ પુદ્‌ગલ | ૧૦. | આ જીવ સર્વ દુઃખનો અંત કરશે કે નહિ |

## વીરપ્રભુના કુટુંબીઓનું આયુષ્ય

| | | |
|---|---|---|
| ૧. | સિદ્ધાર્થ રાજાનું | ૮૭ વર્ષ |
| ૨. | ત્રિશલા દેવીનું | ૫૮ વર્ષ |
| ૩. | નંદિવર્ધન | ૯૮ વર્ષ |
| ૪. | સુદર્શનાબેન | ૮૫ વર્ષ |
| ૫. | સુપાર્શ્વ કાકા | ૯૦ વર્ષ |
| ૬. | ઋષભદત્ત બ્રાહ્મણ | ૧૦૦ વર્ષ |
| ૭. | દેવાનંદા બ્રાહ્મણી | ૧૦૫ વર્ષ |
| ૮. | આમળી ક્રિડા | ૫ વર્ષની ઉંમરે |
| ૯. | નિશાળે ભણવા | ૭ વર્ષ |
| ૧૦ | યશોદા સાથે લગ્ન | ૧૬-૨૦ વર્ષે |

(મહાવીર - ચરિત્ર)

## દેવો કોનું અપહરણ ન કરે ?

| | | | |
|---|---|---|---|
| ૧. | વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળનાર | ૫. | પરિહાર વિશુદ્ધિ ચારિત્ર વાળાનું |
| ૨. | અંતકૃત કેવળીનું | | |

૩. આહારક શરીરીનું
૪. પુલાક નિર્ગ્રંથનું
૬. ચૌદપૂર્વીનું
૭. અપ્રમત્ત મુનિનું

## મોતીની ઉત્પત્તિ ક્યાં ?

૧. હાથીના કુંભ સ્થળમાં
૨. શંખમાં
૩. માછલીના મુખમાં
૪. વાંશમાં
૫. વણરની દાઢમાં
૬. ચાંદીના મસ્તક ઉપર
૭ મેઘમાં
૮ છીપમાં

## સુઘોષા ઘંટનું પ્રમાણ

બાર યોજન પહોળી, ૬ યોજન ઊંચી, લોલક - ૪ યોજન પ્રમાણ એકી સાથે ૫૦૦ દેવતાઓ વગાડે.

## અનંતી દસ વસ્તુ

૧. સિદ્ધના જીવો
૨. નિગોદ
૩. કાળ
૪. પુદ્‌ગલ
૫. આકાશ પ્રદેશ
૬. કેવલજ્ઞાની
૭. કેવલ દર્શન
૮. વનસ્પતિ
૯. પરમાણું
૧૦. અલોક

## પુજાથી થયેલા લાભો

જળ પૂજા : પાર્શ્વનાથ પ્રભુનો હાથીએ અભિષેક તથા પુષ્પપૂજા કરી દેવલોકમાં ગયો.

નૈવેદ્ય પૂજા : ખેડૂત રોજ નૈવેદ્ય ચડાવે દેવીએ પરીક્ષા કરી. રાજાને ત્યાં જન્મ્યો.

દીપક પૂજા : ધનશ્રી જિનમતી મુક્તિ પદને પામ્યા.

અક્ષત પૂજા : પોપટ-મેના પોતાની ચાંચમાં ચોખા લાવી પૂજા

| | | |
|---|---|---|
| | | કરતાં સદ્ગતિ પામ્યા. |
| પુષ્પપૂજા | : | પાંચકોડીના ફૂલ ચડાવી ૧૮ દેશનો રાજા કુમારપાળ બન્યો. |

## સ્ત્રીને અપ્રાપ્ય ભાવો

૧. તીર્થંકર પદવી, ૨ ચક્રવર્તીપણું, ૩ વાસુદેવપણું, ૪. બળદેવપણું, ૫. સંભિન્ન શ્રોતો લબ્ધિ, ૬ ચારણ લબ્ધિ, ૮. ગણધર લબ્ધિ, ૯. પુલાક લબ્ધિ, ૧૦. આહારક શરીર.

## કયી ભાવનાથી કોણ વૈરાગ્ય પામ્યા

| | **૧૨ ભાવના** | **૧૨ મહાપુરુષો** |
|---|---|---|
| ૧. | અનિત્ય ભાવના ભાવતા | ભરત ચક્રવર્તી |
| ૨. | અશરણ ભાવના ભાવતા | અનાથી મુનિ |
| ૩. | સંસાર ભાવના ભાવતા | મલ્લિનાથના છ મિત્ર |
| ૪. | એકત્વ ભાવના ભાવતા | નમિરાજર્ષિ |
| ૫. | અન્યત્વ ભાવના ભાવતા | મૃગાપુત્ર |
| ૬. | અશુચિ ભાવના ભાવતા | સનત્કુમાર ચક્રવર્તી |
| ૭. | આશ્રવ ભાવના ભાવતા | સમુદ્રપાલ મુનિ |
| ૮. | સંવર ભાવના ભાવતા | હરિકેશી મુનિ |
| ૯. | નિર્જરા ભાવના ભાવતા | અર્જુન માળી |
| ૧૦. | લોક ભાવના ભાવતા | શિવ રાજર્ષિ |
| ૧૧ | દુર્લભબોધિ ભાવના ભાવતા | ઋષભદેવના ૯૯ પુત્ર |
| ૧૨. | ધર્મસ્વાખ્યત્વ ભાવના ભાવના | ધર્મ રૂચિ અણગાર (સૂયગડાંગસૂત્ર) |

## ચક્રવર્તીની ઋદ્ધિ

| | | |
|---|---|---|
| ભરતક્ષેત્રના છ ખંડ | ૭. ક્રોડ કુટુંબો | ૧૬૦૦૦ રત્નના ભંડાર |
| નવ વિધાન | ૧૦૦ ક્રોડ પંચરંગી ધજાઓ | ૨૦,૦૦૦ સોનાના ભંડાર |
| ૧૪ રત્ન | ૩૨ ક્રોડ માલીશ | ૯૯ ક્રોડ દાસ દાસીઓ |
| ૩૨,૦૦૦ રાજાઓ | ૩૨,૦૦ રસોઈયા | ૩ કરોડ વૈદ્ય |

| | | |
|---|---|---|
| ૧,૯૨,૦૦૦ રાણીઓ | ૩૬૦ મોટા રસોઇયા | ૬૪,૦૦૦ મહેલ |
| ૮૪ લાખ હાથીઓ | ૩ લાખ જમવાના સ્થાન | દરેક મહેલ ૪૨ માળના |
| ૮૪ લાખ ઘોડાઓ | ૧ ક્રોડ ગોકુલ | ૨૦૦૦ આત્મરક્ષક દેવ |
| ૧૮ ક્રોડ મોટા ઘોડાઓ | ૯૯ લાખ અંગરક્ષક | દરરોજ ચાર ક્રોડ મણ અન્ન પકાય |
| ૮૪ લાખ રથ | ૧ ક્રોડ ૮૦ હજાર રાસભ | ૧૦ લાખ મણ મીઠું અને ૭૨ મણ હીંગ જાય |
| ૯૬ ક્રોડ પાયદલ | ૫૦ ક્રોડ પાણીના પોળીયા | |
| ૯૬ ક્રોડ ગામો | ૧૪ હજાર મંત્રીઓ | |

(ચક્રવર્તી આ ઋદ્ધિને છોડે તો મોક્ષ કે સ્વર્ગમાં જાય અને ન છોડે તો અવશ્ય નરકમાં જાય.)

## સાત ભય

ઇહલોક ભય, પરલોક ભય, આદાન ભય, અકસ્માત્ ભય, આજીવિકા ભય, મરણ ભય, અને અપયશ ભય.

## પ્રભાવક આચાર્યો - સાધુઓ વિગેરેની સંખ્યા

- ૧,૧૧,૧૬૦૦૦૦ — શાસન પ્રભાવક રાજાઓ
- ૧૧,૧૬૦૦૦૦ — યુગ પ્રધાન સમ આચાર્યો

**પંચાવન ક્રોડ, પંચાવન લાખ, પંચાવન હજાર,પંચાવન સો, પંચાવન-અધર્માચાર્યો**

- ૫૫,૫૫,૫૦૦ ક્રોડ — વિદ્વાન આચાર્યો
- ૫૫,૫૫,૫૪૪ ક્રોડ — ઉપાધ્યાઓ
- ૧૭,૯,૧૨૧ ક્રોડ ૧૬ લાખ — સુસાધુઓ
- ૨૦,૦૦૯૧ ક્રોડ ને ૫૬,૩૬,૧૯૯ — સુસાધ્વીજીઓ
- ૧૬,૦૩,૩૧૭ ક્રોડ ને ૮૪ લાખ — સુશ્રાવકો
- ૨૫, ૯૨, ૫૩૨ ક્રોડ ને ૧૨ લાખ — સુશ્રાવિકાઓ

## તેર કાઠીયાની સમજ

| | | | |
|---|---|---|---|
| ૧. | આળસ | - | દેવગુરુપાસે જતાં આળસ થાય |
| ૨. | મોહ | - | સ્ત્રી પુરુષ વિગેરેથી વિંટળાઈ રહે. |
| ૩. | અવિનય | - | ગુરુ કંઈ ખાવા નહીં આપે ધંધો કરીશું તો મળશે. |
| ૪. | અભિમાન | - | મનમાં મોટાઈ રાખી પછી ગુરુ પાસે જાય |
| ૫. | ક્રોધ | - | ગુરુ પાસે આક્રોશ પૂર્વક બોલે |
| ૬. | પ્રમાદ | - | પ્રમાદમાં પડ્યો રહે |
| ૭. | કૃપણ | - | આ ગુરું તો પૈસા ખર્ચાવે માટે નથી જવું |
| ૮ | ભય | - | ગુરુ પાસે વ્રત પચ્ચકખાણ કરે |
| ૯. | શોક | - | શોકના યોગે ગુરુ પાસે ન જાય |
| ૧૦. | અજ્ઞાન | - | અજ્ઞાનતાથી ગુરુ પાસે ન જાય |
| ૧૧. | વિકથા | - | અનુચિત વાતો કરવામાં તત્પર |
| ૧૨. | કૌતુક | - | માર્ગમાં કૌતુક જોવા ઉભો રહે |
| ૧૩. | વિષય | - | કામભોગમાં આસકત હોવાથી ગુરુ પાસે ન જાય |

## ભાવશ્રાવકના છ લક્ષણ

| | | |
|---|---|---|
| ૧. | કૃતવ્રતકર્મા | સગુરુ પાસે ધર્મ સાંભલી સમજી પછી સ્વીકારીને વ્રતોનું પાલન કરે. |
| ૨. | શીલવાન | વિના કાર્યે કોઈને ત્યાં જાય નહી, દેશાચાર કુલાચાર પ્રમાણે વેશ રાખે, વિકારયુક્ત વચન ન બોલે, કોઈપણ કાર્ય ધીરજપૂર્વક કરે. |
| ૩. | ગુણવાન | સ્વાધ્યાય, ધર્મક્રિયા તથા વિનયમાં હંમેશા ઉદ્યમવાળો હોય. |
| ૪. | ઋજુ વ્યવહારી | ધર્મના સંબંધમાં તથા સંસારના સંબંધમાં વૈરવિરોધ ન જાગે તેવું વર્તન કરવું.બીજાને છેતરવાની બુદ્ધિ રાખવી. સદ્ભાવ પૂર્વક મિત્રતા રાખવી. |
| ૫. | ગુરુ શુશ્રુષા | ગુરુની તન, મન, ધનથી સેવા કરવી. |
| ૬. | પ્રવચન કુશળતા | સૂત્ર, અર્થ, ઉત્સર્ગ, અપવાદ, ધર્મઅનુષ્ઠાન તથા વ્યવહારમાં જે કુશળહોય તે. |

# કોણ કેવી રીતે કેવલી બન્યા ?

**શુદ્ધ પરિણામ તથા શુકલ ધ્યાનની મહત્તા હોવાથી ગમેતે પરિસ્થિતિમાં કેવલી બની શકે છે.**

| | કોન ? | ક્યારે કેવલજ્ઞાન થયું ? |
|---|---|---|
| ૧. | વલ્કલચીરિ મુનિને | પાત્ર પડિલેહણ કરતા |
| ૨. | રતિસાર કુમારને | પત્નીને શણગારતા |
| ૩. | ગુણ સાગરને | હસ્ત મેળાપ વખતે |
| ૪. | ભરત મહારાજાને | અનિત્ય ભાવના ભાવતા |
| ૫. | કુરગડુ મુનિને | પ્રમોદ ભાવના ભાવના |
| ૬. | ગૌતમ સ્વામી | વિલાપ કરતા |
| ૭. | પૃથ્વી ચંદ્રને | સિંહાસન ઉપર બેઠા બેઠા |
| ૮. | ઈલાચી કુમારને | નાચતા નાચતા |
| ૯. | અષાઢા ભૂતિને | નાટક કરતાં કરતાં |
| ૧૦. | અઈમુત્તામુનિને | ઈરિયાવહી કરતા |
| ૧૧. | અર્ણિકા પુત્રાચાર્યને | નદી ઉતરતા ડુબતા |
| ૧૨. | નાગકેતુને | પુષ્પ પૂજા કરતા |
| ૧૩. | મરુદેવા માતાને | હાથી ઉપર બેઠા બેઠા |
| ૧૪. | સાધ્વી શ્રી પુષ્પ ચૂલાને | ગોચરી લાવી આપતાં |
| ૧૫. | પ્રસન્નચંદ્ર ઋષિને | કાઉસગ્ગ ધ્યાનમાં |
| ૧૬. | કસાઈના નોકરને | માછલી ચીરતા ચીરતાં |
| ૧૭. | કુર્માપુત્રને | ઘેર બેઠા બેઠા |
| ૧૮. | મેતાર્ય મુનિને | ખોપડી તુટતાં આંખો બહાર આવતા |
| ૧૯. | બાહુબલીજીને | વંદન માટે પગ ઉપાડતાં |
| ૨૦. | ઢંઢણ ઋષિને | ગૌચરી પરઠવતાં |
| ૨૧. | સુવ્રત મુનિને | ગૌચરી પરઠવતા |
| ૨૨. | ખંધકસૂરીના ૪૯૯ શિષ્યોને | ઘાણીમાં પીલાતા પીલાતાં |
| ૨૩. | પુણ્યાઢ્ય રાજાને | જિન દર્શન કરતાં |
| ૨૪. | ગજસુકુમાલ મુનિને | મસ્તક ઉપર આગ લાગતાં |

| | | |
|---|---|---|
| ૨૫. | ચંડરુદ્રાચાર્યના શિષ્યને | વિહારમાંગુરુની ગાળ તથા માર ખાતાં |
| ૨૬. | મૃગાવતી સાધ્વીને | ખમાવતાં ખમાવતાં |
| ૨૭. | ચંદનબાલા સાધ્વીને | ખમાવતાં ખમાવતાં |
| ૨૮. | ચંડરુદ્રાચાર્યને | ખમાવતાં ખમાવતાં |
| ૨૯. | ખંધક ઋષિને | ચામડી ઉતરતાં |
| ૩૦. | ઝાંઝરીયા મુનિને | વધકરતાં |
| ૩૧. | પાંચસો તાપસોને | ભોજન કરતાં કરતાં |

## ચોવીશ જિનના પુત્ર પુત્રી તથો ગણધરોની સંખ્યા

| | ૨૪ જિનના નામ | પુત્ર પુત્રીનો પરિવાર | ગણધર સંખ્યા | આયુષ્ય |
|---|---|---|---|---|
| ૧. | ઋષભદેવ | ૧૦૦ પુત્ર ૨ પુત્રી | ૮૪ | ચોરાશી લાખ |
| ૨. | અજિતનાથ | - | ૯૫ | ૭૨ લાખ પૂર્વ |
| ૩. | સંભવનાથ | ૩ પુત્ર | ૧૦૨ | ૬૦ લાખ પૂર્વ |
| ૪. | અભિનંદન | ૩ પુત્ર | ૧૧૬ | ૫૦ લાખ પૂર્વ |
| ૫. | સુમતિનાથ | ૩ પુત્ર | ૧૦૦ | ૪૦ લાખ પૂર્વ |
| ૬. | પદ્મપ્રભ સ્વામી | ૧૩ પુત્ર | ૧૦૭ | ૩૦ લાખ પૂર્વ |
| ૭. | સુપાર્શ્વનાથ | ૧૭ પુત્ર | ૯૫ | ૨૦ લાખ પૂર્વ |
| ૮. | ચંદ્રપ્રભ સ્વામી | ૧૮ પુત્ર | ૯૩ | ૧૦ લાખ પૂર્વ |
| ૯. | સુવિધિનાથ | ૧૯ પુત્ર | ૮૮ | ૨ લાખ પૂર્વ |
| ૧૦. | શીતલનાથ | ૧૨ પુત્ર | ૮૧ | ૧ લાખ પૂર્વ |
| ૧૧. | શ્રેયાંસનાથ | ૯૯ પુત્ર | ૭૬ | ૮૪ લાખ વર્ષ |
| ૧૨. | વાસુપૂજ્યસ્વામી | ૨ પુત્ર | ૬૬ | ૭૨ લાખ વર્ષ |
| ૧૩. | વિમલનાથ | - | ૫૭ | ૬૦ લાખ વર્ષ |
| ૧૪. | અનંતનાથ | ૮૮ પુત્ર | ૫૦ | ૩૦ લાખ વર્ષ |
| ૧૫. | ધર્મનાથ | ૧૯ પુત્ર | ૪૩ | ૧૦ લાખ વર્ષ |
| ૧૬. | શાંતિનાથ | દોઢ ક્રોડ પુત્ર | ૩૬ | ૧ લાખ વર્ષ |
| ૧૭. | કુંથુનાથ | દોઢ ક્રોડ પુત્ર | ૩૫ | ૯૫ હજાર વર્ષ |
| ૧૮. | અરનાથ | સવા ક્રોડ પુત્ર | ૩૩ | ૮૪હજાર વર્ષ |
| ૧૯. | મલ્લિનાથ | - | ૨૮ | ૫૫ હજાર વર્ષ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | મુનિસુવ્રત સ્વામી | ૧૧ પુત્ર | ૧૮ | ૩૦ હજાર વર્ષ |
| ૨૧. | નેમિનાથ | - | ૧૧ | ૧૦ હજાર વર્ષ |
| ૨૨. | નેમિનાથ | - | ૧૭ | ૧ હજાર વર્ષ |
| ૨૩. | પાર્શ્વનાથ | - | ૧૦ | ૧૦૦ વર્ષ |
| ૨૪. | મહાવીર સ્વામી | ૧ પુત્રી | ૧૧ | ૭૨ વર્ષ |

કુલ - સવાચાર ક્રોડ અને ૪૦૭ પુત્રની સંખ્યા થઈ.

પુત્રી ત્રણ બધા સંયમ આદરીને મોક્ષપામ્યા.

## સિદ્ધગિરિએ સિદ્ધ થયેલાં આત્માઓ

| કોણ ? | કેટલા સાથે ? | કયા દિવસે ? |
|---|---|---|
| પુંડરિક ગણધર | પાંચ ક્રોડ | ચૈત્ર સુદ પૂનમ |
| દ્રાવિડ વારિખિલ્લજી | દશ ક્રોડ | કારતક સુદ પૂનમ |
| શાંબ - પ્રદ્યુમ્ન | સાડા આઠ ક્રોડ | ફાગણ સુદ તેરસ |
| પાંચ પાંડવ | વીસ ક્રોડ | આસો સુદ પૂર્ણિમા |
| નારદજી | ૯૧ લાખ | |

| | |
|---|---|
| ભરત | ૧૦૦૦ |
| વાસુદેવની પત્ની | ૩૫,૦૦૦ |
| ભરતમુનિ | ૫ ક્રોડ |
| અજીત જિનના સાધુ | ૧૦,૦૦૦ |
| વૈદર્ભી | ૪૪૦૦ |
| બાહુબલીજીના પુત્રો | ૧૦૦૮ |
| થાવચ્ચા પુત્ર | ૧૦૦૦ |
| થાવચ્ચા ગણધર | ૧૦૦૦ |
| સેલકાચાર્ય | ૫૦૦ |
| રામ-ભરત | ૩ ક્રોડ |
| સોમયશા રાજા | ૧૩ કરોડ |
| સાગરમુનિ | ૧ કરોડ |
| અજિતસેન | ૧૭ કરોડ |
| શ્રી આરમુનિ | ૧ કરોડ |
| આદિત્યયશા | ૧ લાખ |
| દમિતારી | ૧૪,૦૦૦ |
| શુક પરિવ્રાજક | ૧૦૦૦ |
| કાલિક | ૧૦૦૦ |
| સુભદ્રમુનિ | ૧૦૦૦ |
| કદમ્બ ગણધર | ૧ કરોડ |

(શત્રુંજય માહા.)

## કોના સમયમાં કેટલા સંઘપતિઓ થયા ?

| | | |
|---|---|---|
| ભરત મહારાજાના સમયમાં | - | ૯૯,૮૯,૮૪,૦૦૦ સંઘપતિઓ (પ્રબંધપંચશતી) |
| સગરચક્રીના સમયમાં | - | ૫૦,૯૫,૭૫,૦૦૦ સંઘપતિઓ |
| વિક્રમરાજાના સમયમાં | - | ૮૪,૦૦૦ સંઘપતિઓ |

● **આમ રાજાનો એક પ્રસંગ**

બપ્પભટ્ટસૂરીએ વ્યાખ્યાનમાં ગિરનારની તીર્થનો મહિમા વર્ણવ્યો એ વખતે આ રાજાએ અભિગ્રહ લીધો કે નેમનાથ પ્રભુના દર્શન વિના ભોજન કરવું નહિ. એ રાજાની સાથે જ ઘણા સાધર્મકે દર્શન વિના ભોજન કરવું નહિ એ અભિગ્રહ લીધો તરત જ સંઘની તૈયારી કરી ગિરનારનો સંઘ કાઢ્યો. એ સંઘમાં ૧ લાખ સુભટ, ૧ લાખ ઘોડાઓ, ૭૦૦ હાથીઓ, ૨૦,૦૦૦ ઊંટ, ૩ લાખ પાડા તથા વીસ હજાર શ્રાવકોનો પરિવાર હતો.

બત્રીસમાં દિવસે ગિરનાર પહોંચ્યા તે વખતે ગિરનાર દીગમ્બરોને આધિન હતું. તે તીર્થ સ્વાધીન કરી તીર્થ માળા પહેરી પછી પારણું કર્યું.

## સિદ્ધગિરિની વિશેષતા

- ૨૭૦૦૭, જિનબિંબો, ૧૫૦૦, ચરણપાદુકા, ૩૩૬૪ પગથિયાં, ૨૦૦૦ ફુટ ઊંચાઈ. કુલ જિનાલય - ૩૫૦૭/ ઘેરાવો ૭ા માઈલ.
- શાંતિનાથ પ્રભુના ચૌમાસામાં - ૧,૫૨,૫૫૫,૭૭૭ સાધુ સાથે હતા.

## ગિરનાર તીર્થનો મહિમા

- આવતી ચોવીશીમાં પદ્મનાભ આદિ બધા તીર્થંકર ભગવંતો શ્રી ગિરનારજી ઉપર નિર્વાણ પામશે. અને ૨૩માં ૨૪મા તીર્થંકરના દીક્ષા તથા કેવલજ્ઞાન કલ્યાણક પણ ગિરનારમાં થશે.
- ગઈ ચોવીશીના પણ (૧૭ થી ૨૪) ભગવંતના દીક્ષા કેવલજ્ઞાન તથા

નિર્વાણ ત્રણ કલ્યાણક થયા છે.

- નેમિનાથ પ્રભુના પણ દીક્ષા કેવલ તથા નિર્વાણ કલ્યાણક અહીં થયા છે.
- શ્રી મહાવીર પ્રભુએ સૌધર્મેન્દ્રને ગિરનાર તીર્થનો મહિમા વર્ણવ્યો હતો.
- બપ્પભટ્ટસૂરીજીના સદુપદેશથી આમ રાજાએ ગિરનાર તીર્થનો સંઘ કાઢ્યો હતો.

## ભાવિતીર્થંકરોની યાદી

| | કોનો જીવ ? | શું નામ ? |
|---|---|---|
| ૧. | શ્રેણિક મહારાજ | પદ્મનાભ નામે પહેલા તીર્થંકર થશે |
| ૨. | વીરપ્રભુના કાકા સુપાર્શ્વ | સુદેવ નામે બીજા તીર્થંકર થશે. |
| ૩. | કોણિક પુત્ર ઉદય | સુપાર્શ્વ નામે ત્રીજા તીર્થંકર થશે. |
| ૪. | પોટ્ટિલ મુનિ | સ્વયંપ્રભ નામે ચોથા તીર્થંકર થશે. |
| ૫. | દઢાયુશ્રાવક | સર્વાનુભૂતિ નામે પાંચમા તીર્થંકર થશે. |
| ૬. | કાર્તિક શેઠ | દેવશ્રુત નામે છઠ્ઠા તીર્થંકર થશે. |
| ૭. | શતક શ્રાવક (શંખ શ્રાવક) | ઉદય નામે સાતમા તીર્થંકર થશે. |
| ૮. | આનંદ શ્રાવક | પેઢાલ નામે આઠમા તીર્થંકર થશે. |
| ૯. | સુનંદા શ્રાવિકા | પોટ્ટિલ નામે નવમા તીર્થંકર થશે. |
| ૧૦. | શતક શ્રાવક | શતકિર્તી નામે દશમા તીર્થંકર થશે. |
| ૧૧. | કૃષ્ણની માતા દેવકી | મુનિસુવ્રત નામે અગ્યારમા તીર્થંકર થશે. |
| ૧૨. | કૃષ્ણમહારાજા | અમમ નામે બારમા તીર્થંકર થશે. |
| ૧૩. | સત્યકી વિદ્યાધર | નિષ્કષાય નામે તેરમા તીર્થંકર થશે. |
| ૧૪. | બળદેવ | નિષ્પુલાક નામે ચૌદમા તીર્થંકર થશે. |
| ૧૫. | સુલસાશ્રાવિકા | નિર્મમ નામે પંદરમા તીર્થંકર થશે. |
| ૧૬. | બલભદ્રની માતા રોહિણી | ચિત્રગુપ્ત નામે સોળમા તીર્થંકર થશે. |
| ૧૭. | રૈવતી શ્રાવિકા | સમાધિ નામે સત્તરમા તીર્થંકર થશે. |
| ૧૮. | શતાલી શ્રાવક | સંવર નામે અઢારમા.તીર્થંકર થશે. |
| ૧૯. | યશોધર | યશસ્વર નામે ઓગણીસમા તીર્થંકર થશે. |
| ૨૦. | કર્ણરાજા | વિજય નામે વીસમા તીર્થંકર થશે. |

| | |
|---|---|
| ૨૧. નારદજી | મલ્લ નામે એકવીસમા તીર્થંકર થશે. |
| ૨૨. અંબડ શ્રાવક | દેવ નામે બાવીસમા તીર્થંકર થશે. |
| ૨૩. અમર શ્રાવક | અનંતવીર્ય નામે તેવીસમા તીર્થંકર થશે. |
| ૨૪. સ્વાતિબુદ્ધ | ભદ્ર નામે ચોવીસમા તીર્થંકર થશે. |

## વસ્તુપાળ તેજપાળના સુકૃતો

| | |
|---|---|
| ૧૩૦૦- શિખરબંધી જિનાલય | ૩ લાખ દ્રવ્ય ખર્ચી શત્રુંજય પર તોરણ બાંધ્યું. |
| ૩૨૦૨ - જીર્ણોદ્ધાર<br>૧,૦૫૦૦૦ - નવીન જિનબિંબો ભરાવ્યા. | વર્ષમાં ૩ વાર સંઘ પૂજન તથાં સ્વામી વાત્સલ્ય કરતાં |
| ૯૮૪-પૌષધશાળા | ૧૦૦૦- સિંહાસન મહાત્માઓ માટે કરાવ્યા |
| ૮૮૨ - વેદશાળા | ૨૧ મુનિને આચાર્ય પદથી વિભૂષિત કર્યા. |
| ૭૦૧ - તપસ્વીને રહેવાના મઠો | ૧૦૦૦ - દાનશાળાઓ બંધાવી. |
| ૩૫ લાખ દ્રવ્ય ખર્ચી જ્ઞાન ભંડાર બનાવ્યો. | ૪૦૦ - પાણીની પરબ બંધાવી |
| ૩ લાખ દ્રવ્ય ખર્ચી ખંભાતમાં જ્ઞાન ભંડાર | ૩૫ - ગઢ કરાવ્યા |
| ૫૦૦ - સિંહાસન હાથી દાંતના<br>૭૦૦- નિશાળ ભણવા માટે<br>૧૨- શત્રુંજય સંઘ લઇ ગયા | ૧૮ વર્ષ સુધી વ્યાપાર કર્યો. |
| ૧૦૦૦ વખત સંઘપૂજા કરી<br>૧૮૦૦- સાધુઓ આહાર વહોરતા | વસ્તુપાલના સંઘમાં ૨૦૦૦ સાધુ તથા ૭ લાખ માણસો હતા. |

(પ્રભાવક ચરિત્ર)

| | ૧૦ પ્રાણ | પર્વ દિવસો |
|---|---|---|
| ૧. | સ્પર્શેન્દ્રિય | પર્યુષણ પર્વ |
| ૨. | રસનેન્દ્રિય | મૌન એકાદશી |
| ૩. | ઘ્રાણેન્દ્રિય | પોષ દશમી |
| ૪. | ચક્ષુરિન્દ્રિય | દિવાળી પર્વ |
| ૫. | શ્રવણેન્દ્રિય | ચૈત્રસુદ તેરસ |
| ૬. | મનોબળ | જ્ઞાન પંચમી |
| ૭. | વચનબળ | ચૌમાસી ચૌદસ |
| ૮. | કાયબળ | અક્ષય તૃતીયા |
| ૯. | શ્વાસોશ્વાસ | આસો માસની ઓળી |
| ૧૦. | આયુષ્ય | ચૈત્ર માસની ઓળી |

| | ૧૪ સ્વપ્નો | ૧૪ ગુણઠાણા |
|---|---|---|
| ૧. | ગજવર | ૧. મિથ્યાત્વ |
| ૨. | વૃષભ | ૨. સાસ્વાદન |
| ૩. | કેસરી સિંહ | ૩. મિશ્ર |
| ૪. | લક્ષ્મીદેવી | ૪ અવિરતિ |
| ૫. | ફુલની માળા | ૫. દેશવિરતિ |
| ૬. | ચંદ્ર | ૬. પ્રમત્ત |
| ૭. | સૂર્ય | ૭. અપ્રમત્ત |
| ૮. | ધ્વજા | ૮. નિવૃત્તિ બાદર |
| ૯. | કળશ | ૯. અનિવૃત્તિ બાદર |
| ૧૦. | સરોવર | ૧૦. સૂક્ષ્મસંપરાય |
| ૧૧. | રત્નાકર | ૧૧. ઉપશાંત મોહ |
| ૧૨. | વિમાન | ૧૨ ક્ષીણ મોહ |
| ૧૩. | રત્નનો ઢગલો | ૧૩. સયોગી |
| ૧૪. | ધૂમ વગરનો અગ્નિ | ૧૪. અયોગી |

| | ૧૨ ચક્રવર્તી | ૭ પર્યાપ્તિ |
|---|---|---|
| ૧. | ભરત | ૧. આહાર |
| ૨. | સગર | ૨. શરીર |

૩. મઘવા
૪. સનત્કુમાર
૫. શાંતિનાથ
૬. કુંથુનાથ
૭. અરનાથ
૮. સુભુમ
૯. પદ્મ
૧૦. હરિષેણ
૧૧. જય
૧૨. બ્રહ્મદત્ત

૩. ઈન્દ્રિય
૪. શ્વાસોચ્છ્વાસ
૫. ભાષા
૬. મન

**૬ લેશ્યા**

૧ કૃષ્ણ
૨. નીલ
૩. કાપોત
૪. તેજો
૫. પદ્મ
૬. શુકલ

**૨૨ અભક્ષ્ય**

૧. મદિરા
૨. માંસ
૩. મધ
૪. માખણ
૫. બરફ
૬. કરા
૭. ઝેર
૮. માટી
૯. બોળ અથાણું
૧૦. રાત્રિ ભોજન
૧૧. દ્વિદળ
૧૨. ચલિતરસ
૧૩. બહુબીજ
૧૪ વેંગણ
૧૫. તુચ્છ ફળ
૧૬. અજાણ્યા ફળ
૧૭. વડના ટેટા
૧૮. ઊંબરાના ટેટા
૧૯. કાળા ઊંબરા
૨૦. પીપળાના ટેટા
૨૧. પ્લક્ષની ટેટી
૨૨ અનંતકાય

**૧૦ કલ્પવૃક્ષ**

૧. મત્તગંજ
૨. ભિંગા
૩. તુડિયંગા
૪. દીવ
૫. જોઈ

**૧૨ દેવલોક**

૧. સૌધર્મ
૨. ઈશાન
૩. સનત્કુમાર
૪. માહેન્દ્ર
૫. બ્રહ્મલોક

૬. ચિત્તંગા
૭. ચિત્તરસા
૮. મણિઅંગા
૯. ગેહાગારા
૧૦. અનિગિણા

૬. લાંતક
૭. મહાશુક્ર
૮. સહસ્રાર
૯. આનત
૧૦. પ્રાણત
૧૧. આરણ
૧૨. અચ્યુત

**૫ શરીર**

૧. ઔદારિક
૨. તૈજસ
૩. કાર્મણ
૪. વૈક્રિય
૫. આહારક

**પાંચ મહાવ્રત**

૧. પ્રાણતિપાત વિરમણવ્રત
૨. મૃષાવાદ વિરમણવ્રત
૩. અદત્તાદાન વિરમણવ્રત
૪. મૈથુન વિરમણવ્રત
૫. પરિગ્રહ વિરમણ વ્રત

**૪ મહાવિગઇ**

૧. મદિરા
૨. માંસ
૩. મધ
૪. માખણ

**પાંચ જ્ઞાન**

૧. મતિજ્ઞાન

**સાત ચારિત્ર**

૧. સામાયિક
૨. છેદોપસ્થાપનીય
૩. પરિહાર વિશુદ્ધિ
૪. સૂક્ષ્મ સંપરાય
૫. યથાખ્યાત
૬. દેશવિરતિ
૭. અવિરતિ

**પાંચ સમ્યકત્વના લક્ષણ**

૧. શમ
૨. સંવેગ
૩. નિર્વેદ
૪. અનુકંપા
૫. આસ્તિક્ય

**નવપદના નામ**

૧. અરિહંત
૨. સિદ્ધ
૩. આચાર્ય
૪. ઉપાધ્યાય
૫. સાધુ
૬. દર્શન

| | |
|---|---|
| ૨. શ્રુતજ્ઞાન | ૭. જ્ઞાન |
| ૩. અવધિજ્ઞાન | ૮. ચારિત્ર |
| ૪. મન:પર્યવજ્ઞાન | ૯. તપ |
| ૫. કેવલજ્ઞાન | |

## પાંચ પ્રકારના પાત્ર

| | | | |
|---|---|---|---|
| ૧. | રત્ન પાત્ર સમાન | - | તીર્થંકર દેવ |
| ૨. | સુવર્ણપાત્ર સમાન | - | સાધુ ભગવંત |
| ૩. | ચાંદીના પાત્ર સમાન | - | વ્રતધારી શ્રાવક |
| ૪. | તાંબાના પાત્ર સમાન | - | સમકિતદ્રષ્ટિ શ્રાવક |
| ૫. | લોઢાના પાત્ર સમાન | - | અન્ય વ્યક્તિ |

## સત્સંગે સદ્યોગની પ્રાપ્તિ

- જીવનની છેલ્લી થોડીક મિનિટોનાં સત્સંગે જેને નવકાર મળ્યો તેમાં અત્યંત કામાર્ત વણકર મૃત્યુ સુધારીને દેવલોકમાં ગયો.
- દારૂ વિના એક કલાક પણ ન રહી શકતો શાલવી સત્સંગના પ્રભાવે મૃત્યુ પામ્યા પછી કપર્દી નામનો શત્રુંજય તીર્થનો અધિષ્ઠાયક દેવ થયો.
- અઢાર દેશનો માલિક કુમારપાલ પૂર્વભવે જયતાક નામનો લુંટારો તેના જીવનનો ટર્નીંગ પોઈન્ટ લાવી દેનાર આચાર્ય યશોભદ્રસૂરીજીનો સત્સંગ હતો.
- અભયકુમાર જેવા કલ્યાણમિત્રના સત્સંગથી અનાર્ય દેશમા જન્મેલા આર્દ્રકુમારે સંસારનો ત્યાગ કરીને દીક્ષા લીધી. આજ કલ્યાણમિત્રે કસાઈના દીકરા સુલસને ધર્માત્મા બનાવ્યો હતો.
- દ્રઢ પ્રહારી અને ચિલાતી જેવા ધાડપાડુઓને તેજ ભવમા મુક્તિની મંગળમાળા પહેરાવવામાં જૈન સાધુઓનો સત્સંગ જ કારણ હતો.
- પ્રભુમહાવીરના સત્સંગથી જ ઈન્દ્રભૂતિ ગૌતમ અને ચંડકૌશિકના કષાયોના ફુંફાડાને શાન્ત કરી જીવન પરિવર્તન થયું હતું.

- ખુદવીર પ્રભુનો આત્મા પણ નયસારના ભવમાં મુનિઓના સત્સંગે જ સમ્યગ્દર્શન પામ્યોહતો.
- ભાઈ-મુનિને ઘેર લાવવા માટે લેવા ગયેલો નાનો ભાઈ ફલ્ગુમિત્ર ત્યાંના સંગે પોતે જ સાધુ બની ગયો.
- સાધુને રાત્રે મારવા ગયેલા ડાકુઓ સાધુને પડખું ફેરવતી વખતે ભૂમિ ઉપર ઓઘો પૂંજતા જોઈને ધર્મ પામી ગયા.
- બાળપણમાં ચારણ મુનિઓના સત્સંગથી જ ભીષ્મે આજીવન બ્રહ્મચર્ય અને હિંસાનું વ્રત લેવાની તાકાત મેળવી હતી.
- અરે ! એક શેઠ શેઠાણીના સત્સંગથી બળદો પણ ધર્મી બની ગયા આઠમ ચૌદસનો ઉપવાસ વિગેરે કરતા હતા.
- પેલું ગરુડ જટાયું ! રામચન્દ્રજીના સંગે ધર્માત્મા બની ગયું હતું.
- એક શેઠને ત્યાં નોકરી કરતો જાતનો ઘાંચી પણ સત્સંગથી સાધુ બની ગયો.

## સત્સંગથી થતા છ લાભો

૧. હિતકારિણી શીખામણો મળ્યા કરે
૨. સત્પુરુષોના જીવન પ્રસંગો સાંભળવા મળે.
૩. અન્ય સત્પુરુષોનો પરિચય થાય
૪. જ્ઞાનવૃદ્ધના ગુણો જીવનમાં ઉતરે
૫. કર્મ ક્ષયનો લાભ થાય.
૬. નમ્રતા ગુણ કેળવાય.

## ગિરીરાજની ગરિમા

અતિમુક્ત કેવલીભગવંતે નારદ ઋષિને ગિરીરાજનો મહિમા આ પ્રમાણે કહેલો.

૧. અન્ય તીર્થમાં ઉગ્રતપસ્યાથી બ્રહ્મચર્યથી જે ફળ પ્રાપ્ત થાય છે. તે ફળ અત્રે માત્ર રહેવાથી પ્રાપ્ત થઈ જાય છે.
૨. ગિરિરાજ ઉપર એક ઉપવાસ કરવાથી એક કરોડ મનુષ્યને ભોજન

કરાવવાનું ફળ પ્રાપ્ત થાય છે.

૩. ત્રણે લોકના તીર્થના દર્શન ગિરિરાજની સ્પર્શના માત્રથી થઈ જાય છે.

૪. જે સ્થાનોમાં કેવળજ્ઞાની તથા સાધુઓ નિર્વાણ પામ્યા છે. તે સ્થાનોને ગિરિરાજને વંદના કરવાથી વંદના થઈ જાય છે.

૫. અષ્ટાપદ, સમેત શિખર,પાવાપુરી, ગિરનાર, ચંપાપુરી વગેરે તીર્થના દર્શન વંદન કરતા શતગણું ફળ આ તીર્થના દર્શન વંદનથી મળે છે.

૬. અત્રે પુજા કરવાથી સો ગણું, પ્રતિમા સ્થાપન કરવાથી હજારગણું તથા તીર્થનું રક્ષણ કરવાથી અનંત ગણુ ફળ પ્રાપ્ત થાય છે.

૭. જે અત્રે પ્રતિમા ભરાવે છે. તે અવશ્ય ચક્રવર્તી પદ પામે છે.

૮. અત્રે એક તપનું સો ગણું ફળ પ્રાપ્ત થાય છે. અને છઠ કરીને સાત જાત્રા કરે તો ત્રીજા ભવે અવશ્ય મુક્તિ પામે છે.

૯. શત્રુંજયની નદીમાં સ્નાન કરનાર ભવ્યાત્મા ગણાય છે.

૧૦. આતીર્થના દર્શનથી સમ્યગ દર્શનની શુદ્ધિ થાય છે.

(સારાવળી પયન્ના)

સાતમો ખંડ

## ગૌરવશાળીઓની ગૌરવ ગાથાઓ

- પૂજ્યવાદિદેવસૂરીએ સાડા ત્રણ લાખ લોકોને જૈન બનાવ્યા હતાં.
- ભરતચક્રીના પાટપરંપરામાં થયેલા સૂર્યયશા અને ચંદ્રયશા નામના રાજાઓ આઠમ અને ચૌદશના પૌષધ કરતાં અને પૌષધના આગલા દિવસે સમસ્ત નગરમાં પડહ વગડાવતાં કે આવતી કાલે પર્વતિથિ છે.
- પહેલાનાં સમયમાં જૈનોની સંસ્થામાં એવો નિયમ હતો કે જે ગામમાં જિનાલય ન હોય ત્યાં ગામના નામ આગળ શ્રી જોડી શકાય નહીં.
- સમ્રાટ અશોકના પુત્ર સંપ્રતિએ કુલ સવાલાખ જિનમંદિરો તથા છત્રીસ હજાર જિર્ણોદ્ધારો કરાવ્યા હતાં.
- આમ રાજાએ ગોવર્ધન પર્વત ઉપર સાડા ત્રણ કરોડ સોનામહોર ખર્ચી જિનાલય બનાવ્યું હતું. તેના મૂળ મંડપમાં સવાલાખ સોનામહોર તથા રંગમડપમાં ૨૧ લાખ સોનામહોર વાપરી હતી.

- દેવિગિરિનું જિનાલય પૂર્ણ થયાંની વધામણી આપનાર માણસને મંત્રીશ્વર પેથડે ત્રણ લાખ ટાંકનું દાન આપ્યું હતું.
- પેથડ મંત્રીએ સાત કરોડ સોનામહોર, વસ્તુપાલે અઢાર કરોડ સોનામહોર અને થરાદના આભુ સંઘવીએ ત્રણ કરોડ સોનામહોર ખરચી શાસ્ત્ર ગ્રંથો લહીયા દ્વારા લખાવ્યા હતા.
- જયારે ખંભાતમાં સ્તંભન પાર્શ્વનાથની મૂર્તિ ચોરાઈ ત્યારે આખું ખંભાત ઉપવાસમાં બેસી ગયું હતું. દરેક ઘરે તપાસ કરતાં સોનીનાં ઘરેથી પ્રતિમાજી મળતાં બધાએ ઉપવાસ છોડયાં હતાં.
- સારંગ શેઠ સુવર્ણ ટંકોની ઝોળી ભરીને ફરતાં, રસ્તે ચાલતાં, દુકાનમાં કે કોઈ પણ ઠેકાણે જે નવકાર મંત્ર બોલે તેને એક સુવર્ણ ટંક આપતાં.
- આચાર્ય શીલભદ્રસૂરીએ બાર વર્ષની ઉંમરમાં દીક્ષા લીધી હતી. તે જ દિવસથી તેમણે છએ વિગઈનો ત્યાગ કર્યો હતો. કહેવાય છે કે મહાતપસ્વીની તપસ્યા ક્યારેય પણ નિષ્ફળ ગઈ નથી. આજ આચાર્યફલ્ગુમિત્ર નામે યુગપ્રધાન  આચાર્ય બન્યાં હતાં.
- કુમારપાળ રાજા દરરોજ 'વીતરાગ સ્તોત્ર' અને યોગ શાસ્ત્રના બત્રીસ પ્રકાશોનું (દાંત બત્રીશ છે માટે) સ્વાધ્યાય કરતાં. આઠમ ચૌદસનો તપ અને પૌષધ વિગરે કરતાં અને સવાર સાંજ સામાયિક-આરતી-દીવો વિગેરે કરતાં હતાં.
- વિ.સ. ૧૨૯માં વીરધવલ રાજાનું મૃત્યુ થયું ત્યારે તેમના વિરહથી ત્રાસી ઉઠેલાં ૧૨૦ માણસો તેમની ભડભડતી ચિતામાં કૂદી પડ્યાં હતાં વધુ જનહાનિ ન થાય માટે સરકારે તુરંત પાકો બંદોબસ્ત કર્યો હતો.
- રાજા ધંધુકા પરમારના શાસનમાં આબુની તળેટીમાં ૪૪૪ જિનમંદિરો, ૯૯૯ શિવાલયો અને ૩૬૦ કરોડપતિઓ વસતા હતાં. આ કરોડપતિઓ હંમેશા વારાફરતી આબુના જિનાલયોમાં પૂજા ભણાવતાં. જે કોઈ નવો આગંતુક આવે તેને એક જ દિવસમાં ધનાઢ્યબનાવતાં.

- આચાર્ય શાન્તિસૂરીજીએ પોતાના જીવનકાળમાં ૪૧૫ રાજકુમારોને જૈન ધર્મી બનાવ્યા હતાં અને ૭૦૦ શ્રીમાળી કુટુંબોને મૃત્યુનાં મુખમાંથી બચાવી જૈન ધર્મના દૃઢ અનુરાગીબનાવ્યા હતાં.
- જગડુ શાહે કુલ આઠ અબજ અને સાડા છ કરોડ મણ અનાજનું દાન આપ્યું હતું. જ્યારે આ દાનવીર મૃત્યુ પામ્યા એ વખતે દિલ્લીના શાહે ભર સભામાં મુગટ ઉતાર્યો હતો. સિંધપતિએ બે દિવસ અન્નપાણી ત્યાગ્યા હતા. રાજા અર્જુનદેવ પુષ્કળ રડ્યાં હતા.
- જ્યારે હેમચંદ્રચાર્યનો અગ્નિસંસ્કાર થયો ત્યારે હજારો લોકો એકત્રિત થયાં અને રાખ લેવા માટે એટલી પડાપડી થઈ કે ત્યાંથી લોકો માટી ઉઠાવવા લાગ્યા તેથી ત્યાં મોટો ખાડો પડી ગયો. તેનું નામ હેમખાડ પડી ગયું.
- ચોરાસીહજાર સોનામહોર વાપરીને તૈયાર કરાવેલો નવો મહેલ પૂ. વાદિદેવસૂરીજીના ઉપદેશથી શાન્તનૂમંત્રીએ ઉપાશ્રય તરીકે જાહેર કર્યો.
- આચાર્ય પાદલિપ્તસૂરીજી ૧૦ વર્ષની નાની વયમાં આચાર્યપદવી પામ્યા હતા.
- તક્ષશિલામાં ૫૦૦ જિનમંદિરો અને લાખો જૈનોની વસતિ હતી.
- પેથડમંત્રીના ધર્મપત્ની જિનમંદિરે જતી વખતે રોજ સવાશેર સુવર્ણનું દાન કરતાં ત્યારેયાચકોની ભીડ જામતીહતી.
- રાજા વિક્રમે એક કરોડ સોનામહોરથી સિદ્ધસેન દિવાકરસૂરીજીનું ગુરુપૂજન કરેલું.
- આમ રાજાએ સવાકરોડ સોનામહોરથી બપ્પભટ્ટીસૂરીજીનું ગુરુ પૂજન કર્યું હતું. અને તેની આચાર્ય પદવીમાં એક કરોડ સોના મહોર ખરચી હતી.
- શ્રેણીક મહારાજા આવતી ચોવીસીના ત્રીજા આરાના નેવ્યાસી પખવાડીયા વીત્યાં પછી શતદ્વાર નગરમાં સમુચિરાજાની ભદ્રા નામની રાણીની કુખે ઉત્પન્ન થશે. પહેલી નરકમાંથી ચ્યવી ચૈત્ર સુદ તેરસના

દિવસે જ તેમનો જન્મ થશે.શ્રી વીરપ્રભુ અને પદ્મનાભ જિનનું અંતર ૮૪ હજાર વર્ષ ઉપરાંત સાત વર્ષ અને પાંચ માસનું જાણવું. તેમનું નિર્વાણ કલ્યાણક દિવાળીના દિવસે જ થશે.

- પાંચમાં આરામાં આચાર્ય દુપ્પહસૂરીજીના ઉપદેશથી વિમલવાહન રાજા છેલ્લો ઉદ્ધાર શત્રુંજયનો કરાવશે.
- તેજપાલ સોનીએ આચાર્ય હીરસૂરીજીના ઉપદેશથી સં. ૧૯૫૦મા ઘણા જીર્ણ મંદિરોનો શત્રુંજય ઉપર જીર્ણોદ્ધાર કરાવેલ.
- પૂર્વે આદિનાથ પ્રભુના આદેશથી પુંડરિક ગણધરે સવાલાખ શ્લોક પ્રમાણ 'શત્રુંજય મહાત્મ્ય' ગ્રંથ રચ્યો. પછી વીરપ્રભુના ઉપદેશથી સુધર્માસ્વામીએ સંક્ષેપમાં ૨૪૦૦૦ પ્રમાણે શ્લોક રચ્યાં. પછી પૂર્વાચાર્ય ધનેશ્વરસૂરીજીએ નવ હજાર શ્લોકો પ્રમાણ ગ્રંથ ગીર્વાણભાષામાં રચ્યો. એ ગ્રંથ શિલાદિત્ય રાજાના આગ્રહથી વલ્લભીપુરમાં રચાયો હતો.
- આચાર્ય તુલસીજી (તેરાપંથી)એ શત્રુંજયગિરિની પ્રશંસા કરી તેથી તેમના એક ભક્તે દાદાના ચરણમાં મહામૂલ્યવાન એક મણીની ભેટ ધરી જે આજે પણ પેઢીમાં વિદ્યમાન છે.
- શ્રી કૃષ્ણ વાસુદેવ ૧૮,૦૦૦ સાધુઓને વિધિપૂર્વક વંદન કરવાથીં, તીર્થંકરપણું ક્ષાયિક સમક્તિ અને સાતમી નારકી પ્રમાણે કર્મસ્થિતિદલિકને ઓછા કરી ત્રીજી નરક પ્રમાણે કર્યા. એ પ્રમાણે ગુરુવંદનથી ત્રણ લાભો મેળવ્યાં હતાં. (સંબોધસિત્તરી)
- આ છે અકબરની ક્રુરતા-૧. ચિત્તોડનો કિલ્લો સર કરતી વખતે અકબરે લાખો સ્ત્રી પુરુષો અને પશુઓનો સંહાર કર્યા હતો. તે વખતે૭૪॥ મણ જનોઈનો ઢગલો થયેલો. ૨ લાહોરના જંગલમાં ૧ લાખ પશુઓની કતલ કરાવી હતી. ૩. ૧૬૨૦ની સાલમાં ગોંડવાણાની રાણી દુર્ગાવતી સાથે ભયંકર ક્રુરતા આચરી હતી. ૪ શિકાર કરવા માટેના રસાલા તરીકે તેની પાસે પાંચ હજાર પાડા, વીસ હજાર કૂતરાં, વીસ હજાર વાઘરી, ૫૦૦ ચિત્તા, હજારો બાજ પક્ષી તથા શકરા પક્ષીઓ હતાં. ૫. નાનકડી ભૂલનાં કારણે બાર વર્ષના

(નોકરને) અકબરે મહેલની બારીમાંથી બહાર ફેંકી દીધો હતો. જે તરત જ ખોપરી ફાટી જતાં મૃત્યુ પામ્યો હતો. ૬. પોતાની ખુશામત નહીં કરનાર કવિ ગંગને હાથીના પગ તળે કચડાવી નાખ્યો હતો. આવા ક્રૂર અકબરને પૂજ્ય હીરસૂરીશ્વરજીએ સાવ અહિંસક બનાવી દીધો હતો.

- દયાના અવતાર માઘકવિ - એમના પિતાએ પુત્ર માટે ૩૬ હજાર ચરૂ દાટી રાખ્યા હતાં પણ માઘ કવિએ ગરીબોની આગળ બધા ચરુઓ ખાલી કરી દીધા. પછી ભોજ રાજાએ ૪ લાખ સોનામહોર ભેટ આપી તે પણ ટોળે વળેલાં ગરીબોને ભેટ આપી દીધી હતી.
- સુરતના વિખ્યાત ગવૈયા ! આફ્રિકામાં કાર્યક્રમ આપવા ગયા ત્યાંથી ૨૫ હજાર રુપીયા મળ્યાં. સુરત સ્ટેશને યાચકોના ટોળાએ તેમને ઘેરી લીધા. એ વખતે તમામ રકમ યાચકોને આપી દીધી.
- વસ્તુપાલ મંત્રીદરરોજ પાંચસો મુનિઓની ભક્તિનો લાભ લેતાં તદ્‌ઉપરાંત ૧૦૦ યાચકોને ભોજન કરાવતાં.
- રાજાકુમારપાલે જીવનનાં છેલ્લાં ચૌદ વર્ષમાં સાધર્મિક ભક્તિમાં ચૌદ કરોડ સોનામહોર વાપરી હતી.
- વાદિદેવસૂરીજીએ જયારે દિગંબરાચાર્ય ઉપર વિજય મેળ્યો ત્યારે તેમનાં એક ભક્તે ત્રણ લાખ સોના મહોર દીનદુઃખિતોને દાનમાં આપી હતી.
- પેથડ મંત્રીએ ગિરનાર તીર્થને શ્વેતાંબરના કબ્જે કર્યું એ વખતે તે સમયે પડેલાં ભયાનક દુષ્કાળમાં તેમણે કરેલી સાધર્મિક ભક્તિ કારણ હતું.
- રાજા દંડવીર્ય આંગણે આવેલાં તમામ સાધર્મિકો જમી લે પછી જ જમવાની પ્રતિજ્ઞાવાળો હતો. એક વખત ઈન્દ્રે તેની પરીક્ષા કરી. આઠ દિવસ લગાતાર સાધર્મિકો મોકલ્યા તો રાજાએ આઠ દિવસ ઉપવાસ કર્યા. તેથી ઈન્દ્ર પ્રસન્ન થઈ તેમને દિવ્ય-ધનુષ્ય-કુંડલ વગેરે ભેટ આપ્યા હતા.

- દેવગિરિમાં જગસિંહ નામના શેઠપોતાના ૩૬૦ નોકરોને પોતાના જેવા માલદાર બનાવી દીધા. તેથી તે ગામમાં તેમનામાંના એકેક દ્વારા રોજ સાધર્મિક વાત્સલ્ય થતું.રોજનો ખર્ચ ૭૨ ટાંક આવતો.
- થરાદના આભુ સંઘવીએ ૩૬૦ સાધર્મિકોને પોતાના જેવા શ્રીમંત બનાવેલા.
- ખંભાતની સાવ મધ્યમ સ્થિતિની એક શ્રાવિકા ચાર બાળકો માટે આવતું અડધો લિટર દૂધ, મુનિઓના ગામમા પધરામણા થાય ત્યારે બાળકોને આપવાનુ બંધ કરીને મુનિઓને વહોરાવી દેતી અને બાળકોને રાખ પાઈ દેતી.
- સંભવનાથ પ્રભુએ ત્રીજા ભવમાં તીર્થકર નામકર્મ ઉપાર્જન કર્યુ તેમાં મુખ્ય કારણ દુકાળમાં કરેલ સાધર્મિક ભક્તિ.

## પાંચમાં આરામાં પ્રગટ થતાં ત્રીસ બોલ

૧. નગરો ગામડા જેવા થશે.
૨. ગામડાઓ શ્મશાન જેવા થશે.
૩. રાંજા યમદંડ જેવા થશે.
૪. કુટુંબીદાસ સરીખા થશે.
૫. પ્રધાનો લાંચ સરીખા થશે.
૬. સુખીજન નિર્લજ્જ બનશે.
૭. કુળવંતીનારી વેશ્યા જેવી બનશે.
૮. પુત્ર સ્વચ્છંદાચારી થશે.
૯. શિષ્યગુરુને સામે થશે.
૧૦. દુર્જન પુરુષો સુખી થશે.
૧૧. સજ્જન પુરુષ દુઃખી થશે.
૧૨. દેશ દુર્ભિક્ષાક્રાંત થશે.
૧૩. પૃથ્વી દુષ્ટ સત્વાકુલ થશે.
૧૪. બ્રાહ્મણ અસ્વાધ્યાયી અર્થ લુબ્ધ બનશે.
૧૫. શ્રમણ મહાત્મા ગુરુકુળવાસનો ત્યાગ કરશે.

૧૬. યતિ મંદમતિ તથા કષાય યુક્ત બનશે.
૧૭. સમકિત દષ્ટિ દેવ મનુષ્ય અલ્પ બનશે.
૧૮. મનુષ્યને દેવદર્શન નહિ થાય.
૧૯. વિદ્યામંત્ર તથા ઔષધિનો અલ્પ પ્રભાવ થશે.
૨૦. ગોરસકપૂર કસ્તુરી વર્ણાદિહીન થશે.
૨૧. બલ, ધન, આયુ, હીન થશે.
૨૨. માસ કલ્પ યોગ્ય ક્ષેત્ર નહિ રહે.
૨૩. ૧૧ પ્રતિમાનો વિચ્છેદ.
૨૪. આચાર્ય શિષ્યને ભણાવશે નહિ.
૨૫. શિષ્ય કલહ કરનાર થશે.
૨૬. મુંડઘણા શ્રમણ થોડા થશે.
૨૭. આચાર્ય પોતપોતાની સામાચારી પ્રગટાવશે.
૨૮. મ્લેચ્છના રાજ્ય બલવંત થશે.
૨૯. આર્ય દેશના રાજાઓ અલ્પ બળવાળા થશે.
૩૦. મિથ્યાદષ્ટિ દેવ બલવંત થશે.

## અયોધ્યા નગરીનું વર્ણન

- અયોધ્યા'નગરીનું કોટ ૧૨૦૦ ધનુષ ઊંચો અને ૭૦૦ યોજન ધરતીમાં.
- ગઢનો પ્રકાર ૧૦૦ ધનુષ
- કોશીશા ૫૦૦ ધનુષ (કોટના ઉપરનો ભાગ)
- ૪૦૦ પોળ
- ૧,૬૮૦૦૦ બારીઓ
- ૫ યોજન તળેટી
- ૭૨ લાખ કોઠા
- ૯૪ લાખ વિજેહરા
- નાભિરાજા માટે સુવર્ણમય સાત માળનું આવાસ
- ભરત માટે સુવર્ણમય સાત માળનું આવાસ
- એકવીસ માળનું ત્રણે લોકમાં સુંદર સુવર્ણમય ઋષભકુમાર માટેનું આવાસ તેમાં ૧૦૦૮ બારીઓ

- ૯૮ ભાઈઓના ૯૮ આવાસો
- રાણી સુનંદા તથા સુમંગલા માટે રાજવર્ગ જેટલો ગઢ બ્રાહ્મીને શાસ્ત્ર ભંડાર તથા સુંદરીને નવ નિધિઓ સોંપેલી
- ક્ષત્રિયો કારીગરો માટે જુદા જુદા આવાસો

(જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ)

## શ્રીવસ્તુપાળ - તેજપાળના ભવો

- શ્રી વસ્તુપાળનું સ્વર્ગગમન થયું ત્યારથી વર્ધમાનસૂરીએ જીવનભર આયંબિલ કર્યા હતા.
- તેજ વર્ધમાન સૂરી શંખેશ્વર પ્રભુના ધ્યાનમાં કાલધર્મ પામી શંખેશ્વર તીર્થના અધિષ્ઠાયક દેવ થયા.
- હે ભગવાન ! અનુપમા દેવી હાલ ક્યાં છે ? તેજપાલની પત્ની અનુપમાદેવી આજ વિજયમાં જૈનકુળમાં શેઠની પુત્રી થઈ છે. આઠ વર્ષે સંયમ સ્વીકારી ઘનઘાતી કર્મનો નાશ થવાથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. અત્યારે દેવતાઓથી વંદિત કેવળીની પર્ષદામાં બેઠેલા છે. દેશોન્યૂન પૂર્વ કોટિ વર્ષ પર્યંત સંયમપાળી ચાર અઘાતી કર્મનો નાશ કરી મોક્ષે જશે.
- હે ભગવાન ! તેજપાલનો જીવ મોક્ષે ક્યારે જવાનો ? તેજપાલ મંત્રી અહીંથી ચ્યવી પહેલા દેવલોકમાં જશે. અને ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવમાં ચારે પ્રકારના ધર્મની આરાધના કરી ચોથે ભવે મોક્ષે જશે.

(પ્રભાવક ચરિત્ર)

## ચોવીસે જિનના પાંચે કલ્યાણકો

| | ચ્યવન કલ્યાણક | જન્મ કલ્યાણક | દીક્ષા કલ્યાણક | કેવળજ્ઞાન કલ્યાણક | નિર્વાણ કલ્યાણક |
|---|---|---|---|---|---|
| ૧ | જેઠવદ-૪ | ફાગણવદ-૮ | ફાગણવદ-૮ | મહાવદ-૧૧ | પોષવદ-૧ |
| ૨ | વૈશાખસુદ-૧૩ | મહાસુદ-૮ | મહાસુદ-૯ | પોષસુદ-૧૧ | ચૈત્રસુદ-૫ |
| ૩ | ફાગણસુદ-૧૩ | માગસરસુદ-૧૪ | માગસરસુદ-૧૫ | આસોવદ-૫ | ચૈત્રસુદ-૫ |
| ૪ | વૈશાખસુદ-૪ | મહાસુદ-૨ | મહાસુદ-૧૨ | પોષસુદ-૧૪ | વૈશાખસુદ-૮ |
| ૫ | શ્રાવણસુદ-૨ | વૈશાખસુદ-૮ | ફાગણવદ-૯ | ચૈત્રસુદ-૧૧ | ચૈત્રસુદ-૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | પોષવદ-૬ | આસોવદ-૧૨ | આસોવદ-૧૩ | ચૈત્રસુદ-૧૫ | કારતકવદ-૧૧ |
| ૭ | શ્રાવણવદ-૧૨ | જયેષ્ઠસુદ-૧૨ | જયેષ્ઠસુદ-૧૩ | મહાવદ-૩ | મહાવદ-૭ |
| ૮ | ફાગણવદ-૫ | માગશરવદ-૧૨ | માગશરવદ-૧૩ | મહાવદ-૭ | શ્રાવણવદ-૭ |
| ૯ | મહાવદ-૯ | કારતકવદ-૫ | કારતકવદ-૬ | કારતકવદ-૩ | કારતકવદ-૬ |
| ૧૦ | ચૈત્રવદ-૬ | પોષવદ-૧૨ | પોષવદ-૧૨ | માગશરવદ-૧૪ | ચૈત્રવદ-૨ |
| ૧૧ | વૈશાખવદ-૩ | મહાવદ-૧૨ | મહાવદ-૧૩ | પોષવદ-૩ | અષાઢવદ-૩ |
| ૧૨ | જેઠસુદ-૬ | મહાવદ-૧૪ | મહાવદ-૧ | મહાસુદ-૨ | અષાઢસુદ-૧૪ |
| ૧૩ | વૈશાખસુદ-૭ | મહાસુદ-૩ | મહાસુદ-૪ | પોષસુદ-૬ | જેઠવદ-૭ |
| ૧૪ | અષાઢવદ-૭ | ચૈત્રવદ-૧૩ | ચૈત્રવદ-૧૪ | ચૈત્રવદ-૧૪ | ચૈત્રસુદ-૫ |
| ૧૫ | વૈશાખસુદ-૭ | મહાસુદ-૩ | મહાસુદ-૧૩ | પોષસુદ-૧૫ | જેઠસુદ-૫ |
| ૧૬ | શ્રાવણવદ-૭ | વૈશાખવદ-૧૪ | ચૈત્રવદ-૧૪ | ચૈત્રવદ-૧૪ | ચૈત્રસુદ-૫ |
| ૧૭ | અષાઢવદ-૯ | ચૈત્રવદ-૧૪ | ચૈત્રવદ-૫ | ચૈત્રસુદ-૧૧ | ફાગણસુદ-૧૨ |
| ૧૮ | ફાગણસુદ-૨ | કારતકવદ-૧૦ | માગશરસુદ-૧૧ | કારતકસુદ-૧૨ | માગશરસુદ-૧૦ |
| ૧૯ | ફાગણસુદ-૪ | માગશરસુદ-૧૧ | માગશરસુદ-૧૧ | માગશરદસુદ-૧૧ | ફાગણસુદ-૧૨ |
| ૨૦ | શ્રાવણસુદ-૧૫ | વૈશાખવદ-૮ | ફાગણસુદ-૧૨ | મહાવદ-૧૨ | વૈશાખવદ-૯ |
| ૨૧ | આસોસુદ-૧૫ | અષાઢવદ-૮ | જેઠવદ-૯ | માગશરસુદ-૧૧ | ચૈત્રવદ-૧૦ |
| ૨૨ | આસોવદ-૧૨ | શ્રાવણસુદ-૫ | શ્રાવણસુદ-૬ | ભાદરવાવદ-૦)) | અષાઢસુદ-૮ |
| ૨૩ | ફાગણવદ-૪ | માગશરવદ-૧૦ | માગશરવદ-૧૧ | ફાગણવદ-૪ | શ્રાવણસુદ-૮ |
| ૨૪ | અષાઢસુદ-૬ | ચૈત્રસુદ-૧૩ | કાતરકવદ-૧૦ | વૈશાખસુદ-૧૦ | આસોવદ-૦)) |

## આમરાજાની પૌષધશાળા

- ગોપગિરિના આમ રાજાએ ગુરુભક્તિ નિમિત્તે એક મહાન ઉપાશ્રય બનાવેલ જેમાં ૧૦૦૦ થાંભલા હતા. ત્રણ મુખ્ય મોટા દરવાજાઓ હતા. વિશાળ વ્યાખ્યાન મંડપ હતો. એમાંએક મોટી ઘંટા બાંધી હતી તે જયોતિષમણીઓથી શોભતી હતી. ચંદ્રકાન્ત મણિઓથી તેનું તળીયું બાંધેલુ હતું. તે વખતનાતેમાં ત્રણ લાખ દ્રવ્ય ખર્ચ થયેલા.
- કેશી ગણધરનું પરદેશીરાજાએ ઘણાં આડંબર પૂર્વક સામૈયુ કરેલું જેમાં અપાર દ્રવ્ય વાપરેલ.
- શ્રી હેમચંદ્રચાર્યની કુમારપાલ ૧૦૮ સુવર્ણ કમળો દ્વારા નિત્ય પૂજા કરતા હતા.

- વાદિદેવ સૂરીની મલ્લશ્રેષ્ઠિએ ૫૦,૦૦૦ દ્રવ્યથી પૂજા કરી હતી.
- વાદિવેતાલ શાન્તિસૂરીશ્વરજીની પૂજા ધારાનગરીના લઘુ ભોજ રાજાએ ૧૨,૬૦,૦૦૦ દ્રવ્યથી કરી હતી. જેમાંથી ગુરુની પ્રેરણાથી ૧૨ લાખ દ્રવ્યથી માળવામાં જિનચૈત્ય બંધાવ્યુ તથા ૬૦ હજાર દ્રવ્યથી થરાદમાં ચૈત્યની દેવકુલિકાઓ બંધાવી હતી.
- કુમારપાલ રાજા દરરોજ હેમચંદ્રાચાર્યને દ્વાદશાવર્ત વંદન કરીને પછી સર્વ સાધુઓને વંદન કરતા.
- તથા પ્રતિદિવસે ૧૮૦૦ સાધર્મીઓને ધર્મોપકરણ આપતા.

## પ્રભુની વધામણી લાવી આપનારને દાન

પોતાના નગર પ્રત્યે તીર્થંરોનું આગમન થાય એ વખતે તેની વધામણી લાવી આપનારને.

| | | |
|---|---|---|
| ચક્રવર્તી | - | સાડા બાર લાખ વૃત્તિદાન અને સાડા બાર કરોડના સોના મહોર પ્રીતિદાન આપે છે. |
| વાસુદેવ | - | સાડા બાર લાખ વૃત્તિદાન અને સાડાબાર લાખ રૂપિયા પ્રીતિદાન આપે છે. |
| મહારાજાઓ | - | સાડા બાર હજાર વૃત્તિદાન અને સાડા બાર લાખ રૂપિયા પ્રીતિદાન આપે છે. |
| | | નગર શેઠ, મંત્રી સેનાપતિ વિગેરે પોતાના વૈભવ પ્રમાણે દાન અવશ્ય આપે. |

(આવશ્યકનિયુક્તિ)

## પ્રભુનો પ્રમાદકાળ

**ઋષભદેવ પ્રભુનો** છદ્મસ્થ અવસ્થામાં પ્રમાદકાળ અહોરાત્ર વીરપ્રભુનો છદ્મસ્થ અવસ્થામાં પ્રમાદકાળ અહોરાત્ર બાકીના તીર્થંકરોને પ્રમાદકાળનો અભાવ જાણવો.

## હરિવંશ ઉત્પત્તિ

શ્રી શીતલનાથના શાસનમાં પૂર્વભવ સંબંધી વૈરીદેવે હરિવર્ષના યુગલિયાને ત્યાંથી લાવીને આ ભરતેક્ષત્રમાં બેસાડ્યા ત્યાંથી હરિવંશની ઉત્પત્તિ થઈ.

## વીતરાગની વિશિષ્ટતા

- ઋષભાદિ આઠ જિનવરોને પ્રથમ ભિક્ષા આપનારા તેજ ભવમાં મોક્ષ પામ્યા. બાકીના નવથી સોલ જીનવરોને પ્રથમ ભિક્ષા આપનારા તેજ ભવમાં અથવા ત્રીજા ભવમાં મોક્ષમા ગયા વા જશે.
- ત્રેવીશ જિનેશ્વરોને દિવસના પૂર્વભાગના પ્રથમ પહોરમા કેવલજ્ઞાન પ્રગટ થયું. અને વીરપ્રભુને પશ્ચિમ ભાગમાં છેલ્લા પહોરમા કેવળજ્ઞાન પ્રગટ થયું.
- પ્રભને દાન આપતી વખતે આપનાર ને ઘેર થતાં પાંચ દિવ્ય ૧) પુષ્પોની વૃષ્ટિ ૨) સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ, ૩) વસ્ત્રની વૃષ્ટિ, ૪) દેવોએ કરેલ દુંદુભિનાદ, ૫) અહો ? સુદાન ત્રણવાર ઘોષણા
- ઋષભદેવ પ્રભુના તીર્થમાં ઉત્કૃષ્ટતપ-બાર માસ બેથી બાવીશ પ્રભુના તીર્થમાં ઉત્કૃષ્ટ તપ-આઠ માસ વીરપ્રભુના શાસનમાં ઉત્કૃષ્ટ તપ - ૭ માસ
- ચૌદ પૂર્વની પ્રવૃત્તિનો કાળનો ઋષભદેવથી કુંથુનાથ સુધીના શાસનમાં પૂર્વની પ્રવૃત્તિ અસંખ્યાતકાળ (તથા વિચ્છેદ પણ અસંખ્યાતકાળ)
- અરનાથથી પાર્શ્વનાથના શાસનમાં પૂર્વની પ્રવૃત્તિ સંખ્યાત કાળ (તથા વિચ્છેદ પણ સંખ્યાત કાળ)
- વીરપ્રભુના શાસનમાં પૂર્વની પ્રવૃત્તિ ૧૦૦૦ વર્ષ (તથા વિચ્છેદ ૨૦,૦૦૦ વર્ષ)

(સપ્તતિશતસ્થાન પ્રકરણ)

## ભાવિ તીર્થંકરો

- શ્રી ઋષભદેવના તીર્થમાં મરીચી નામે પ્રભુનો પૌત્ર શ્રી મહાવીરનો જીવ પ્રસિદ્ધ થયો.
- સુપાર્શ્વનાથના તીર્થમાં શ્રી વર્મારાજનો જીવ પ્રગટ થયો
- શીતલનાથના તીર્થમાં શ્રીકેતુ, ત્રિપૃષ્ઠ, મરૂભૂતિ, અમિતતેજ અને ધન નામે જીવો પ્રગટ હતા.
- શ્રી મુનિ સુવ્રત સ્વામીના શાસનમાં રાવણ તથા નારદ ઋષિએ ભાવિ જિનના જીવો હતા.
- નેમિજિનના શાસનમાં શ્રી કૃષ્ણ ભાવિ જિન તરીકે પ્રગટ થયા.
- શ્રી પાર્શ્વનાથના તીર્થમાં અંબડ, સત્યકિ અને આનંદ ભાવિ જિનના જીવો પ્રગટ થયા.
- શ્રી વીરપ્રભુના શાસનમાં શ્રેણિક, સુપાર્શ્વ, પોટ્ટિલ, ઉદાયિ, શંખ, દઢાયુ, શતક, રેવતી અનેસુલસા નવ જીવોએ તીર્થંકર નામ કર્મ બાંધ્યું.

(સપ્તતિ શત સ્થાન પ્રકરણ)

## હોળીનું પ્રાયશ્ચિત

| | | |
|---|---|---|
| ૧. | ગુલાલ ઉડાવવાથી | ૧૦ ઉપવાસ |
| ૨ | એક પાણીનો ઘડો નાખવાથી | ૧૦ ઉપવાસ |
| ૩ | મૂત્ર નાંખે તો | ૫૦ ઉપવાસ |
| ૪. | એક છાણું નાંખે તો | ૨૫ ઉપવાસ |
| ૫. | ગાળ બોલે તો | ૧૫ ઉપવાસ |
| ૬. | અસભ્ય ગીત ગાય તો | ૧૫૦ ઉપવાસ |
| ૭. | વાંજિત્ર નગારા વગાડે તો | ૭૦ ઉપવાસ |
| ૮. | લાકડા નાંખે તો | ૨૦ ઉપવાસ |
| ૯. | હાર નાંખે તો | ૧૦૦ વાર બળી મરવું પડે |
| ૧૦ | શ્રીફળ નાંખે તો | ૧૦૦૦ વાર બળી મરવું પડે |
| ૧૧. | સોપારી નાંખે તો | ૫૦ વાર બળી મરવું પડે |

| | | |
|---|---|---|
| ૧૨. | ધૂળ નાંખે તો | ૨૫ વાર બળી મરવું પડે |
| ૧૩ | ખાડો ખોદે તો | ૧૦૦ વાર બળી મરવું પડે |
| ૧૪ | સળગાવવાથી | ૧૦૦૦ વાર ચાંડાલ કુળમાં જન્મે |
| ૧૫ | વ્રત કરે તો | ૧૦૦૦ વાર મલેચ્છ કુળમાં જન્મ થાય |

## મંગલચૈત્ય

શ્રાવકના ઘરમાં દ્વાર ઉપર કાષ્ટના મધ્યભાગમાં જિનપ્રતિમા હોવી જોઈએ. તેને મંગલ ચૈત્ય કહેવાય. મથુરા નગરીમા દરેક ઘરમાં દ્વાર ઉપર જિનપ્રતિમા સ્થાપન કરવામાં આવતી.

(પ્રવચન-સારોદ્ધાર)

માત્ર એકજવાર મધુબિંદુનું ભક્ષણ કરવાથી સાતગામ બાળ્યા જેટલું પાપ લાગે. (ઉપદેશ - પ્રસાદ)

## શ્રેણિક રાજાનો પરિવાર

| | ૨૩ પત્નીઓ | ૨૩ પુત્રો | પુત્રનો દીક્ષાપર્યાય | ક્યાં ઉત્પન્ન થયાં |
|---|---|---|---|---|
| ૧. | નંદા | જાળી | ૧૬ વર્ષ | વિજય વિમાનમાં |
| ૨. | નંદમતિ | મયાળી | ૧૬ વર્ષ | વૈજયત વિમાનમા |
| ૩. | નંદોત્તરા | ઉવયાળી | ૧૬ વર્ષ | જયંત વિમાનમાં |
| ૪. | નંદસેના | પુરુષસેન | ૧૬ વર્ષ | અપરાજિત વિમાનમાં |
| ૫. | મહત્તા | વારિષેણ | ૧૬ વર્ષ | સર્વાર્થસિદ્ધ વિમાનમાં |
| ૬. | સુમુરુતા | દીર્ઘદંત | ૧૬ વર્ષ | સર્વાર્થસિદ્ધ વિમાનમાં |
| ૭. | મહામરુતા | બષ્ટદંત | ૧૨ વર્ષ | સર્વાર્થસિદ્ધ વિમાનમાં |
| ૮. | મરૂદેવા | વિઠલ | ૧૨ વર્ષ | અપરાજિત વિમાનમાં |
| ૯. | ભદ્રા | વહેરા | ૫ વર્ષ | જયંત વિમાનમાં |
| ૧૦. | સુભદ્રા | અભયકુમાર | ૫ વર્ષ | વિજય વિમાનમાં |
| ૧૧. | સુજાતા | દીર્ઘસેન | ૧૬ વર્ષ | વિજય વિમાનમાં |
| ૧૨. | સુમનાતીતા | મહાસેન | ૧૬વર્ષ | વિજય વિમાનમાં |
| ૧૩. | ભુતદિન્ના | બષ્ટદંત | ૧૬ વર્ષ | વૈજયંત વિમાનમાં |
| ૧૪ | કાળી | ગૂઢદંત | ૧૬ વર્ષ | વૈજયંત વિમાનમાં |
| ૧૫. | સુકાળી | શુદ્ધદંત | ૧૬ વર્ષ | જયંત વિમાનમાં |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | મહાકાળી | હળ | ૧૬ વર્ષ | જયંત વિમાનમાં |
| ૧૭ | કૃષ્ણા | દ્રુ | ૧૬ વર્ષ | અપરાજિત વિમાનમાં |
| ૧૮. | મહાકૃષ્ણા | દ્રુમસેન | ૧૬ વર્ષ | અપરાજિત વિમાનમાં |
| ૧૯. | વીરકૃષ્ણા | મહાદ્રુમસેન | ૧૬ વર્ષ | સર્વાર્થસિદ્ધ વિમાનમાં |
| ૨૦. | રામકૃષ્ણા | સિંહ | ૧૬ વર્ષ | સર્વાર્થસિદ્ધ વિમાનમાં |
| ૨૧. | પિતૃસેનકૃષ્ણા | સિંહસેન | ૧૬ વર્ષ | સર્વાર્થસિદ્ધ વિમાનમાં |
| ૨૨. | રામસેનકૃષ્ણા | મહાસિંહસેન | ૧૬ વર્ષ | સર્વાર્થસિદ્ધ વિમાનમાં |
| ૨૩. | ચેલ્લણા | પર્હાસેન | ૧૬ વર્ષ | સર્વાર્થસિદ્ધ વિમાનમાં |

(અનુત્તરોવવાઈ)

## આવતી ચોવીશીના તીર્થંકરો હાલ ક્યાં છે ?

| | કોણ | ક્યાં છે ? | | કોણ | ક્યાં છે ? |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રેણિકરાજા | પહેલી નરકમાં | ૧૩ | સત્યકિવિદ્યાધર | નરકમાં |
| ૨ | સુપાર્શ્વ | ભવનપતિમાં | ૧૪ | બળદેવ | છઠ્ઠો દેવલોક |
| ૩ | ઉદયન | ભવનપતિમાં | ૧૫ | સુલસાશ્રાવિકા | પાંચમાં દેવલોક |
| ૪ | પોટ્ટિલ મુનિ | ચોથા દેવલોકે | ૧૬ | રોહિણી | બીજા દેવલોક |
| ૫ | દઢાયુ શ્રાવક | બીજા દેવલોકે | ૧૭ | રેવતી | બારમાં દેવલોકે |
| ૬ | કાર્તિક શેઠ | પહેલા દેવલોકે | ૧૮ | શતાલી શ્રાવક | આઠમાં દેવલોકે |
| ૭ | શંખ શ્રાવક | બારમાં દેવલોકે | ૧૯ | દ્વિપાયન | અગ્નિકુમાર ભવને |
| ૮ | આનંદ શ્રાવક | પહલા દેવલોકે | ૨૦ | કર્ણરાજા | છઠ્ઠી નરકે |
| ૯ | સુનંદા | પાંચમાં દેવલોકે | ૨૧ | નારદજી | પાંચમાં દેવલોકે |
| ૧૦ | શતક શ્રાવક | ત્રીજી નરકમાં | ૨૨ | અંબડ શ્રાવક | નવમાં દેવલોકે |
| ૧૧ | દેવકી | આઠમાં દેવલોકે | ૨૩ | અમર શ્રાવક | નવમાં ગૈવેયકે |
| ૧૨ | કૃષ્ણ મહારાજા | ત્રીજી નરકે | ૨૪ | સ્વાતિ બુદ્ધિ | સર્વાર્થસિદ્ધ વિમાનમાં |

## નિગોદ જીવોના ભવો

- એક શ્વાસોચ્છ્વાસમાં - ૧૭ ઝાઝેરા ભવો કરે.
- એક મુહૂર્તમાં - ૬૫,૫૩૬ ભવો કરે.
- એક દિવસમાં - ૧૯,૬૬૦૮૦ ભવો કરે.

- એક માસમાં - ૫૮,૯૮,૨૪૦૦ ભવો કરે.
- એક વર્ષમાં - ૭૦,૭૭,૮૮,૭૦૦ ભાવો કરે.

## જાણવા જેવું

- ભરત મહારાજાએ પોતાનાં ૫૦૦ પુત્રો અને ૭૦૦ પૌત્રૌને દીક્ષા અપાવેલી.
- શ્રી કૃષ્ણ મહારાજા અને ચેટક મહારાજાને એવો નિયમ હતો કે પોતાની સંતતિને પરણાવવી નહીં. પોતાની પુત્રીઓ તથા થાવચ્ચા આદિને પણ દીક્ષા અપાવી હતી.
- નળરાજાનો ભાઈ કુબેરનો પુત્ર નવો જ પરણેલો હોવા છતાં જ્ઞાનીના વચને સ્વ-આયુષ્ય નવપહોર બાકી જાણી સંયમ અંગીકાર કરી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયો.
- ગુણવર્મા રાજાના ૧૭ પુત્રોએ ભેગાં મળીને ૧૭ પ્રકારી પૂજામાંથી થતા એકેક પૂજા કરી. જેના પ્રભાવે ૧૭ પુત્રો તેજ ભવે મોક્ષ પામ્યા.

## બાળ બન્યા સૂરીપુરંદર

- હેમચંદ્રાચાર્ય - પાંચ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
- આનંદવિમલસૂરિ - પાંચ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
- વિજયસેનસૂરી - નવ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
- વિજયદેવસૂરી - નવ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
- સોમસુંદરસૂરી - સાત વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
- વિજયાનંદસૂરી - નવ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
- વિજયપ્રભસૂરી - નવ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
- મુનિસુંદરસૂરી - સાત વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
- બપ્પભટ્ટિસૂરી - સાત વર્ષની ઉમરે સંયમ ગ્રહણ કરેલ.

(જૈન પરંપરા કા ઇતિહાસ)

**ભાગ-૧ સમાપ્ત**

# અમારાં અન્ય પ્રકાશનો




Serving JinShasan
198124
gyanmandir@kobatirth.org

**શ્રી પારસ-ગંગા જ્ઞાન મંદિર** ◄ **પ્રાપ્તિસ્થાન**

બી-૧૦૩,૧૦૪, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પિટલની સામે, શાહીબાગ, અમદાવાદ-૪.

ફોન ૨૨૮૬૦૨૪૭ મો. ૯૪૨૬૫૩૯૦૭૬ (રાજેન્દ્રભાઈ)

NAVNEET PRINTERS M. 98252 61177